૩૫૪

# ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે ગ્રામસભાની સત્તા, અધિકારો, ફરજો, ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્વ અંગે મોજણી અભ્યાસ

અહેવાલ લેખન :
ડૉ. રેખાબહેન મહેતા

સંપાદન :
ડૉ. સિદ્ધરાજ સોલંકી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૨૦૦૦-૨૦૦૧

૩૫૮

# ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે ગ્રામસભાની સત્તા, અધિકારો, ફરજો, ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્ત્વ અંગે મોજણી અભ્યાસ

અહેવાલ લેખન :
ડૉ. રેખાબહેન મહેતા

સંપાદન :
ડૉ. સિદ્ધરાજ સોલંકી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૨૦૦૦-૨૦૦૧

૩૫૮

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | પૂર્વ ભૂમિકા | ૧ |
| ૨. | ૭૩મો બંધારણીય સુધારો અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ | ૧૪ |
| ૩. | ગ્રામસભાનો અર્થ, સત્તા, અધિકારો, ફરજો તેમજ ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્વ | ૨૦ |
| ૪. | ઉત્તરદાતાઓ (ગ્રામજનોની) સામાજિક-આર્થિક પરિસ્થિતિ | ૨૮ |
| ૫. | ઉત્તરદાતાઓ (ગ્રામપંચાયતના સભ્યો)ની સામાજિક-આર્થિક પરિસ્થિતિ. | ૭૪ |
| ૬. | ગ્રામસભા અંગે ઉત્તરદાતાઓ (ગ્રામ પંચાયતના સભ્યો) ના અભિપ્રાયા. | ૧૧૫ |
| ૭. | ગ્રામસભા અંગે ઉત્તરદાતાઓ (ગ્રામજનો)ના અભિપ્રાયો | ૧૬૨ |
| ૮. | તારણો અને સૂચનો | ૧૯૪ |

## પ્રકરણ - ૧

# પૂર્વ ભૂમિકા

## પ્રકરણ - ૧

# પૂર્વ ભૂમિકા

**પ્રસ્તાવના :**

આધુનિક યુગ લોકશાહીનો યુગ છે. આ લોકશાહીમાં દેશના તમામ નાગરિકોને રંગ, ધર્મ, લિંગ અને પ્રદેશના ભેદભાવ વગર મતાધિકાર દ્વારા રાજકારણમાં સક્રિય રીતે ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ થાય અને આમ જનતામાંથી નીચલામાં નીચલા વર્ગને પણ સત્તાનો ઉપભોગ કરવા માટેની તક મળે એ માટે પંચાયતીરાજ ગ્રામીણ સ્તરની રાજનૈતિક વ્યવસ્થા છે. એટલે કે દેશનો દરેક નાગરિક રાજનૈતિક પ્રક્રિયામાં સહભાગી થઈ શકે તે માટે ભારતીય બંધારણમાં ૭૩મા બંધારણીય સુધારા દ્વારા આ માટે જોગવાઈ કરવામાં આવીછે. આ રીતે સમાજના છેલ્લામાં છેલ્લા માણસને પોતાનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ કરવાની તક મળે છે. ગ્રામપંચાયત વર્ષોથી વિકાસલક્ષી કાર્યો કરતી આવી છે. આજે પણ સરકારના વિકાસલક્ષી કાર્યક્રમમાં ગ્રામપંચાયતોને સાંકળવામાં આવી છે. તાજેતરમાં ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે પધારેલા અમેરિકી રાષ્ટ્પ્રમુખ ક્લિન્ટન રાજસ્થાનના નાયલા ગામની પંચાયતના મહેમાન બન્યા હતા અને ત્યાંના ગ્રામજનો સાથે રૂબરૂ મુલાકાત લઈ વાતચીત કરી હતી. દુનિયાના વિવિધ પ્રાંતોમાં જ્યારે જાતિ અને રંગભેદના પ્રશ્ને લડાઈઓ થઈ રહી છે ત્યારે રાજસ્થાનના નાના ગામમાં સામાજિક ભેદભાવ વગર મહિલાઓ, દલિતો અને અન્ય લોકો ગામ વિકાસનાં કામોમાં સાથે બેઠેલા જોઈ એમણેભારતની પંચાયતી રાજ વ્યવસ્થાના વિચારની ભારોભાર પ્રશંસા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે,“જ્યાં મહિલાઓનું આ પ્રકારે સન્માન થતું હોય તે દેશ પછાત કઈ રીતે હોઈ શકે ? ” ક્લિન્ટનની મુલાકાતથી નાયલા ગામ દેશના નકશા પર જરૂર ચમક્યુ. એથી વધુ તો પંચાયતીરાજ વ્યવસ્થા અને લોકશાહીના સિદ્ધાંતોની અમેરિકી રાષ્ટ્રપ્રમુખે નોંધ લીધી તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. (‘પંચાયત જગત’માંથી સાભાર)

ગ્રામપંચાયતો આપણી વ્યવસ્થામાં ભૂતકાળથી જ એક મહત્વના અવયવ તરીકે રહેલી છે. ભારતમાં હજારો વર્ષથી પંચાયતીરાજની આ વ્યવસ્થા કોઈને કોઈ સ્વરૂપમાં અસ્તિત્વમાં રહેલી છે. ભૂતકાળથી પંચાયતીરાજ વ્યવસ્થાના દાખલા આપણને વાલ્મિકી રામાયણ, મહાભારત તેમજ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જોવા મળે છે. ટૂંકમાં પંચાયતીરાજનો ખ્યાલ આપણા માટે નવો નથી. આપણા દેશમાં પ્રાચીનકાળથી શરૂ કરીને અંગ્રેજો આવ્યા ત્યાં સુધી પંચાયત વ્યવસ્થા એક યા બીજા સ્વરૂપ કામ કરતી હતી. પ્રાચીન ભારતમાં ગામડામાં પંચાયતોનું મહત્વનું સ્થાન અને આગવો દરજ્જો હતો. ગામડામાં શૂરવીર અને

શાણા માણસોની પંચાયત બનતી. પંચાયત કરવેરા ઉઘરાવવાનું, ગામમાં કોઈ વિવાદ કે ઝઘડો થાય તો ન્યાય તોળવાનું અને ગામ લોકોની સુખાકારી જળવાય તે જોવાનું કામ કરતી. **શ્રી હીરાલાલ શાહ તેમના પુસ્તક "પંચાયતીરાજ"**માં જણાવે છે કે, દ્રવિડ લોકોની જૂની ગ્રામવ્યવસ્થા અને આર્યોના નવા વિચારોના સમન્વયવાળી ગ્રામવ્યવસ્થા હિંદમાં વિકસી હતી.ગામો લગભગ સ્વતંત્રતા ભોગવતાં હતાં અને ચૂંટાયેલી પંચાયતો તેનો વહીવટ ચલાવતી હતી. "મનુસ્મૃતિ"માં ગ્રામસંઘો વિષે તેમજ "જાતક કથાઓ"માં ગ્રામસભા એટલે સ્થાનીક ગ્રામજનોની સભા વિષે ઉલ્લેખ છે, કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવેલ છે કે શહેર,કસબાઓ અને ગામડાંના ઘટકોમાં ઠીક ઠીક પ્રમાણમાં સ્થાનિક સ્વરાજય હતું અને ચૂંટાયેલા વડીલો આ સ્થાનિક વહીવટ સંભાળતા. આ સ્થાનિક સ્વરાજયને લોકો મહામુલી વસ્તુ લેખતા અને કોઈ રાજા અથવા સમ્રાટ ભાગ્યેજ તેમાં દરમિયાનગીરી કરતો. દસમા સૈકા દરમિયાન રચાયેલા શુક્રાચાર્યના 'નીતિસાર' નામના ગ્રંથમાં જણાવાયું છે કે, ગ્રામપંચાયત પાસે વહીવટ તેમજ ન્યાયની સત્તા સારા પ્રમાણમાં હતી અને તેના સભ્યો સાથે રાજાના અમલદારો ઘણી અદબથી વર્તતા. ગામની જમીનની વહેંચણી પંચાયત કરતી. પાકેલા પાકનોરાજભાગ પણ એજ ઉઘરાવતી અને ગામની વતી તે સરકારને પહોંચાડતી.

"ગ્રામપંચાયતના સભ્યોની ચૂંટણી કેવી રીતે થતી અને તેમની લાયકાત તેમજ ગેરલાયકાત શી હતી એવિશે દક્ષિણ હિંદના કેટલાક લેખો પરથી આપણને માહિતી મળે છે. જુદી જુદી સમિતિઓ પણ ચૂંટવામાં આવતી અને સ્ત્રીઓ પણ તેની સભ્ય થઈ શકતી. એ સમિતિઓની ચૂંટણ દર વર્ષે કરવામાં આવતી. કોઈ સભ્ય ગેરવ્યાજબી વર્તન કરે તો તેને કાઢી મૂકવામાં આવતો. કોઈ સભ્ય પ્રજાના નાણાંનો હિસાબ આપવામાં નિષ્ફળ નીવડે તો તે પંચાયતના સભ્ય તરીકે રહેવાને નાલાયક ઠરતો."

ભારત ખેતીપ્રધાન તેમજ ગ્રામપ્રધાન દેશ છે. વસ્તીના લગભગ ૮૦ ટકા લોકો ગામડાઓમાં વસે છે. મહાત્મા ગાંધીએ પણ કહેલું કે મારું ભારત અસંખ્ય ગામડાઓમાં વસેલું છે. પ્રાચીન ભારતથી ગામડું વહીવટી તંત્રનું સૌથી પાયાનું એકમ રહેલું છે. ગ્રામીણ સમાજનો સર્વાંગી વિકાસ થાય તે મૂળભૂત રીતે પંચાયતી રાજનો પાયો છે.

પંચાયતીરાજ વ્યવસ્થામાં રાજયના વિસ્તારને વહીવટી સરળતા ખાતર નાના- નાના પ્રાદેશિક વિભાગમાં વિભાજિત કરી નાખવામાં આવે છે. આ દરેક વિભાગના કાર્યોનો વહીવટ જે સંસ્થા કરતી હોય તેને પંચાયતીરાજની સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે. આગળ જોયુ તે મુજબ પ્રાચીનકાળથી આપણાં દેશના ગામડાંઓનો વહીવટ પંચાયત દ્વારા ચાલતો "પંચ ત્યાં પરમશ્વર" એ ઉક્તિ આપણા દેશમાં પ્રખ્યાત છે. ગામના પાંચ ડાહ્યા માણસો ગામનો કારભાર ચલાવે, તેનો વિકાસ કરે અને ન્યાય આપવાનું કામ કરે. શ્રમદાન

દ્વારા કૂવા, રસ્તા, તળાવ સમારતાં, ધર્મશાળા મંદિર તેમજ શાળાઓ ઊભી કરતાં. ગામનું રક્ષણ અને ચોકી ગામના લોકો જ કરતાં. આ બધી પરંપરાઓ આપણા દેશમાં પ્રાચીનકાળમાં પ્રવર્તતી હતી. પ્રાચીન અને મધ્યકાલીન યુગમાં ભારતમાં વિદેશીઓના આક્રમણ થતાં રહેતાં તેમજ એકબીજા રાજ્યો વચ્ચે યુદ્ધ થતાં. તે બધા વચ્ચે પણ ગામડાં ટકી રહેતાં. પંચાયતની પરંપરાગત પ્રથાને કારણે આપણા ગામડાં અને સંસ્કૃતિ જળવાઈ રહ્યા. ગવર્નર જનરલ ચાર્લ્સ મેટકાફે ગ્રામપંચાયતના વિષે નોંધ્યુ છે કે, "ભારતની ગ્રામપંચાયતો નાનાં નાનાં પ્રજાતંત્રો છે તે પોતાની જરૂરિયાતની બધીજ વસ્તુઓ પેદા કરી લે છે. તે બહારના સંબંધોથી અલિપ્ત છે, યુદ્ધના વાવાઝોડા વખતે જયાં બીજી કોઈ વસ્તુ ટકી નથી ત્યાં ગ્રામપંચાતો કાર્ય કરી રહી હોય તેમ જણાય છે. તેમાંદરેક પંચાયત સ્વતંત્ર છે અને સ્વાયત્ત રાજ્ય સમાન છે, ગામડાંની સુખ-શાંતિ સ્વાયત્તતા અને તેની સ્વતંત્રતા મહદ્અંશે આવી પંચાયતોને આભારી છે."

પ્રાચીન સમયથી ભારતમાં ગામડું પોતાની જરૂરિયાત માટે પોતાના પગ પર ઊભું રહેતું. રાજાઓ બદલાતા તા `પણ ગ્રામજીવનની અખંડિતતા રહેતી. રસ્તા અને વાહનવ્યવહારના અભાવે ગામડાંઓ બહારની વિશાળ દુનિયાના સંપર્કમાં જ આવ્યા ન હતા. ઓછી જરૂરિયાત, સાદું જીવન, સ્વાવલંબીતા, કૃષિસંસ્કૃતિની પ્રધાનતા વગેરે કારણે સૈકાઓ સુધી પરંપરા ચાલુ રહી, પરિણામે નવી હવા, નવી ચેતના, નવા વિચાર કે પ્રગતિ ન આવ્યાં. જૂનું રૂઢિગત જીવન ચાલુ રહ્યું. પંડિત જવાહરલાલ નહેરૂએ તેમના પુસ્તક "જગતના ઈતિહાસનું રેખાદર્શન"માં આ અંગે ચર્ચા કરતાં જણાવ્યું છે કે ગામડાંને જેટલી સ્થાનિક સ્વતંત્રતા અને સ્વાયત્તતા હતી તે બહુ સારી બાબત હતી. પણ એ પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ પ્રત્ય દુર્લક્ષ્ય સેવવું એ બરાબરનથી. બાકીની દુનિયાથી અલગ એવું એક સ્વાયત્ત ગ્રામજીવન પ્રગતિને અનુકૂળ નહોતું. જે વ્યક્તિ કે સમૂહ પોતાનામાં જ રત રહે તે સ્વાર્થી અને સંકુચિત મનનો થવાનો પૂરો સંભવ છે. એથી જ ઘણાં સારાં હોવા છતાં ગ્રામપંચાયતો સ્થાપવા ગ્રામસમાજો પ્રગતિનાં કેન્દ્રો ન બની શક્યાં.

બ્રિટીશ અમલમાં પંચાયતોની સ્વાયત્તતા લગભગ અદશ્ય થઈ ગઈ. ૧૯૦૭માં રોયલ કમિશનના અહેવાલમાં નોંધ કરવામાં આવી છે કે,"પહેલાં આ ગામડાંને મોટા પ્રમાણમાં સ્વાયત્તતા હતી. પણ સ્થાનિક દીવાની અને ફોજદારી અદાલતો અત્યારની મહેસુલી અને પોલીસ વ્યવસ્થાથી, વાહનવ્યવહારનાવધારાથી,વ્યક્તિ-સ્વાતંત્ર્યના વિકાસથી અને મહેસૂલી રૈયતવાળી પદ્ધતિ દાખલ થવાથી એ સ્વાત્તતા હવે અદશ્ય થઈ ગઈ છે.

પંચાયતી વ્યવસ્થાને કારણે લોકોમાં ગ્રામ સ્વાવલંબન અને ગ્રામ સ્વરાજની ભાવના વિકસી. પરંતુ એથી રાષ્ટ્રીય ભાવનાને પોષણ મળ્યું નહિ. પોતાના ગામના રક્ષણની કાળજી

લેનારા ગામ તથા ધર્મની રક્ષા માટે મરી ફીટનારા ગ્રામવાસીઓ દેશ પર થયેલા આક્રમણની ચિંતા કરી શકતા નથી. દેશમાં અંગ્રેજી શાસન કાયમી થતાંની સાથે જ પરદેશી શાસકોએ પોતાની સત્તા મજબૂત કરવાના આશયથી આપણી પંચાયતી વ્યવસ્થાનો ગણતરીપૂર્વક નાશ કર્યો. સમય જતાં દેશમાં જાગૃત થતી જતી સ્વરાજ્યની ભાવનાને અંશતઃ સંતોષવાના આશયથી સ્થાનિક સ્વરાજ્યના અંગ તરીકે એ જ હકૂમત દ્વારા દેશના કેટલાંક પ્રાંતોમાં પંચાયતની પુનઃસ્થાપના થઈ.

૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા. એમણે જણાવ્યું કે, "ભારત એક રીતે પ્રજાસત્તાક દેશ રહ્યો છે અને તેના મૂળમાં ગ્રામપંચાયતો છે." તેમણે પરદેશી શાસનને દૂર કરવા માટે સ્વાધીનતાની લડતનાં મંડાણ કર્યા. સાથે સાથે એમણે દેશની સમક્ષ સ્વાધીન ભારત અંગેનું ચિત્ર સ્પષ્ટ કરવા માંડયું. ગ્રામસ્વરાજ્યને એમણે સ્વાધીન ભારતનો પાયો ગણાવ્યો, અને દરેક ગામ સંપૂર્ણપણે પ્રજાસત્તાક હોવું જોઈએ એમ તેઓ માનતા હતા. ગાંધીજીની ગ્રામસ્વરાજ્યની કલ્પનામાં હંમેશા ગામડું કેન્દ્રસ્થાને રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા જાળવતા હોય, બહુજન સમાજની શક્તિઓ અને તેનું કલ્યાણ થાય તેવું કરવું હોય તો સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જ જોઈએ તેમ તેઓ સ્પષ્ટ માનતા હતા. પંચાયતોને જેટલી વધુ સત્તા સોંપાશે તેટલું પ્રજાનું ભલું થશે તેમ તેઓ માનતા હતા. આમ ગાંધીજી અને સ્વરાજ એ બેશબ્દો એકબીજાની સાથે એવી રીતે સંકળાયેલા છે કે ગ્રામ સ્વરાજની વાત કરીએ ત્યારે ગાંધીજીને ભૂલી શકાતા નથી.

ગ્રામ સ્વરાજ અંગે ગાંધીજીએ જણાવ્યુ હતુ કે, મારા સ્વપ્નનું સ્વરાજ એ ગરીબનું સ્વરાજ છે. ધનિષ્ઠ વર્ગ જીવનમાં જે સગવડોનો ઉપયોગ કરે છે તે સામાન્ય વ્યક્તિને પણ સુલભ હોવી જોઈએ. પરંતુ તેનો અર્થ એવો નથી કે ગરીબોને પણ મહેલો હોવા જોઈએ, પરંતુ ધનિકવર્ગ ભોગવતો હોય એવી જીવનની બધી સામાન્ય સગવડો તેમને મળવી જોઈએ અને ત્યાં સુધી એ પૂર્ણ સ્વરાજ બનતું નથી.

"મારા સ્વપ્નના સ્વરાજમાં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાને નથી, તેમ જ તે ભણેલાનો કે ધનિકનો ઈજારો નહીં હોય. સ્વરાજ બધાને માટે હશે. બધામાં ખેડૂતો અને ખાસ કરીને અપંગ, ભૂખે મરતા કરોડો મહેનતુ લોકોનો સમાવેશ થાય છે."

ગાંધીજીએ પોતાના છેલ્લા દિવસો દરમ્યાન પણ વારંવાર કહ્યું કે મજબુત પંચાયતો જ ભારતના નવનિર્માણને શક્ય બનાવશે. આપણો દેશ સંપૂર્ણ લોકશાહી હોવા છતાં આઝાદીના ૫૦ વર્ષબાદ આપણે ગાંધીજીના સ્વરાજના સ્વપ્નને કુટલું સિદ્ધ કરી શક્યા છીએ તે એક વિચારવાની બાબત છે. જો કે ૭૩મો બંધારણીય સુધારો આ દિશામાં એક નોંધપાત્ર પહેલ છે તે આપણે આગળના (હવે પછીના) પ્રકરણમાં જોઈશું.

જોકે આઝાદી મળ્યાની સાથે લોકશાહીના પાયા ઉપર ઘડવામાં આવેલાં આપણાં બંધારણમાં ગ્રામસ્વરાજયની સંસ્થા તરીકે પંચાયતનું મહત્વ સ્વીકારવામાં આવ્યું. તેને પરિણામે દેશના મોટાભાગના રાજયોમાં ગામેગામ પંચાયત અને વિકાસના કાર્યક્રમોને ખૂબ વેગ મળ્યો. આપણા બંધારણમાં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ ૪૦માં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે, "ગ્રામપંચાયતોની રચના કરવા તેમજ જરૂરી સત્તા અને અધિકારો આપી સમગ્ર રીતે સ્વરાજયના પાયાના એકમ તરીકે કાર્યશીલ કરવાના પગલાં લેવાની ફરજ થશે." દેશના વિકાસ માટે અનેક મોટી યોજનાઓ અને મહત્વના કાર્યો હાથ ધરવામાં આવ્યાં. પરંતુ દેશની કરોડરજ્જુ સમાન આપણાં અસંખ્ય ગામડાંઓનો વિકાસ ન થાય ત્યાં સુધી મહાકાય અને મોટી લેખાતી વિકાસ યોજનાઓનોકશો અર્થ નથી. આ અસંખ્ય ગામડાઓના વિકાસ અર્થે દેશભરમાં સામુહિક વિકાસ યોજનાનો મોટી ધામધૂમ સાથે પ્રારંભ કરવામાં આવ્યો. થોડો વખત દેશભરમાં ગામડાંઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પરંતુ વખત જતાં ક્રાંતિકારી લેખાતી સામૂહિક વિકાસ યોજના વહીવટી ઢાંચાઓમાં અટવાવા લાગી, લોકોનો ઉત્સાહ ઓસરવા લાગ્યો, કારણ ગ્રામ સ્વરાજયની પાયાની સંસ્થા પંચાયતને ભૂલી જવામાં આવી હતી.

**પંચાયતી રાજનું મહત્વ :**

ગામડાંના વિકાસ અર્થે હાથ ધરવામાં આવેલી આ સામુહિક વિકાસ યોજનામાં લોકોને સાચા અર્થમાં ભાગીદાર બનાવવા માટે રાજય સરકારમાં કેન્દ્રિત થયેલ સત્તા તેમજ વહીવટનું વિકેન્દ્રીકરણ કરી કેવળ ગ્રામકક્ષાએ જ નહિ પણ ગ્રામકક્ષાથી માંડીને જિલ્લાકક્ષા સુધી લોકશાહી માળખાનું નિર્માણ કરવાનું કેવળ આવશ્યક જ નહીં પણ અનિવાર્ય જણાયું અને આ માળખું એ પંચાયતીરાજ. પંચાયતીરાજ એ આપણે આગળ જોયું તેમ કોઈ નવો પ્રયોગ નથી. પરંતુ પંચાયતી ભાવના અને વિચાર ઉપર આધારિત અને સહજ સ્વાભાવિક ક્રમમાં વિકસેલો એવો લોકશાહી વિકેન્દ્રીકરણનો નક્કર કાર્યક્રમ છે. દેશના ઝડપી વિકાસ માટે અને નૂતન સમાજની રચના માટે સમાજવાદનો કાર્યક્રમ સ્વતંત્ર ભારતમાં સ્વીકારવામાં આવ્યો છે. તેના એક ભાગરૂપે પણ પંચાયતીરાજનું મહત્વ વધી જાય છે.

**પંચાયતીરાજની શરૂઆત :**

વિકાસ યોજનાઓ કઈ રીતે કાર્યક્ષમ અને અસરકારક બને તેની વિચારણા કરી ઉપાય સૂચવવા માટે ઈ.સ. ૧૯૫૬માં શ્રી ગોવિંદ વલ્લભ પંતના અધ્યક્ષપદે એક સિમિતની રચના કરવામાં આવી. આ સમિતિ દ્વારા શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષપદેએક પેટા સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિનું મુખ્ય કામ ગ્રામકક્ષાએ વિકાસ યોજનાઓ કઈ રીતે સફળ થાય તે વિષે રચનાત્મક સૂચનો કરવાનું હતું. આ સમિતિના સભ્યોએ

સમગ્ર દેશનો પ્રવાસ કરીને સામૂહિક વિકાસ યોજનાઓ અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજનાઓના કાર્યો અને કાર્યપદ્ધતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. તેમના નિરીક્ષણમાં સ્પષ્ટ દેખાયું કે સામૂહિક વિકાસ કાર્યોમાં જોઈએ તેટલા પ્રમાણમાં લોકો સહકાર આપતા નથી.લોકો દ્વારા જે વિકાસ થવો જોઈએ તે થતો નથી. જે લોકો માટે કાર્યક્રમો કે યોજનાઓ ગોઠવવામાં આવ્યા છે તે લોકોને તેનો પૂરેપૂરો લાભ મળતો નથી. જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વહીવટીતંત્રનું માળખું પુનરર્ચના માગી લે છે. સમિતિએ આ બધાનો સર્વગ્રાહી વિચાર કર્યો. અને સને ૧૯૫૭ના  નવેમ્બરમાં એક અભ્યાસપૂર્ણ અહેવાલ રજૂ કર્યો. શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોમાં 'લોકશાહી વિકેન્દ્રીકરણ'ના કેટલાંક મૂળભૂત અનેપાયાના સિદ્ધાંતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમિતિએ સૂચવ્યું હતું કે વિકાસ કાર્યક્રમોમાં જનતાને સર્વાંશે ભાગ લેતી કરવી હોય તો ગ્રામકક્ષાએ યોજનાએ તૈયાર કરી,એને અમલી બનાવવા માટે જરૂરી સત્તા અનેસાધનો જેની પાસે છે, એવા લોકેએ પોતે લોકશાહી રીતે રચેલી સંસ્થાઓને જ તમામ જવાબદારીઓ સોંપી દેવી જોઈએ.

શ્રી બળવંતરાય મહેતા સમિતિના અહેવાલે દેશ સમક્ષ વહીવટીતંત્રમાં આમૂલ પરિવર્તન સૂચવતો લોકશાહી વિકેન્દ્રીકરણનો એક ક્રાંતિકારી કાર્યક્રમ રજૂ કર્યો. વિકાસકામોમાં કરકસર અને કાર્યક્ષમતા સાધવાના ઉદેશથી રાષ્ટ્રના નવનિર્માણના કામોમાં લોકોનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરવાની ઉત્કંઠાથી તેમજ સામાન્ય વહીવટ અને વિકાસની કામગીરી જિલ્લા કક્ષાએ અને એના નીચેના સ્તરે પાયાની લોકશાહી સંસ્થાઓ સંભાળી શકે તેવું વહીવટીતંત્ર ઊભું કરી આપવાની શુભ ભાવનાથી "પંચાયતીરાજ" દાખલ કરવાની ભલામણ થઈ, સમિતિના તારણો અને ભલામણોને ૧૯૫૮માં નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલે બહાલી આપી. "લોકશાહી વિકેન્દ્રીકરણ" જેવા ભારેખમ શબ્દને બદલે પ્રચલિત "પંચાયતીરાજ" શબ્દ નહેરુએ વાપર્યો. પંડિત જવાહરલાલ નહેરુએ પંચાયતોને અસરકારક બનાવવા ઉપર ભાર મૂક્યો ત્યારથી "પંચાયતીરાજ" શબ્દ પ્રચલિત થયો.

આમ સમગ્ર રીતે જોતાં પંચાયતીરાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ અથવા તો લોકશાહી માર્ગે સામૂહિક વિકાસનાં કાર્યો કરતી સ્વાયત્ત સંસ્થા એમ કહી શકાય. આ રીતેવિચારીએ તો પંચાયતીરાજના વિચારને ચોક્કસ સ્વરૂપ આપવાનું કામ ૧૯૫૭માં નિમાયેલા બળવંતરાય મહેતા સમિતિએ કરેલ ભલામણોનાં અનુસંધાનમાં થયું છે. દેશભરમાં સૌ પ્રથમ રાજસ્થાનમાં ૧૯૫૯ના ઓક્ટોબરમાં પંચાયતીરાજની શરૂઆત થઈ. ૧૯૫૯ના નવેમ્બરથી આંધ્રપ્રદેશ અને ૧૯૬૨ના મે માસથી મહારાષ્ટ્રમાં પંચાયતીરાજ અમલમાં આવ્યું.

ગુજરાતનો પંચાયતી કાયદો બીજાં રાજ્યોના પંચાયત કાયદાઓની તુલનાએ વિશિષ્ટ કહી શકાય તેવો હતો. સત્તા અને વહીવટ લોકશાહી રીતે વિકેન્દ્રિત કરી ગુજરાતમાં

પંચાયતીરાજની શુભ શરૂઆત તા.૧-૫-૬૩ના રોજ કરવામાં આવી હતી. રાજ્યની સો ટકા મહેસુલી આવક ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ સ્વરૂપે આપનાર ગુજરાત ત્યારે દેશભરમાં એકમાત્ર રાજય હતું. દરેક પંચાયતને તાલીમ પામેલ પંચાયત મંત્રીની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી. સમાજના નબળા વર્ગો માટે ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિઓ ફરજિયાત રચવામાં આવી. ગ્રામીણ પ્રજાને ઘર આંગણે સરળ અને ઝડપી ન્યાય મળે તે હેતુથી સમાધાનપંચ અને ન્યાયપંચાયતની જોગવાઈ કરાઈ. તેમજ પંચાયતીરાજનો લોકભિમુખ વહીવટ, વિકાસ કામોમાં પ્રજાનો સક્રિય સહકાર અને સામેલગીરી તેમજ પંચાયત કાયદાની કેટલીક વિશિષ્ટ જોગવાઈઓને કારણે ગુજરાતનું પંચાયતીરાજ દેશભરમાં દષ્ટાંતરૂપ બન્યું.

પંચાયતીરાજની રચનાથી ભારતની ગ્રામીણ પ્રજામાં ભારે ઉત્સાહ પ્રગટયો. ઘરઆંગણે જાણે સ્વરાજગંગા આવી એવો આનંદ થયો. નવું ગ્રામ નેતૃત્વ ઊભરી આવ્યું.પ્રજાએ સ્વેચ્છાએ આપેલા લોકફાળમાંથી વિકાસના કાર્યક્રમ થવા લાગ્યા. ગામડામાં જાગૃતિ અને નવચેતના આવ્યા.

૧૯૬૦-૬૮ દરમ્યાન પંચાયતીરાજે સારો વિકાસ કર્યો. ગામડામાં પાણી, રસ્તા, નિશાળના ઓરડા, આરોગ્યસેવા વગેરે માટે લોકો ધારાસભ્ય કે સંસદસભ્યને બદલે પંચાયતી રાજ્ય સંસ્થાઓના હોદેદારો અનેઅધિકારીઓને મળી પ્રશ્નો ઉકેલતા થયાં. પંચાયતીરાજના પ્રથમ દસકામાં ગુજરાતમાં સંખ્યાબંધ વિકાસ કામો થયાં. તે પ્રત્યેક સમગ્ર દેશનું ધ્યાન દોરાયું.

૧૯૬૮થી '૭૭ દરમ્યાન કેટલીક રાજ્ય સરકારોએ પંચાયતીરાજ સંસ્થાઓ પ્રત્યે ઓરમાયુ વલણ દાખવ્યું. પંચાયતોને આપેલા અધિકારો પાછા ખેંચ્યા. ચૂંટણી ન કરી, ૧૯૭૦ પછી ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક સિવાયનો રાજ્યોમાં પંચાયતરાજ માત્ર કાગળ પર જ રહ્યું હતુ.

૧૯૭૮માં કેન્દ્ર સરકારે નીમેલી અશોક મહેતા સમિતિએ રાજ્ય બંધારણમાં સુધારો કરી પંચાયતીરાજ સંસ્થાઓને વૈધાનિક દરજ્જો, નિયમિત સાધનો, ચોક્કસ કાર્યક્ષેત્ર,જરૂરી અધિકારો આપવા ભલામણ કરી. અખિલ હિંદ પંચાયત પરિષદની માગણી તરફ કોઈએ ધ્યાન આપ્યું નહિ.

**૭૩મો બંધારણીય સુધારો :**

રાજીવ ગાંધીએ રાજ્યબંધારણમાં સુધારો કરી પંચાયતરાજને વૈધાનિક દરજ્જો આપવા માટે ૧૫મે, ૧૯૮૯ના રોજ બંધારણના ૧૪મા સુધારાનું બિલ લોકસભામાં રજૂ

કર્યું. રાજ્યસભામાં એ પસાર ન થઈ શક્યું. લોકસભાની ચૂંટણીઓ પછી નેશનલ ફ્રન્ટ સત્તા પર આવ્યો. વી.પી. સિંહ વડાપ્રધાન થયા અને બંધારણમાં ૭૩મા સુધારાનું બિલ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૯૦ના રોજ દાખલ કરવામાં આવ્યું. ૯ નવેમ્બર, ૧૯૯૦ના રોજ વી.પી. સિંહ વડાપ્રધાન મટી જતાં એ બિલની ચર્ચા ન થઈ.

નરસિંહરાવની સરકારે સપ્ટેમ્બર ૧૯૯૧માં લોકસભામાં ફરી એ બિલ રજૂ કર્યું. લોકસભા અને રાજ્યસભાએ તેને બહાલી આપી. અર્ધા રાજ્યોની વિધાનસભાઓએ તેને ટેકો આપ્યો. રાષ્ટ્રપતિએ તેને મંજૂરી આપી. એટલે રાજ્ય બંધારણના ૭૩મા સુધારાનો કાયદો તા.૨૪-૪-૯૩ના રોજ અમલમાં મુકાયો છે.

દેશભરમાં ગ્રામવિસ્તારોમાં પંચાયતીરાજની સંસ્થાઓની અચૂક રચના કરવામાં આવે. તેમને વૈધાનિક દરજ્જો તથા મોભો પ્રાપ્ત થાય તેમજ ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે પંચાયતીરાજની સંસ્થાઓને પૂરતા અધિકારો, સત્તાઓ, સાધનો ઉપલબ્ધ બને, પંચાયતીરાજની સંસ્થાઓ સાતત્ય, નિશ્ચિતતા અને સામર્થ્ય ભોગવે તેમજ ગ્રામવિસ્તારોના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની સ્થાપના કરવા સક્ષમ અને સમર્થ બને એ પંચાયત કાયદાનો ઉદ્દેશ છે અને તેના અમલમાં લોકો સક્રિય રીતે ભાગીદાર બની શકે તે હેતુથી કેન્દ્ર સરકારે રાજ્ય બંધારણની ૭૩મી કલમમાં સુધારો કરી ઐતિહાસિક પગલું ભર્યું છે.

ઉપરોક્ત સુધારાથી દરેક રાજ્યે પોતાના પંચાયત કાયદામાં કેટલીક જોગવાઈઓ ફરજિયાત કરવાની છે. પણ કેટલીક જોગવાઈઓ રાજ્યની વિધાનસભાએ કરવાની છૂટઆપવામાં આવી છે. તા.૨૪-૪-૯૪ પહેલાં દરેક રાજ્યે પોતાને ત્યાં પંચાયત કાયદો પસાર કરી અમલમાં મૂક્યો છે. સ્વ. રાજીવ ગાંધીએ પંચાયતીરાજ સુધારા બિલ રજૂ કર્યું ત્યારે "પાવર ટુ ધ પીપલ" શબ્દ આપ્યો હતો.

પંચાયતીરાજ આપણા દેશમાં લોકશાહીને ગ્રામવિસ્તારોમાં વિસ્તૃત અને સુદૃઢ બનાવવાનું એક સાધન છે તે એક હકીકત છે. આધુનિક સમયમાં પંચાયતીરાજ વ્યવસ્થા લગભગ દરેક રાજ્ય માટેકાયમી જેવી બની ગઈ છે. એટલું નહીં પણ આ સંસ્થાઓ આધુનિક સમયમાં સમાજવાદી સમાજરચનાની દિશામાં પણ ઉપયોગી બની રહી છે તે વાતનો સ્વીકાર કરવો જરૂરી બને છે.

લેનીને કહ્યું છે કે, "મોટા સમૂહને રાજકારણમાં ખેંચવા માટે મહિલાઓને પણ રાજકારણમાં લાવવી જરૂરી છે. મનુષ્યજાતિનું અર્ધું અંગ મહિલાઓ મૂડીવાદમાં ઘરના કામના બોજ તળે કચડાઈ રહી છે."

આ સામાજિક હકીકત ભારત દેશે બીજા દેશો કરતા વહેલી સમજીને તેના માટે સદ્ધર પગલોા લીધા અને મહિલાઓ માટે રાજકારણમાં (પંચાયતોમાં) ૩૩ ટકા બેઠકો

અનામત રાખવામાં બંધારણમાં ઘટતો સુધારો કર્યો. ભારતના રાજકીય ઈતિહાસમાં આ એક ક્રાંતિકારી અને પ્રસંશનીય પગલું છે. આને લીધે દેશભરમાં એક મૂકક્રાંતિ શરૂ થઈ. આટલી બધી મહિલાઓને એક સાથે પ્રથમ વખત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળે છે. ભારતના રાજકારણમાં તેમજ સમાજજીવનમાં આના ઊંડા પ્રત્યાઘાતો પડશે. આ સુધારો ખરેખર આવકારવા જેવો છે. કારણ આપણા પરંપરાગત સમાજમાં મહિલાઓના પૂરા સાથ સહકાર અને ભાગ લેવાની પ્રતિક્રિયા વગરની લોકશાહીનો કોઈ અર્થ રહેતો નથી.

૭૩મા બંધારણીય સુધારાને કારણે ગ્રામસભા ભરવાનું દરેક ગામમાં ફરજિયાત બન્યું છે. ભારત સરકારે ૧૯૯૯-૨૦૦૦ વર્ષને ગ્રામસભા વર્ષ ઉજવે છે. આ સંદર્ભમાં વિકાસ કમિશ્નર, ગાંધીનગર તરફથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે ગ્રામસભાની સત્તા, અધિકારો, ફરજો, ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્વ અંગે એકે મોજણી અભ્યાસ કરવાનું કેન્દ્રને સૂચવવામાં આવેલ છે. આ અભ્યાસનું ક્ષેત્ર, હેતુઓ તેમજ સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ નીચે મુજબ છે.

**અભ્યાસનું ક્ષેત્ર :**

સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ આવી જાય તે રીતે અભ્યાસ માટેના નીચે મુજબના જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા છે.

(૧) દક્ષિણ ગુજરાતવલસાડ જિલ્લા અને નવસારી જિલ્લો.

(૨) મધ્ય ગુજરાત વડોદરા જિલ્લો

(૩) ઉત્તર ગુજરાત સાબરકાંઠા જિલ્લા

(૪) સૌરાષ્ટ્રજૂનાગઢ જિલ્લો

(૫) કચ્છ કચ્છ જિલ્લો

**નોંધ :** નવસારી હવે એક અલગ જિલ્લો છે અને વાંસદા તેમાં આવતુ હોવાથી તેને અભ્યાસમાં છઠ્ઠા જિલ્લા તરીકે ગણાવો.

આમ કુલ જિલ્લા પસંદ કરવામાં આવ્યા. દરેક જિલ્લાના બે તાલુકા અભ્યાસ માટે લીધા છે અને દરેક તાલુકાના પાંચ પાંચ ગામ અભ્યાસ માટે પસંદ કરેલ છે. આ તાલુકા અને તેના ગામો નીચે મુજબ છે. વલસાડ જિલ્લાના વલસાડ અને વાંસદા તાલુકા પસંદ કરેલા પણ હવે નવસારી અલગ જિલ્લો થવાથી વલસાડમાંથી એક અને નવસારીમાંથી એક તાલુકો અભ્યાસ માટે લીધો છે. તાલુકાની પસંદગીમાં એક આદિવાસી વસતિ ધરાવતો તાલુકો અને એક બિન આદિવાસી વસતિ ધરાવતો તાલુકો એમ પસંદગી કરેલી છે.

(૧) વલસાડ અને નવસારી જિલ્લો :

| વલસાડ તાલુકો | વાંસદા તાલુકો |
| --- | --- |
| (૧) અબ્રામ | (૧) વાડીચૌડા |
| (૨) મરલા | (૨) ઘોડમાળ |
| (૩) રોણવેલ | (૩) કેળિયા |
| (૪) તીથલ | (૪) કાવડેજ |
| (૫) પારડી પારનેરા | (૫) પીપલમેડ |

(૨) વડોદરા જિલ્લો

| વડોદરા તાલુકો | છોટાઉદેપુર તાલુકો |
| --- | --- |
| (૧) છાણી | (૧) રોનવાડ |
| (૨) દશરથ | (૨) ઘેલવાંટ |
| (૩) સાકરદા | (૩) ઘંઘોડા |
| (૪) ફાજલપુર | (૪) સીંગળા |
| (૫) ઉંડેરા | (૫) ગાબડીયા |

(૩) કચ્છ જિલ્લો

| માંડવી તાલુકો | ભૂજ તાલુકો |
| --- | --- |
| (૧) મોટોબામજા | (૧) ભૂજોડી |
| (૨) મોટી રામણ | (૨) દેશલપુર |
| (૩) ભીંખરા | (૩) છછલા |
| (૪) દુર્ગાપુર | (૪) વડાસર |
| (૫) જનકપુર | (૫) ગોળપર |

(૪) સાબરકાંઠા જિલ્લો

| હિમંતનગર તાલુકો | ખેડબ્રહ્મા તાલુકો |
| --- | --- |
| (૧) પુરાલ | (૧) લક્ષ્મીપુરા |
| (૨) બાવસર | (૨) કલોલ |

| | |
|---|---|
| (૩) હડિયેલ | (૩) પોશિના |
| (૪) તખતગઢ | (૪) કાજાવાસ |
| (૫) નિકોડા | (૫) આંબામહુડા |

(૫) **જૂનાગઢ જિલ્લો**

| **વંથલી તાલુકો** | **તલાલા તાલુકો** |
|---|---|
| (૧) બડવાડા | (૧) વાડલા |
| (૨) રવની | (૨) વીરપુર |
| (૩) ધંધુસર | (૩) બોરવાવ |
| (૪) બાલોટ | (૪) સમરેસી |
| (૫) નવલખી | (૫) ગણીયાવાડ |

ઉપર મુજબના ગામો અભ્યાસ માટે લીધા તે દરેક ગામમાંથી પાંચ ગ્રામપંચાયતના સભ્યો તેમજ પાંચ ગ્રામજનોને ઉત્તરદાતા તરીકે લીધા છે. જેમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, બક્ષીપંચ તેમજ જનરલ એમ દરેકનું પ્રતિનિધિત્વ આવી જાય તે રીતે ઉત્તરદાતા પસંદ કરેલા. આમ કુલ ૫૦ ગામોમાંથી ૧૦૦ ઉત્તરદાતા લીધા હતા. ક્ષેત્રકાર્ય દરમ્યાન આ ઉત્તરદાતાઓને રૂબરૂ મળીને ગ્રામસભા અંગે માહિતી મેળવવામાં આવી છે.

**અભ્યાસના હેતુઓ :**

ભારત સરકાર ૧૯૯૯-૨૦૦૦ના વર્ષને ગ્રામસભા વર્ષ તરીકે ઉજવે છે એ નિમિત્તે વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર તરફથી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ગ્રામસભા અંગેનો મોજણી અભ્યાસ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ છે.આ અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

(૧) રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ગ્રામસભા ખરેખર ભરાય છે કે કેમ ? તે તપાસવું.

(૨) કેટલાક ગામોમાં ગ્રામસભા નથી મળતી. તો શા માટે નથી મળતી તેના કારણો જાણી ઉપાયો સૂચવવામાં આવશે.

(૩) ગ્રામજનોમાં ગ્રામસભા પરત્વે જાગૃતિ છે કે કેમ તે તપાસવું. તેઓ ગ્રામસભામાં જાય છે કે નહિ તે તપાસવું.

(૪) ગ્રામસભા પણ ગ્રામજનોની અપેક્ષા સંતોષી શકે છે કે કેમ ? તે તપાસી અને એક પાયાની સંસ્થા તરીકે તેના દ્વારા કઈ રીતે કામ લઈ શકાય તે જાણવામાં આવશે.

(૫) ગ્રામસભામાં મહિલાઓ ભાગ લે છે કે કેમ ? તે તપાસવું.

(૬) ગ્રામજનો વધુને વધુ ગ્રામસભામાં ભાગ લેતા થાય તે માટે સૂચનો મેળવવા.

**અભ્યાસની પદ્ધતિઓ અને પ્રવિધિઓ :**

પ્રસ્તુત અભ્યાસમાં દ્વૈતિયક માહીતી (Secondary Data) માટે ગ્રંથાલયનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પંચાયતીરાજ તેમજ ૭૩મા બંધારણીય સુધારા અંગે તેમજ અભ્યાસના જિલ્લાઓના તાલુકા તેમજ ગામો અંગે વસતિ ગણતરીના અહેવાલો વગેરેને લગતું સાહિત્ય મેળવીને તેમનું વાંચન કરી વિષય અંગેની જાણકારી પ્રાપ્ત કરી.

પ્રાથમિક વિગતો (Primary Data) માટે ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિનો ઉપયોગ કરી માહીતી એકત્રિત કરવામાં આવી છે. ગ્રામસભામાં ગ્રામજનોની ભાગીદારી કેવી છે તેમજ મહિલાઓ ગ્રામસભામાં આવે છે કે કેમ એ અંગે કેટલાક ગામોમાં ગ્રામસભાની બેઠકોમાં હાજર રહી પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા માહિતી મેળવી તેમજ કેટલાક અધિકારીઓ, ગ્રામપંચાયતના સભ્યો તેમજ ગ્રામજનોની રૂબરૂ મુલાકાત લઈ ગ્રામસભા અંગે માહિતી મેળવવામાં આવી છે.

આ રીતે જુદી જદી સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે.

**પ્રકરણીકરણ :**

ગ્રામસભા અંગેના સમગ્ર અભ્યાસને નીચે મુજબ કુલ આઠ પ્રકરણોમાં રજૂ કરવામાં આવ્યો છે.

**પ્રથમ પ્રકરણમાં** પંચાયતી રાજની ઐતિહાસિક પૂર્વ ભૂમિકા આપવામાં આવી છે. તે સાથે પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર કયું છે તેમજ ઉત્તરદાતાઓ કેટલા અને કોને પસંદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આ અભ્યાસના હેતુઓ તેમજઅભ્યાસની પદ્ધતિઓ તેમજ પ્રવિધિઓ વિષે ચર્ચા કરવામાં આવી છે. સમગ્ર અભ્યાસને કેટલા અને ક્યા ક્યા પ્રકરણોમાં વહેંચવામાં આવેલ છે તેની ચર્ચા પણ આ પ્રથમ પ્રકરણમાં કરવામાં આવી છે. અંતમાં આ અભ્યાસનું મહત્વ દર્શાવવામાં આવેલ છે.

**પ્રકરણ બીજામાં** ૭૩મા બંધારણીય સુધારા તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

**પ્રકરણ ત્રીજામાં** ગ્રામસભાનો અર્થ તેમજ ગ્રામસભાની સત્તા, અધિકારો અને ફરજોતેમજ ગ્રામસભાનું મહત્વ જણાવવામાં આવેલ છે.

**પ્રકરણ ચોથું** ઉત્તરદાતાઓની (ગ્રામજનોની) સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિ વિષે છે.

**પ્રકરણ પાંચમામાં** ઉત્તરદાતાઓ (ગ્રામપંચાયતના સભ્યો)ની સામાજિક, આર્થિક પરિસ્થિત વિષે છે.

**પ્રકરણ છઠ્ઠામાં** ગ્રામસભા અંગેના ગ્રામપંચાયતના સભ્યોના અભિપ્રાયો કોઠાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા છે.

**પ્રકરણ સાતમાં** ગ્રામસભા અંગે ગ્રામજનોના અભિપ્રાયો  કોઠા દ્વારા રજૂ કર્યા છે.

છેલ્લે **પ્રકરણ આઠમાં** અભ્યાસના તારણો અને સૂચનો જણાવ્યા છે.

**ગ્રામસભાના અભ્યાસનું મહત્વ :**

ભારત દેશ એ ગામાડાઓનો દેશ છે. તેથી આ દેશમાં ગ્રામપંચાયતો ઘણું મહત્વ ધરાવે છે. પંચાયતીરાજ દ્વારા સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. સ્થાનિક લોકો દ્વારા દરેક ગામનો વહીવટ થાય તો ગામડાનો વિકાસ સારી રીતે થઈ શકે. ખાસ કરીને ૭૩મા બંધારણીય સુધારા દ્વારા આ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. લોકો પંચાયતના કામમાં ભાગ લેતા થાય, રસ લેતા થાય તો ગામ સારી રીતે વિકસી શકે. આ માટ ગ્રામસભાને પણ બંધારણીય દરજ્જો મળેલ છે અને તેમુજબ ગ્રામસભાના દરેક સભ્યને શાસન કરવાનો હક મળે છે. ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના દરેક સ્ત્રી-પુરૂષ, જેમને બંધારણ મુજબ મત આપવાનો અધિકાર મળેલો છે, તેમનો ગ્રામસભામાં સમાવેશ થાયો છે. ગ્રામસભા એક એવી વ્યવસ્થા છે કેજેમાં લોકો તેમના ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓ સાથે સીધો સંપર્ક કરી શકે છે. આ રીતે ગ્રામસભા સ્વશાસનનું શક્તિશાળી માધ્યમ છે. ગામના પ્રશ્નો અંગે ગામના લોકો આ ગ્રામસભામાં એકઠા થઈ એકબીજા સાથે ચર્ચા કરી હળીમળીને કામ કરે તો ઘણી સમસ્યાઓ હળવી થઈ જાય. આ રીતે ગ્રામસભાનું ઘણું મહત્વ છે. ગ્રામપંચાયતો સાથે સંકળાયેલા અધિકારીઓ અને પંચાયતના સભ્યોને આ અભ્યાસ ઉપયોગી નીવડશે તેવી આશા છે.

પ્રકરણ - ૨

# ૭૩મો બંધારણીય સુધારો અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩

## પ્રકરણ - ૨

# ૭૩મો બંધારણીય સુધારો અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩

ભારત દેશનો જો ખરેખર વિકાસ કરવો હોય તો ગામડામાં વસતા કરોડો લોકોનો વિકાસ કરવો જોઈએ. આગળ જોયું તે મુજબ ભારતમાં વૈદિક સમયથી ગ્રામસ્વરાજ, ગ્રામપંચાયતો અસ્તિત્વમાં હતી. વૈશાલી ગણતંત્રના જનપદો તો લોકશાહીના એકમ તરીકે પ્રખ્યાત હતા. ગ્રામીણ એકમની સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા ભારતીય ઈતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. પંચાયત એ ગ્રામીણ સમાજમાં લોકશાહીના તત્વઅને પાયાના એકમ તરીકે ખૂબજ મહત્વનું છે. પંચાયત લોકશાહી અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે અતિ મહત્વની સંસ્થા છે.

**પંચાયતીરાજ અને ૭૩મો બંધારણીય સુધારો (નવો ધારો)**

સ્થાનિક વહીવટ અને ગ્રામ વિકાસના ભગીરથ કાર્ય માટે પંચાયતીરાજ વ્યવસ્થા ઉત્તમ વ્યવસ્થા છે.

સ્થાનિક શાસન, શાસનનું એવું રૂપ છે. જેમાં લોકો જાતે જ પોતાની જરૂરિયાતો તથા ભવિષ્યને માટે નિર્ણય કરે. તેઓ પોતાનાથી દૂર સુદુર એવી સરકાર પર આધાર રાખે નહિ. શાસનના આ સ્વરૂપનો ગાંધીજી 'સ્વરાજ' કહેતા. વર્તમાન સમયમાં આ વિચાર "આપણા ગામમાં આપણું રાજ"ના સૂત્ર દ્વારા જાણીતો બન્યો છે. આવું સ્થાનિક શાસન એ માત્ર આદર્શ કે સ્વપ્ન નથી. તે નવા પંચાયતીરાજ કાયદાથી વાસ્તવિકતા બની શકે તેમ છે. નવા પંચાયતી રાજ કાયદાએ પંચાયતને ગામ લોકોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ, ગ્રામસભાના નિર્ણય પ્રત્યે જવાબદાર, સ્ત્રી-પુરૂષ અને સૌ જ્ઞાતિની સરખી સહભાગિતાથી સામાજિક ન્યાય અને આર્થિક વિકાસની દિશામાં કામ કરતી કલ્પી છે.

લોકશાહીમાં પ્રજા સતત જાગૃત અને સક્રિય હોય તોજ તેની જડો મજબૂત રહે. પ્રજામાં લોકશાહીના મૂલ્યો આત્મસાત કરાવવા માટે રાજકીય ઈચ્છા, તંદુરસ્તી પ્રણાલિકાઓ અને પરંપરાઓની જાળવણી આ ત્રણેય તત્વો આવશ્યક છે. પ્રજાની વિચારધારામાં મોકળાશ અને વિચારતંત્રમાં પરિવર્તન અભિમુખતા આવશ્યક છે. પ્રજાએ સતત વિધેયાત્મક દૃષ્ટિકોણ રાખી પ્રજાહિત તથા લોકશાહીની જાળવણી માટે સક્રિય રહેવું જોઈએ. વિકેન્દ્રકરણની પ્રક્રિયા ગામડાના છેલ્લામાં છેલ્લા માણસનો અવાજ કેન્દ્ર સુધી પહોંચાડી શકે એ રીતે ગોઠવવી જોઈએ. ૭૩મા બંધારણીય સુધારાથી સંસદે પંચાયતીરાજને બંધારણીય માન્યતા આપી છે. જેનોઆધાર બંધારણની માર્ગદર્શક સિદ્ધાંતની કલમ ૪૦માં દર્શાવ્યા મુજબ આ પ્રમાણે છે.

"સ્વાયત્ત સરકારના એક સ્વતંત્ર એકમ તરીકે ગ્રામ પંચાયત કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે. આ જોગવાઈ મુજબ પ્રજાની ભાગીદારી પ્રાપ્ત કરવા અને સામાજીક પરિવર્તનથી પ્રક્રિયામાં પ્રજાનો ફાળો પ્રાપ્ત કરવા માટે ડિસેમ્બર ૧૯૯૨માં ભારતની સંસદે પંચાયત અધિનિયમ પસાર કરી સ્થાનિક સ્વરાજની સંસ્થાને કાયદાકીય જોગવાઈથી માન્યતા આપી છે. સંસદે આ પગલું ભરી પ્રજાની સ્થાનિક નેતાગીરીને મહત્વ આપવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યોને પોતાના સામાજિક, રાજકીય અને આર્થિક પૃષ્ટભૂમિકાને અનુરૂપ કાયદો બનાવવાની સ્પષ્ટ સૂચના આપી છે. બંધારણના ભાગ ૯ માં આ પંચાયત અધિનિયમનો સમાવેશ કરવમાં આવ્યો છે અને સંસદે બંધારણની અનુસૂચિ ૧૧માં પંચાયતો માટે ૨૦ જુદા જુદા વિકાસલક્ષી કાર્યક્રમોની યાદી આપવામાં આવી છે. આમ ૭૩મો બંધારણીય સુધારો એપ્રિલ ૨૪, ૧૯૯૩થી અમલમાં આવ્યો.

**૭૩મા બંધારણીય સુધારાની મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) દરેક પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલ લોકોની બનેલી ગ્રામસભા હોવી જોઈએ.

(૨) ગ્રામસભાને રાજ્ય વિધાસભાની જેમ કાયદા દ્વારા જરૂરી સત્તા મળવી જોઈએ.

(૩) ત્રિસ્તરીય પંચાયતોની (ગ્રામ, તાલુકા અને જિલ્લા)ની રચના તથા જે રાજ્યની વસ્તી ૨૦ લાખથી ઓછી હોય ત્યાં દ્વિસ્તરીય (ગ્રામ અને જિલ્લા) પંચાયતોની રચના કરવી.

(૪) પંચાયતોની ચૂંટણી બધા સ્તરે સીધી થવી જોઈએ. ગામ પંચાયત સ્તરે પંચાયતના વડાની ચૂંટણી રાજ્ય સરકારો નક્કી કરશે. તાલુકા તથા જિલ્લા સ્તરે પ્રમુખોની ચૂંટણી ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય.

(૫) આદિવાસી/હરિજનો માટે વસ્તીના પ્રમાણમાં બેઠકો અનામત રહેશે. મહિલાઓ માટે તમામ સ્તરે ત્રીજા ભાગની બેઠકો અનામત રહેશે. મહિલાઓની બેઠકો ફરતી રહેશે. (૬) આજ પ્રમાણે સરપંચના હોદામાં તેમજ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતના અધ્યક્ષના હોદામાં પણ મહિલાઓ માટે ત્રીજા ભાગના હોદાઓ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં હોદાઓ અનામત રહેશે. અન્ય પછાત વર્ગો માટે રાજ્ય સરકારો સ્થાનિક વસ્તીને ધ્યાનમાં રાખીને અનામત રાખી શકે.

(૭) પંચાયતોની સમયાવિધ પાંચ વર્ષની રહેશે. જે પંચાયતોનું વિસર્જન કરવામાં આવે તેની ૭ મહિનામાં ફરી ચૂંટણી કરવી આવશ્યક રહેશે. કાર્યકાળ પૂરો થયા પહેલાં

"સ્વાયત્ત સરકારના એક સ્વતંત્ર એકમ તરીકે ગ્રામ પંચાયત કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે. આ જોગવાઈ મુજબ પ્રજાની ભાગીદારી પ્રાપ્ત કરવા અને સામાજીક પરિવર્તનથી પ્રક્રિયામાં પ્રજાનો ફાળો પ્રાપ્ત કરવા માટે ડિસેમ્બર ૧૯૯૨માં ભારતની સંસદે પંચાયત અધિનિયમ પસાર કરી સ્થાનિક સ્વરાજની સંસ્થાને કાયદાકીય જોગવાઈથી માન્યતા આપી છે. સંસદે આ પગલું ભરી પ્રજાની સ્થાનિક નેતાગીરીને મહત્વ આપવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યોને પોતાના સામાજિક, રાજકીય અને આર્થિક પૃષ્ટભૂમિકાને અનુરૂપ કાયદો બનાવવાની સ્પષ્ટ સૂચના આપી છે. બંધારણના ભાગ ૯ માં આ પંચાયત અધિનિયમનો સમાવેશ કરવમાં આવ્યો છે અને સંસદે બંધારણની અનુસૂચિ ૧૧માં પંચાયતો માટે ૨૦ જુદા જુદા વિકાસલક્ષી કાર્યક્રમોની યાદી આપવામાં આવી છે. આમ ૭૩મો બંધારણીય સુધારો એપ્રિલ ૨૪, ૧૯૯૩થી અમલમાં આવ્યો.

**૭૩મા બંધારણીય સુધારાની મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) દરેક પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલ લોકોની બનેલી ગ્રામસભા હોવી જોઈએ.

(૨) ગ્રામસભાને રાજ્ય વિધાસભાની જેમ કાયદા દ્વારા જરૂરી સત્તા મળવી જોઈએ.

(૩) ત્રિસ્તરીય પંચાયતોની (ગ્રામ, તાલુકા અને જિલ્લા)ની રચના તથા જે રાજ્યની વસ્તી ૨૦ લાખથી ઓછી હોય ત્યાં દ્વિસ્તરીય (ગ્રામ અને જિલ્લા) પંચાયતોની રચના કરવી.

(૪) પંચાયતોની ચૂંટણી બધા સ્તરે સીધી થવી જોઈએ. ગામ પંચાયત સ્તરે પંચાયતના વડાની ચૂંટણી રાજ્ય સરકારો નક્કી કરશે. તાલુકા તથા જિલ્લા સ્તરે પ્રમુખોની ચૂંટણી ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય.

(૫) આદિવાસી/હરિજનો માટે વસ્તીના પ્રમાણમાં બેઠકો અનામત રહેશે. મહિલાઓ માટે તમામ સ્તરે ત્રીજા ભાગની બેઠકો અનામત રહેશે. મહિલાઓની બેઠકો ફરતી રહેશે. (૬) આજ પ્રમાણે સરપંચના હોદામાં તેમજ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતના અધ્યક્ષના હોદામાં પણ મહિલાઓ માટે ત્રીજા ભાગના હોદાઓ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેમની વસ્તીના પ્રમાણમાં હોદાઓ અનામત રહેશે. અન્ય પછાત વર્ગો માટે રાજ્ય સરકારો સ્થાનિક વસ્તીને ધ્યાનમાં રાખીને અનામત રાખી શકે.

(૭) પંચાયતોની સમયાવિધ પાંચ વર્ષની રહેશે. જે પંચાયતોનું વિસર્જન કરવામાં આવે તેની છ મહિનામાં ફરી ચૂંટણી કરવી આવશ્યક રહેશે. કાર્યકાળ પૂરો થયા પહેલાં

બરખાસ્ત કરવામાં આવેલી પંચાયતના સ્થાને ચૂંટાવામાં આવેલી પંચાયત માત્ર બાકીના સમય માટે જ અમલમાં રહેશે.

(૮) રાજ્યે કાયદા દ્વારા કર, ફી, લેવી ઉઘરાવવા પંચાયતોને જરૂરી સત્તા આપવાની રહેશે. બંધારણીય સૂચિ-૧૧માં દર્શાવેલા વિષયો ઉપર વિકાસ તથા સામાજિક ન્યાય માટે યોજનાઓ તથા કાર્યક્રમો પંચાયતો બનાવી શકે તે માટે રાજ્ય સરકારોએ જરૂરી સત્તા પંચાયતોને આપવાની રહેશે. વિકાસ કાર્યો માટે ૭૪મા બંધારણીય સુધારા હેઠળ નગરપાલિકા અને પંચાયતો મળીને જિલ્લા કક્ષાએ વિકાસનું આયોજન કરશે. રાજ્ય વિધાનસભા આયોજન માટે નિયમો તથા સમિતિઓની રચના કરશે.

(૯) આ સુધારો અમલમાં આવે તેની સાથે અસ્તિત્વ ધરાવતી પંચાયતો ચાલુ રહેશે, પણ રાજ્યની વિધાનસભા ઠરાવ પસાર કરી આ પંચાયતોનું વિસર્જન કરી શકશે. આ સુધારાના અમલમાં આવ્યાના એક વર્ષની અંદર રાજ્યોએ નવો કાયદો બનાવવો પડશે. અથવા ચાલુ કાયદામાં જરૂરી સુધારા-વધારા કરવા પડશે. આ જોગવાઈ મુજબ એપ્રિલ ૨૪, ૧૯૯૪થી દેશના દરેક રાજ્યમાં પંચાયત ધારો ઘડવામાં આવ્યો છે.

(૧૦) રાજ્યોએ ચૂંટણીઓના સંચાલન માટે ચૂંટણીપંચ તથા નાણાંકીય આયોજન માટે નાણાંપંચની રચના કરવાની રહેશે.

(૧૧) પંચાયતોની આર્થિક સધ્ધરતા માટે રાજ્યની સંકલિત ભંડોળમાં વધારો કરવા અને પંચાયતોને નાણા ફાળવવા માટે દરેક રાજ્યમાં નાણાંપંચે ભલામણો કરશે.

**ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ :**

કેન્દ્રીય ૭૩મા બંધારણીય સુધારાને ધ્યાનમાં લઈને ગુજરાત રાજ્યે ગુજરાત પંચાયત અધિનિયમ ઓગષ્ટ-૧૯૯૩ વિધાનસભામાં પસાર કર્યો. આ કાયદો એપ્રિલ ૧૫, ૧૯૯૪થી અમલી બન્યો. નવા પંચાયત ધારામાં પંચાયતની રચના, ચૂંટણી પદ્ધતિ, પંચાયતોની કામગીરી, ગ્રામસભા, જુદી જુદી સમિતિઓ, કર તથા ફંડ,વિકાસ યોજનાઓનું ઘડતર, નાણાપંચ તથા ચૂંટણીપંચની રચના વગેરે મુખ્ય બાબતો છે.

નવા ધારા મુજબ ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતોની ફરીથી રચના કરવામાં આવી છે. રાજ્ય સરકારે ૧૩,૪૮૯ ગ્રામ પંચાયતોમાંથી ૭,૦૦૦ પંચાયતોની ચૂંટણી જુન-૧૯૯૫માં કરી હતી. ૧૮૩ તાલુકા પંચાયતો અને ૧૯ જિલ્લા પંચાયતોની પણ તે સાથે ચૂંટણીઓ યોજાઈ હતી.

**ગ્રામસભા :**

૭૩મા બંધારણીય સુધારામાં ગ્રામસભાને રાજ્યમાં વિધાનસભા જે રીતે કાર્ય કરે છે તે મુજબ તે કાર્ય કરે તે માટે જરૂરી તમામ સત્તા તેને આપવામાં જોગવાઈ કરવામાં આવી છે. આ બંધારણીય જોગાવાઈને ગુજરાત પંચાયતધારાની કલમ-૪માં મુકવામાં આવી છે. ગ્રામસભા એટલે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. ગ્રામસભાને ગ્રામપંચાયતના કાર્યો સંબંધી અગત્યના નિર્ણયો લેવાય તે માટે જરૂરી સત્તા આપવામાં આવેલી છે.

પંચાયતના ધારા મુજબ વર્ષમાં બે વાર ગ્રામસભા બોલાવવી ફરજિયાત છે. આ ઉપરાંત સરપંચ જરૂરિયાત મુજબ તથા તાલુકા અને જિલ્લા પંચાયત દ્વારા પણ ગ્રામસભાની અસાધારણ બેઠક ગમે ત્યારે બોલાવી શકાય છે. પ્રથમ ગ્રામસભા દરેક નાણાકીય વર્ષના મે માસના અંત સુધીમાં બોલાવવી ફરજિયાત છે. આ ગ્રામસભામાં ગયા વર્ષના હિસાબો તથા કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. બીજી ગ્રામસભામાં આવતા વર્ષનું આયોજન થાય છે. આ બન્ને ગ્રામસભામાં લોકભાગીદારી રહેશે તો પંચાયતની પારદર્શકતા તથા જવાબદારી બની રહેશ. ગ્રામસભાની બે સામાન્ય સભાઓ વચ્ચેનો ગાળો ત્રણ મહિના કરતાં ઓછો હોવો જોઈએ નહીં. સામાન્ય રીતે સરપંચ ઠરાવેલ સમય તથા સ્થળે ગ્રામસભા બોલાવતા હોય છે.

ગ્રામસભામાં ચર્ચવાના મુદા (એજેન્ડા) ગ્રામપંચાયતના સભ્યોની મિટિંગમાં સરપંચ દ્વારા નક્કી કરવામાં આવે છે. આ એજન્ડાની જાણ પંચાયત કચેરીએ તથા ગામમાં નોટિસ દ્વારા અથવા ઢોલ પીટાવીને સમય-સ્થળ સાથે કરવાની હોય છે. આ એજન્ડામાં ગ્રામજનોની સહીઓ લેવાની હોય છે. ગ્રામસભામાં તાલુકા પંચાયતના અધિકારીઓ તથા ધારાસભ્ય અને સંસદસભ્યને આમંત્રણ આપી શકાય છે. પરંતુ તેઓને પણ મત આપવાનો અધિકાર નથી. જમના નામ મતદાર યાદીમાં હોય તેવા ગામના રહેવાસીઓને જ મત આપવાનો અધિકાર રહેશે. આથી સ્વશાસન માટે ગામના મતદારોની સક્રિય ભાગીદારી જરૂરી છે.

ગ્રામસભાએ સ્વરાજનો પાયો છે. તેથી જો ગ્રામસભા મજબૂત બનશે તો જ ભવિષ્યની પંચાયતો મજબૂત બનશે. ૭૩મા બંધારણીય સુધારા દ્વારા ગ્રામસભાને બંધારણીય દરજ્જો મળેલો છે અને તે મુજબ ગ્રામસભાના દરેક સભ્યને શાસન કરવાનો હક મળે છે.

**આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ અંગે ભુરિયા સમિતિનો અહેવાલ :**

બંધારણના ભાગ-૯ની જોગવાઈઓ પાંચમી અનુસૂચિના વિસ્તારોને લાગુ પાડવા કાયદાની વિશિષ્ટ બાબતો અંગે ભલામણ કરવા કેટલીક સાંસદો અને નિષ્ણાતોની એક

સમિતિ રચવામાં આવી. આ સમિતિના અધ્યક્ષ શ્રી દિલીપસિંહ ભુરિયા હતા. આ સમિતિ ભુરિયા સમિતિ તરીકે જાણીતી થઈ. આ સમિતિના અહેવાલને અનુરૂપ કાયદો મે, ૧૯૯૫માં સંસદમાં દાખલ કરવામાં આવ્યો અને ૨૪ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ રાષ્ટ્રપતિએ અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતના નવા અધિનિયમને મંજૂરી આપી છે. તથા દરેક રાજ્ય સરકારને એક વર્ષમાં આ અંગે કાયદો ઘડવાનો આદેશ આપ્યો છે. આ ઘટના લોકશાહી ભારતના ઈતિહાસમાં સીમા ચિન્હરૂપ છે. આઝાદીના ૫૦ વર્ષ બાદ પ્રથમવાર આદિવાસીઓ અંગે એક અલગ દ્રષ્ટિકોણથી વિચારવામાં આવ્યું એ એક મહત્વની ઘટના છે. ગુજરાતમાંતો ૧૪ ટકા જેટલી વસ્તી આદિવાસીઓની છે. ત્યારે આ કાયદાનું મહત્વ ઘણું વધી જાય છે. આ કાયદામાં આદિવાસીઓના પોતાના ગામનાં સામુદાયિક સંસાધનો, કાયદો અને વ્યવસ્થા, વિકાસનું આયોજન અને અમલીકરણ તથા સંસાધનો પર તેમના અંકુશની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદા દ્વારા આદિવાસીઓની પરંપરાગત વ્યવસ્થાને બંધારણીય માન્યતા મળી છે.

રાજ્યની વિધાનસભા એવો કોઈ કાયદો નહીં બનાવી શકે જેનાથીઆદિવાસી પરંપરાગત વ્યવસ્થાને (ધાર્મિક, સામાજિક રીતરિવાજો, સંસ્કૃતિ) અનુરૂપના હોય.

આ કાયદો બન્યા પછી, એવો કોઈપણ કાયદો જે આદિવાસી પરંપરાથી અસંગત હોય, તેને અદાલતમાં પડકારી શકાય અથવા તો લાગુ પાડતાં પહેલાં તેને રોકી શકાય.

ટૂંકમાં આ કાયદા દ્વારા ગ્રામસ્તરે પોતાની પરંપરા મુજબ કાર્યરત એવા એક વાસ્તવિક આદિવાસી ગ્રામ સમાજના અસ્તિત્વનો સ્વીકાર થયો છે. આદિવાસી સ્વશાસનની જોગવાઈ કરવા માટે ગુજરાત વિધાનસભાએ તા.૧-૭-૯૮ના રોજ ગુજરાત પંચાયત અધિનિયમમાં સુધારો કરતો કાયદો પસાર કર્યો છે. જેને અનુસૂચિત વિસ્તારો માટેનો અધિનિયમ-૧૯૯૮, ગુજરાત તરીકે ઓળખાય છે. આ રીતે આદિવાસીઓને સ્વશાસન તરફ એક ડગલું આગળ લઈ જતો નવો પંચાયત કાયદો બન્યો છે. એ એક આનંદની વાત છે.

**ગ્રામસભા વર્ષની ઉજવણી અને તેનું મહત્વ :**

આગળ જોયું તેમ ૭૩મા બંધારણીય સુધારામાં એક મહત્વની બાબત એ છે કે ગ્રામસભાને રાજ્યમાં વિધાનસભા જે રીતે કાર્ય કરે છે તે મુજબ તે કાર્ય કરે તે માટે જરૂરી તમામ સત્તા તેને આપવા જોગવાઈ કરવામાં આવી છે.

લોકશાહીમાં રાજકીય શાસન પદ્ધતિ મુખ્યત્વે બે પ્રકારની હોય છે.

(૧) લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ શાસન ચલાવે છે. આમાં મત આપવા સિવાય સામાન્ય પ્રજાજનોની શાસનમાં કોઈ ભૂમિકા હોતી નથી.

(૨) બીજા પ્રકારની શાસન પદ્ધતિમાં લોકો જ શાસન ચલાવે છે. આ પ્રકારની શાસન પદ્ધતિ ભારત અને ગ્રીસમાં પ્રચલિત હતી. આ એક આદર્શ શાસન પદ્ધતિ છે.

વર્તમાન લોકશાહી શાસકીય પદ્ધતિમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાથી ઉપરોક્ત બંને પદ્ધતિના લાભોનો સમાવેશ થાય છે. ભારત સરકારે ૭૩મા બંધારણીય સુધારા દ્વારા ગ્રામસભાને બંધારણીય દરજ્જો આપેલ છે અને તે મુજબ ગ્રામસભાના દરેક સભ્યને શાસન કરવાનો હક મળે છે. ગ્રામસભા એક એવી વ્યવસ્થા છે કે જેમાં લોકો તેમના ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓ સાથે સીધો સંપર્ક કરી શકે છે. અન્ય કોઈ વ્યવસ્થા (વિધાનસભા, સંસદ) માં આ પ્રકારની સુવિધા નથી. આ દૃષ્ટિએ જોઈએ તો ગ્રામસભા સ્વશાસનનું શક્તિશાળી માધ્યમ છે. સ્વશાસનનું એક અભિન્ન અંગ છે.

ગ્રામસભા વર્ષની ઉજવણી પ્રસંગે ગ્રામસભાના મહત્વ અંગે જણાવતાં ભારતના રાષ્ટ્રપતિ કે.આર નારાયણેકહ્યું છે કે, "રાષ્ટ્રિય જીવનની ગુણવત્તા છેવટે તો આપણા ગામડાઓમાં જીવન કેવું છે, તેનાથી જ નિશ્ચિત થતી હોય છે. ગ્રામસભાઓમાં જ ગ્રામીણ ગરીબો, સ્ત્રીઓ અને સાધારણ વ્યક્તિઓ તેમના જીવનને અસર કરતા નિર્ણયોમાં અસરકારક રીતે ભાગ લેવાની પારદર્શક અને જવાબદાર વાતાવરણમાં તક મેળવે છે. તેથી જ ગ્રામસભાઓ અને અન્ય પંચાયતીરાજ સંસ્થાઓને અસરકારક સત્તા સોંપણી કરી અને જરૂરી તાલીમ આપી કાર્યક્ષમતા ખીલવી, નાણાંકીય અને અન્ય જવાબદારીઓ સોંપી તેમને સુસજ્જ બનાવવા ભગીરથ પ્રયાસો કરવા જરૂરી છે.

હું આશા રાખું કે ૧૯૯૯-૨૦૦૦ને "ગ્રામસભા વર્ષ" જાહેર કરવાથી પંચાયતીરાજ સંસ્થાઓ અસરકારક રીતે કામ કરશે અને સ્વરાજના ચેતનવંતા વાહકો બનશે. (ગુજરાત સમાચાર,૫ જુલાઈ, ૧૯૯૯માંથી સાભારે)

આમ, ૭૩મા બંધારણીય સુધારાને કારણે દેશનો દરેક નાગરિક રાજનૈતિક પ્રક્રિયા પોતાની ભાગીદારી કરી શકે તેવી બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામસભા દ્વારા સમાજના છેલ્લામાં છેલ્લા માનવીને તેમજ સ્ત્રીઓને પોતાનો અને પોતાના ગામનો વિકાસ કરવાની તક મળી છે. ગ્રામપંચાયતો વર્ષોથી વિકાસના કાર્યો કરતી આવી છે અને આજે પણ સરકારના વિકાસલક્ષી કાર્યક્રમમાં ગ્રામપંચાયતોને સાંકળવામાં આવેલ છે. હવે પછીના પ્રકરણમાં ગ્રામસભા વિષે ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ - ૩

# ગ્રામમસભાનો અર્થ, સત્તા, અધિકારો, ફરજો તેમજ ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્વ

પ્રકરણ - ૩

# ગ્રામમસભાનો અર્થ, સત્તા, અધિકારો, ફરજો તેમજ ગ્રામસભાનું ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મહત્વ

**પ્રસ્તાવના :**

ગ્રામ પંચાયત એ પંચાયતીરાજનો પાયાનો એકમ છે અને ગ્રામસભા એ ગ્રામ પંચાયતનું હ્યદય છે. લોકશક્તિ વધારવાનું ઉત્તમ સાધન છે. ગ્રામસભાની જાગૃતિ, કાર્યશીલતા અને એકતા ઉપર પંચાયતીરાજની સંસ્થાઓની સફળતાનો આધાર છે. પંચાયતોની દફતરી તથા વહીવટી વ્યવસ્થા જેટલી સંપૂર્ણ હોય તેટલી તેની કાર્યદક્ષતા લોકોપયોગી નીવડે. ગામડાંને રાજ્ય અને રાજ્ય કેન્દ્રને યોગ્ય બનાવવાની તાલીમશાળા પંચાયતીરાજ છે. લોકશાહી એટલે જેમાં લોકો જ 'શાહ' છે. શાહ અટલે વાણિયા-વેપારી નહિ પણ બાદશાહ-રાજા. લોકો જ રાજા છે. તેમની ઈચ્છા પ્રમાણે કારભાર ચલાવવો જોઈએ. ગામના બધા લોકો ભેગા મળીને એકી અવાજે જે ઈચ્છા વ્યક્ત કરે તે લોકશાહીમાં અમલ કરવાને પાત્ર થાય. આ તક પંચાયતીરાજમાં ગ્રામસભા પૂરી પાડે છે.

"પંચાયતીરાજની ધરતી એટલે ગ્રામસભા અને એનું બીજ અટલે ગ્રામપંચાયત" એમ શ્રી ઢેબરભાઈએ જણાવ્યું હતું. કારણ પંચાયતરાજની બુનિયાદ ગ્રામસભા છે. એટલે તો મૂળ ધરતી અને એનુ બી સાબૂત હશે તો પંચાયતી રાજનો લોકશાહી આદર્શ સિદ્ધ થશે. ગ્રામપંચાયત અને ગ્રામસભા વચ્ચેનો સંબંધ મંત્રીમંડળ અને ધારાસભા જેવો હોવો જોઈએ. એવો વિચાર શ્રી જયપ્રકાશ નરાયણે વ્યક્ત કર્યો હતો. ગ્રામસભા જેટલી સશક્ત પ્રાણવાન, જાગૃત અને સક્ષમ હશે તેટલી જ પંચાયતીરાજની સાચી સફળતા, પંચાયતીરાજમાં ગ્રામસભાનું સ્થાન અને મહત્તા સવિશષ છે. એટલે તો તેને પંચાયતીરાજની પાયાની સંસ્થા કહી છે. ગ્રામસભા એટલે ગામડાની જનસભા. ગામના તમામ સ્ત્રી-પુરૂષ મતદારો ગ્રામસભાના સભ્ય ગણાય છે. એટલે ગ્રામસભામાં સૌને સમાન અધિકાર રહે છે. સાચા રૂપમાં ગ્રામસભા ગ્રામપંચાયતને માર્ગદર્શક અને પ્રેરણારૂપ બને છે.

પ્રાચીન ભારતનો ઈતિહાસ તપાસતાં જણાશે કે એ કાળમાં પણ લોકોની સમિતિઓ અને લોકો દ્વારા શાસન ચાલતુ હતું. આ સમિતિઓ ગામના વતનીઓની જ બનેલી હતી. આ સમિતિ દ્વારા ગામહિતના કાર્યો હાથ ધરાતાં હતાં. વેદોમાં આવી સમિતિ'વિશ' નામે ઓળખાવેલ છે. આમ સમિતિઓનું ઉગમસ્થાન સભા નામની લોકપ્રિય સંસ્થા હતી. ગ્રામપ્રજાના ૨૦૦ થી ૧૦૦૦ની સંખ્યામાં પ્રતિષ્ઠિત માણસોની એક અસરકારક સંસ્થા તરીકે સભા હતી અને તેમની કારોબારી જેવી સમિતિ મારફતે સમગ્ર વહીવટ ચાલતો હતો.

આવી સભામાં સ્વતંત્ર રીતે વાદવિવાદને સ્થાન મળતું અને આવા વાદવિવાદ પછી જે નિર્ણય લેવાય તેનું પાલન બધા ગ્રામવાસીઓ માટે અનિવાર્ય બનતું. આવી સભાના પ્રમુખને સભાપતિ કહેવામા આવતા હતા. આમ જનતાની દૃષ્ટિએ સભા એક ઉચ્ચકક્ષાની નાગરિક સંસ્થા હતી. જે અગત્યના નિર્ણાયાત્મક કાર્યો સર્વસંમતિથી કરાવતી.

સમય સાથે લોકશાસનની પદ્ધતિ પર આધારિત આવી સંસ્થાઓનો વિકાસ થતો ગયો. એક વખત એવો હતો કે જ્યારે આ સંસ્થાઓ ગ્રામક્ષેત્રની અંદર તમામ વહીવટ ચલાવતી અને સમાજના આવશ્યક અંગ તરીકે વર્તતી. લોકોને મુશ્કેલીમાં સહાય કરવાથી માંડીને અન્ન ઉત્પાદન અને ડાકુઓના સામના સુધીનું જનકલ્યાણ અને સંરક્ષણનું કામ આ સંસ્થાઓ કરતી. ગ્રામસભાના નિર્ણયને કોઈ અમાન્ય ગણી શકતું નહીં. અને તેમ કરે તો તે "ગ્રામદ્રોહી" કહેવાતો.

ગ્રામસભા "મહાસભા" તરીકે પણ ઈતિહાસમાં ઓળખાઈ છે. ગામના દરેક ક્ષેત્રમાં તેને સંપૂર્ણ સત્તાધિકાર રહેતો. આવી સત્તાઓને ગામનાં પોતાનાં મકાનો હતાં કે જ્યાં સભાઓ ગામના કામ સારુ મળતી. જ્યાં આવી સગવડ ન હતી ત્યાં સભાઓ મંદિરમાં ભરાતી. દરેક કામ માટે અલગ નાની નાની સમિતિઓની રચના આ સભામાંથી થતી. આવી સમિતિના પ્રમુખને 'મહાપુરુષ' કહેવામાં આવતો. જળાશય, બગીચા, ન્યાયમંદિર, ખેતીવાડી, સંરક્ષણ વગેરે કામો સારું આવી સમિતિઓની રચના થતી જે પોતાના ક્ષેત્રાધિકારમાં રહીને જરૂરી યોગ્ય નિર્ણય લઈ લોકપયોગી કાર્યો કરતી.

આવી સમિતિઓનું ઉદ્‌ભવ સ્થાન ગ્રામસભા જ રહેતી. આમાંયે ગામને અમુક ભાગમાં વહેંચી નાંખવામાં આવતું દરેક વિભાગના વસનારા લોકો ભેગા મળી સમિતિમાં પોતાના તરફથી જ પ્રતિનિધિ મૂકવાનો હોય તે નક્કી કરતા. સામાન્ય રીતે ૩૫ થી ૭૦ વર્ષની ઉંમરવાળા અનુભવી માણસોને આ કામને યોગ્ય ગણવામાં આવતા. આવી વ્યક્તિનું ભણતર અને સંપત્તિ પણ ધ્યાનમાં લેતા. અગાઉની કોઈ સમિતિમાં ગરબડ કરી હોય, અગર તો જેમણે પાંચ મોટા પાપોમાંથી કોઈ પાપ કર્યું હોય તો તેને કોઈ સમિતિમાં ચૂંટાવાનો અધિકાર રહેતો નહીં.

જનતાના પ્રતિનિધિઓ મારફતે આર્ય સંસ્કૃતિ મુજબ લોકશાસન ચલાવવાની પ્રણાલિકાનાં ઊંડા મૂળ અત્યારની આપણી ગ્રામસભામાં છે. પંચાયતના હોદ્દેદારો કે તેના સભ્યો જ ગ્રામવિકાસના કાર્યો માટે જાગૃત અને ઉત્સાહી હોય તેથી ગ્રામજીવન ધબકતું બની શકે નહીં, અને પ્રજાના કાર્યો સારી રીતે થાય નહીં, પણ ગ્રામસભામાં ગ્રામપ્રજા એકઠી થાય અને પોતાના પ્રશ્નો-મુશ્કેલીઓ રજૂ કરે. ગ્રામસભામાં હાજર રહી પોતાના

મંતવ્યો રજૂ કરે, વિચાર-વિનિમય કરે અને તેના ઉપાયનું આયોજન પંચાયતને સૂચવે અને તે મુજબ પંચાયત પોતાનું કામકાજ ગોઠવે. આમ સમગ્ર ગ્રામપ્રજા માટે ગ્રામસભા એ એક ગ્રામ લોકશાહીની ઉજવણીનો ઉત્સવ બની રહે છે.

પંચાયતીરાજમાં ગ્રામસભાએ ગામના પુખ્ત વયના (૧૮ કે તેથી વધુ ઉંમરના) નાગિકોની પ્રાથમિક સભા છે. ગ્રામસભાના મતદારોમાંથી પંચાયતના પ્રતિનિધિઓ ચૂ/ટાયેલ છે, આમ પંચાયતીરાજની ઈમારત ગ્રામસભાના પાયા ઉપર ઊભી રહી છે.

**ગ્રામસભાનો અર્થ :**

૭૩મા બંધારણીય સુધારાના આર્ટિકલ ૨૪૩-બીમાં ગ્રામસભાની વ્યાખ્યા નીચે મુજબ આપી છે.

"ગ્રામસભાં" એટલે ગ્રામસ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા.

ઉપરોક્ત બંધારણીય સુધારાના આર્ટિકલ ૨૪૩-જી અન્વયે "ગામ" એટલે આ ભાગના હેતુ માટે રાજયપાલે જાહેર અધિસૂચનાથી નિર્દિષ્ટ કરેલ ગામ અને તદઅનુસાર નિર્દિષ્ટ કરેલ ગામોના સમૂહનો સમાવેશ થાય છે.

અહીં ઉલ્લેખ કરેલો ભાગ એટલે પંચાયતોને લગતો બંધારણનો ભાગ-૯.

આના સૂચિતાર્થ નીચે મુજબ છે.

(૧) ગામને સરકારે અધિસૂચિત (નોટીફાય) કરવું પડે.

(૨) ગામ એટલે એક ગામ અથવા ગામોનો સમૂહ.

એટલે ગ્રામસભા એક ગામની હોય અથવા ગામોના સમૂહની હોય.

ટૂંકમાં ગ્રામસભાનો અર્થ આપતા કહી શકાય કે ગ્રામસભા એટલે ગ્રામસ્તરે પંચાયત વિસ્તારમાંના ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. ગ્રામસભા એ ગામના મતદારોની સભા છે.

ગ્રામસભા એ પ્રત્યક્ષ મતદારોની બનેલી સંસદ છે. તેથી તેના મહત્વ વિષે જયપ્રકાશનારાયણ, વિનોબાજી તેમજ બળવંતરાય મહેતા સમિતિ વગેરે સૌએ ઘણો ભાર મૂક્યો છે. (ગુજરાતમાં પંચાયતીરાજનાં ૩૫ વર્ષ એક સમીક્ષામાંથી સાભાર)

ગ્રામસભા એટલે ગામના મતદારોની સભા. ગુજરાત પંચાયતીરાજ અધિનિયમમાં જણાવ્યા મુજબ ગ્રામસભાન ને ત્રણ મત આપવાનો અધિકાર છે.

(૧) સરપંચની ચૂંટણીમાં

(૨) તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં.

(૩) જિલ્લા પંચાયતના પ્રમખની ચૂંટણીમાં.

ગામના મતદારની શાસનમાં દરેક સ્તરે (રાજ્ય, જિલ્લા, તાલુકા, ગામ) પરોક્ષ ભાગીદારી શક્ય બની છે, બીજી રીતે કહીએ તો દરેક પંચાયતના પ્રમુખ તથા પંચાયતના સભ્યો ગ્રામસભાને જવાબદાર છે.

**ગ્રામસભાની સત્તા અને અધિકારો તેમજ ફરજો :**

ગ્રામસભા વર્ષમાં બે વાર કરવી ફરજિયાત છે. એક ગ્રામસભા મે-જુન મહિનમાં તથા બીજી નવેમ્બર - ડિસેમ્બર મહિનામાં કરી શકાય. આ સિવાય પણ જરૂર પ્રમાણે ગ્રામસભા બોલાવી શકાય છે જે ખાસ ગ્રામસભા ગણાશે. ગ્રામસભા સરપંચે બોલાવવાની હોય છે. તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના ફરમાનથી પણ ગ્રામસભા બોલાવાની જોગવાઈ કરવામાં આવી છે. સરપંચ ગ્રામસભાની તારીખ નક્કી કરે ત્યારે તેમણે ગ્રામસભાને પંદર દિવસ અગાઉ જણાવવું જરૂરી છે. તાત્કાલિક નિર્ણય લેવાનો હોય કે કટોકટી હોય તો પણ સરપંચ ગ્રામસભા બોલાવી શકે છે. ઓછામાં ઓછા સાત દિવસ પહેલા નોટિસ આપવી જરૂરી છે. ગ્રામસભાના એજન્ડાની સૂચના સાત દિવસ અગાઉ મંત્રીએ ગ્રામપંચાયતની કચેરીને તેમજ જાહેર સ્થળોએ પ્રસિદ્ધ કરવાનો હોય છે. સભાના આગલે દિવસે સાદ પડાવીને બધા લોકોને જાણ કરવાની હોય છે.

ગ્રામસભાનો સમય એવો નક્કી કરવો જોઈએ કે જેથી બધા જ સભ્યો ગ્રામસભામાં હાજર રહી શકે. લોકોના અનુકૂળ સમયે ગ્રામસભા ભરવી જોઈએ. આ ઉપરાંત ગ્રામસભા માટે યોગ્ય સ્થળ પસંદ કરવું જેથી ગામના લોકો સરળતાથી ત્યાં આવી શકે.

ગ્રામસભામાં મતદાર યાદી સિવાયના બહારના લોકોએ ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર નથી.તેઓ સભામાં હાજર રહી શકે છે પણ કોઈ બાબતમાં મત દર્શાવવાનો તેમને અધિકાર નથી. આ ઉપરાંત ગ્રામસભામાં તાલુકા પંચાયતના અધિકારીઓ તથા ધારાસભ્ય અને સંસદસભ્યને આમંત્રણ આપી શકાય છે. પરંતુ તેઓને પણ મત આપવાનો અધિકાર નથી. માત્ર જેમનાં નામ મતદાર યાદીમાં હોય તેવા ગામના રહેવાસીઓને જ મત આપવાનો અધિકાર છે. આથી સ્વશાસન માટે ગામના મતદારો સક્રિય ભાગીદાર બને તે જરૂરી છે.

ગ્રામસભામાં કુલ મતદારોના દસ ટકા અથવા ૫૦ મતદારોએ બેમાંથી ઓછી સંખ્યા હોય તેટલા મતદારોની હાજરી કોરમ માટે જરૂરી છે. પરંતુ જો ગણપૂર્તિના અભાવે સભા

મુલતવી રાખી હોય તો તે માટે ફરીથી બોલાવેલી ગ્રામસભા માટે ગણપૂર્તિ જરૂર રહેતી નથી. પરંતુ સભા ભરવા માટે ફરીથી સૂચનાની જાહેરાત અગાઉ જણાવ્યા મુજબની કરવાની હોય છે. જો સરપંચ હાજર ન હોય તો ઉપસરપંચ તેનું સ્થાન લે છે. અને બંને ન હોય તો ગ્રામસભામાં હાજર રહેલા પંચાયતના સભ્યોમાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ સ્થાન લેવા માટે ચૂંટવાની સ્પષ્ટ જોગવાઈ છે.

લોકશાહીના સફળ સંચાલન અને ગ્રામ નવરચના માટે ઘણું જ મહત્વનું સાધન ગ્રામસભા છે. અને તે માટે ગ્રામજનતાનું સમર્થન, સલાહ અને સહકાર પંચાયતને મળી રહે તે અનિવાર્ય છે. ગ્રામસભામાં,

- હિસાબોનું વાર્ષિક નિવેદન રજૂ કરવું.
- પાછલા હિસાબી વર્ષના વહીવટ વિશેનો અહેવાલ રજૂ કરવો.
- ચાલુ હિસાબી વર્ષ માટે યોજેલ વિકાસ અને અન્ય કાર્યોનો કાર્યક્રમ મૂકવો.

ગ્રામ પંચાયતના સભ્યો ગ્રામ સમસ્તના ચૂંટાયેલા સભ્યો છે. ગ્રામપંચાયતના ભંડોળ તથા તેની મિલકતનો વહીવટ કાયદા કાનૂનની મર્યાદમાં રહીને આ ચૂંટાયેલા સભ્યો કરે છે. ગ્રામપંચાયતની આવક ગામલોકો પાસેથી મેળવેલી આવક છે અને ખર્ચ પણ ગામ લોકોના હિત માટે જ હોય છે. ગામના વિકાસના કામોતથા બીજા કાર્યક્રમો પણ ગામ લોકોના હિતમાં કરવામાં આવે છે. આમ હોવા છતાં ગણ્યાગાંઠયા પ્રતિનિધિઓ જ આનો વહીવટ કરે અને ગામ લોકો તે જાણે જ નહીં એ બરાબર નથી. એટલે ગ્રામ લોકો ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સલાહ સૂચન આપી શકે તેમજ ગ્રામપંચાયતનો વહીવટ જોઈ શકે એ માટે વર્ષમાં બે વાર ગ્રામસભા દ્વારા ગ્રામલોકોને તેવો હક મળેલો છે. ગ્રામસભામાં ગ્રામપંચાયતે પોતાનો હેવાલ અને ભવિષ્યમાં હાથધરવાની પ્રવૃત્તિઓનું આયોજન રજૂ કરવાનું હોય છે અને ગ્રામસભાના સભ્યોએ પંચાયતની આર્થિક કામગીરીને બહાલી આપવાની હોય છે. પંચાયતના વાર્ષિક અંદાજપત્ર ઉપર ગ્રામસભામાં જે સવાલો ઊભા થાય તેના જવાબ આપવા સરપંચ બંધાયેલ રહેશે. આ રીતે સરપંચ છેવટે ગ્રામસભાને જવાબદાર છે.

ગ્રામસભાનો કોઈ સભ્ય ગ્રામસભામાં કોઈ દરખાસ્ત રજૂ કરવા માગતો હોય તો તે સરપંચને અથવા તેમની ગેરહાજરીમાં ઉપસરપંચને સભાના બે દિવસ અગાઉ મોકલી શકે છે. સરપંચ આ દરખાસ્ત ગ્રામસભામાં રજૂ કરવી કે કેમ તે અંગે નિર્ણય કરી શકે છે. જો દરખાસ્ત બદનક્ષી ભરેલી, તેની ભાષા અપમાનજનક હોય,તે જાહેર હિતની વિરુદ્ધ હોય તો તેવી દરખાસ્તો સ્વીકારાતી નથી. આ કારણો સિવાય બીજા કોઈ કારણથી દરખાસ્ત

સ્વીકારી શકાય તેમ ન હોય તો તેવી દરખાસ્ત ગ્રામપંચાયત સમક્ષ મૂકીને તે બાબતે પંચાયત જે નિર્ણય કરે તે છેવટનો ગણાશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રામસભાને આગલે દિવસે ગ્રામપંચાયતની સભા બોલાવવાની હોય છે જેમાં ગ્રામસભામાં ચર્ચવાના તમામ મુદાઓ ઉપર વિચાર-વિનિમય કરવાનો હોય છે.

ગ્રામસભાનું સ્થળ આગળ જણાવ્યું તેમ ગ્રામપંચાયતની કચેરી અગર ચોરામાં અથવા જાહેર અનુકૂળ સ્થળે ભરવાની વ્યવસ્થા કરવી કે જેથી ગ્રામસભામાં વધુ સભ્યો હાજર રહી શકે.

દરેક સભામાં આગળની સભાની કાર્યનોંધ વાંચી અને સભાનું અધ્યક્ષસ્થાન લેનારે મંજૂર કરી તેની ઉપર સહી કરવાની છે. સભાના અધ્યક્ષની પરવાનગી વિના બીજું કોઈપણ કામકાજ સભામાં ચલાવવું નહિ. સામાન્ય રીતે કાર્યસૂચિના ક્રમ પ્રમાણે જે મુદાઓ હોય તે ક્રમમાં જ મુદાઓની ચર્ચા કરવી. સભામાં કોઈપણ મુદા ચર્ચવાના બાકી રહ્યા હોય તો હાજર રહેલા સભ્યોની સંમતિથી સભાપિત જે તારીખ, સમય અને સ્થળ નક્કી કરે તે દિવસે સભા ભરી શકાય.

સામાન્ય રીતે ગ્રામસભામાં કામકાજનો ક્રમ નીચે મુજબ રાખવાનો ઠરાવવામાં આવેલ છે.

(૧) આગલી સભાની કાર્યવાહીનું વાચન.

(૨) હક્કપત્રમાં કરેલ ફેરફારોનું વાંચન. પંચાયત મંત્રીએ ગ્રામસભાની માહિતી સારુ વાચન કરવું.

(૩) ગ્રામસભાના નિર્ણયો અંગે લીધેલા પગલાંનો અહેવાલ.

(૪) ગ્રામસભાની છેલ્લી સભા પછી ગ્રામપંચાયતના અગત્યના નિર્ણયો.

(૫) પ્રશ્નોતરી.

(૬) આવક-જાવકનું પત્રક

(૭) હિસાબ તપાસનીશનો અહેવાલ અને તેના જવાબો.

(૮) અંદાજપત્ર, યોજના, ઠરાવો, કાર્યક્રમો વગેરે.

ગ્રામસભાના અધ્યક્ષને કોઈ દરખાસ્ત ગ્રામસભાના અધિકારની બહારની લાગે તો તે દરખાસ્તની ચર્ચાને નામંજૂર કરી શકશે અને તેમ કરતી વખતે તેણે તેના કારણોની લેખિત નોંધ કરવી.

સભા માટે સ્વીકાર્ય બધીજ દરખાસ્તોની ગ્રામસભામાં ચર્ચા કરી શકાશે. ચર્ચા દરમ્યાન ઉપસ્થિત થતા સઘળા પ્રશ્નોનો નિર્ણય અધ્યક્ષ લેશે અને તેમનો નિર્ણય છેવટનો ગણાશે.

ગ્રામસભાના અધ્યક્ષની ફરજ ગ્રામસભાનું કામકાજ ચલાવવાનું અને તેની વ્યવસ્થા જાળવવાની છે. આ માટે તે બધી જ સત્તા વાપરી શકાશે.

કોઈ પ્રસંગે કોઈ સભ્ય અધ્યક્ષના પ્રાધિકારની અવગણના કરે કે સભાની કાર્યવાહીમાં વિધ્નકારી અથવા આક્રમણકારી વર્તણૂંક કરે તો અધ્યક્ષ તેને સભામાંથી બહાર કાઢી મૂકી શકશે. ગ્રામસભાની કાર્યવાહીની નોંધ બાંધેલી ચોપડીમાં ગુજરાતીમાં રાખવાની છે. અને તેની નકલ દિન સાતમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીને અથવા તાલુકા પંચાયતને આ અર્થે અધિકાર આપેલ બીજા કોઈપણ અધિકારીને મોકલી આપવાની રહેશે.

ગ્રામસભાની સમક્ષ રજૂ થયેલા સઘળા પ્રશ્નોનો નિર્ણય તેમાં હાજર રહેલ સભ્યોની બહુમતિથી કરવાનો હોય છે. જ્યારે સરખા મત પડે ત્યારે અધ્યક્ષનો મત નિર્ણાયક મત રહેશે.

**ગ્રામસભાનું મહત્વ :**

આમ પંચાયતીરાજમાં ગ્રામસભા એક નિર્ણાયક લોકશાહી સંસ્થાની બુનિયાદ છે. આપણા દેશની લોકશાહી વ્યવસ્થામાં સંસદ અને રાજ્ય ધારાસભા અગત્યના છે તેટલું જ પંચાયતવાળા ગામોમાં ગ્રામસભાનું મહત્વ છે. ગ્રામસભા દ્વારા ગ્રામ નેતૃત્વની અને લોકશાહીની તાલીમ ગ્રામપ્રજાને મળી રહે છે. જેનાથી જનતા જાગૃત બને છે. ગ્રામ નવનિર્માણના કાર્યો કરવાની તક ગ્રામસભા પુરી પાડે છે. ગ્રામ જનતાની સુષુપ્ત શક્તિને બહાર આણવાની તક ગ્રામસભા દ્વારા મળે છે. જેનાથી નેતૃત્વ અને વિકાસનાં નવા સીમાચિન્હો કંડારાશે.

સફળ અને અસરકારક ગ્રામસભા યોજવા શું કરવું ?

ગ્રામ પંચાયતના વહીવટમાં લોકો રસ લઈ શકે અને પોતાનો સક્રિય ફાળો આપી શકે તે માટે ગ્રામસભાની જોગવાઈ કરાઈ છે. અને આથી જ ગ્રામસભા પંચાયતી રાજની બુનિયાદ ગણાય છે.

(૧) ગ્રામસત્તા જાગ્રત અને સક્રિય નહીં હોવાને કારણે પંચાયતીરાજના પાયાના પ્રશ્નો પુનઃવિચારણા કરવા પ્રેરે છે. ગ્રામસભાની ઈચ્છા મુજબ પંચાયત પોતાની વિકાસયાત્રાના આરંભ કરે તેના બદલે મુઠ્ઠીભર પંચાયતના સભ્યો કહે તેવું ગ્રામજનતાએ સ્વીકારવાનું રહે છે. આ રીતે હાલનું પંચાયતીરાજ ઊલટીગંગા વહેવડાવે છે તેમ લાગે છે. આ અંગે કાયદામાં મૂળભૂત પરિવર્તન કરવાની જરૂર જણાય છે. તે અંગે વિચારવું જરૂરી છે.

(૨) ગ્રામસભાએ માત્ર સૂચનો જ કરી શકે. તેના અમલ અંગેનો નિર્ણય પંચાયત કરે. આ બંને બાબતોનો સુમેળ સાધવો જોઈએ અને ગ્રામસભાએ કરેલ નિર્ણયનો અમલ

પંચાયતે લેવો જોઈએ. જેમ સંસદ કે ધારાસભા નિર્ણય કરે તેનો પ્રધાનમંડળે અમલ કરવાનો જ હોય છે તેવી પરિસ્થિત ગ્રામસભા અને ગ્રામપંચાયત વચ્ચે ઊભી કરવી જોઈએ. ગ્રામસભાને અસરકારક મહત્વ આપવું જોઈએ તોજ લોકશાહી વિકેન્દ્રીકરણસાચા અર્થમાં થયેલ ગણાશે.

અંતમાં ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી બાજપેયી જણાવે છે તેમ ૭૩મા બંધારણીય સુધારા સત્તાશીલ ગ્રામસભાની દિશામં અને સાચા અર્થમાં ગ્રામસ્વરાજ્યની દિશામાં દોરનાર બંધારણીય ધારો છે. કારણ તેમાં ૧૮ વર્ષની ઉપરના બધા જ ગ્રામવાસીઓ ગ્રામસભાના સભ્યો છે. અને તેમનું આગવું ભાવિ ઘડવાનો અબાધિત હક્ક ધરાવે છે. ગ્રામસભા એક એવું મંચ છે જ્યાં કચડાયેલો વર્ગ અને ગરીબમાં ગરીબ વર્ગના લોકો તેમના જીવનને અસર કરતા નિર્ણયોમાં તેમનો અવાજ ધરાવી શકે છે.

**ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું છે તેમ ગ્રામસભાઃ**

(૧) ગામડામાં હાથ ધરાનારા વિકાસલક્ષી કાર્યોની રૂપરેખા તૈયાર કરી અગ્રતાના ધોરણે તેમને અમલમાં મૂકશે.

(૨) ગ્રામપંચાયત માટેની વાર્ષિક યોજનાને મંજૂરી આપશે.

(૩) મહિલાઓ, અનુસૂચિત જાતિઓ અને અનુચિત જનજાતિઓની સક્રિય ભાગીદારી નિશ્ચિત બનાવશે.

(૪) ગ્રામપંચાયતના કામકાજમાં પારદર્શકતા લાવશે.

(૫) ગ્રામપંચાયતનો હિસાબો તપાસવાનો હક્ક અદા કરશે(સામાજિક ઓડિટ)

(૬) ઈન્દિરા આવાસ યોજના, જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના અને ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળના લાભાર્થીઓનું ચયન કરશે.

(૭) જવાહર ગ્રામસમૃદ્ધિ યોજના હેઠળના કાર્યોને મંજુરી આપશે.

(૮) ગામની કુદરતી સંપત્તિઓના વ્યવસ્થાપન ઉપર સંપૂર્ણ નિયંત્રણ મેળવવાની દિશામાં કાર્યરત રહેશે.

દર વર્ષે ઓછામાં ઓછા ચારવાર તેની બેઠકો મળશે. ર૬મી જાન્યુઆરી, ૧લી મે, ૧૫મી ઓગષ્ટ અને ર઼જી ઓક્ટોબરે બેઠકો મળે તો સારૂં.

"ગ્રામસભાનું ઉજ્જવળ ભવિષ્ય છે કારણકે ગ્રામીણ જનતાનું ઉજ્જવળ ભવિષ્ય છે."

## પ્રકરણ - ૪

# ઉત્તરદાતાઓ (ગ્રામજનો)ની સામાજિક-આર્થિક પરિસ્થિતિ

## પ્રકરણ - ૪

# ઉત્તરદાતાઓ (ગ્રામજનો)ની સામાજિક આર્થિક પરિસ્થિતિ

**પ્રસ્તાવના :**

ગ્રામ પંચાયત આપણી ગ્રામીણ સંસ્કૃતિ અને શાસન વ્યવસ્થામાં અતિ મહત્ત્વનું એક ઘટક છે. આઝાદી બાદ આપણું સંવિધાન ઘડાયું ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "સત્તાનું કેન્દ્ર અત્યારે દિલ્હીમા અથવા કલકત્તા અને મુંબઈ જેવા મહાનગરોમાં છે પરંતુ હું તો ઈચ્છું કે આ સત્તા ભારતના સાત લાખ ગામડામાં વહેંચી દેવામાં આવે." ગાંધીજીના આ આદર્શને પૂર્ણ બનાવવા માટે આજે આપણા સંવિધાને ૭૩માં બંધારણીય સુધારા દ્વારા રાજ્યને પંચાયતો રચવાનો અને સ્વરાજયની સત્તાઓ સોંપવાનો આદેશ આપેલ છે. અને આ પંચાયતોની સફળતાનો આધાર લોકજાગૃતિ છે. આઝાદીની જાળવણી માટે પણ સતત જાગૃત રહેવું જરૂરી છે. પંચાયતી રાજએ ગ્રામ સમાજના સર્વાંગી વિકાસ માટેની ગ્રામજનોના સહયોગથી અને તેમના સહકારથી ટકી શકે તેવી વ્યવસ્થા હોઈ લોકોની જાગૃતિ અને ભાગીદારી બંને ખૂબ જ મહત્ત્વના છે. ગ્રામજનો જો સહકાર અને સાથ આપશે તેમજ ગ્રામસભામાં હાજર રહી સક્રિય રીતે ગામના વિકાસના કામોમાં ભાગ લેશે તો જ ગામનો વિકાસ સારી રીતે થઈ શકશે. ગ્રામજનોમાં કેવી જાગૃતિ છે અને ગ્રામસભા અંગે તેમનું મંતવ્ય કેવું છે વગેરે અંગે મોજણી અભ્યાસ કર્યો છે. ગ્રામસભાના મોજણી અભ્યાસ માટે કેન્દ્ર દ્વારા પાંચ જિલ્લાના ઉત્તરદાતાઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ઉત્તરદાતાઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિષે પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે.

**વલસાડ જિલ્લાના પસંદ કરેલ તાલુકા અને ગામો**

વલસાડ જિલ્લા અને નવસારી જિલ્લાના અભ્યાસ માટે બે તાલુકા પસંદ કર્યા છે. (૧) વલસાડ (૨) વાંસદા તાલુકા. બન્ને તાલુકાના કુલ ૧૦ ગામ પસંદ કર્યા છે તે નીચે પ્રમાણે છે.

**(૧) વલસાડ તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) અલ્લામા (૨) મરલા (૩) પારડી પારગેરા (૪) રોણવેલ (૫) તીથલ

**(૨) વાંસદા તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) પીપલખેડ (૨) ધોડમાળ (૩) કાવડેજ (૪) વાડીચોંઢા (૫) કેલિયા

આ રીતે વલસાડ અને નવસારી જિલ્લાના કુલ બે તાલુકાના ૧૦ ગામનો અભ્યાસ કર્યો છે.

(૧) વલસાડ અને નવસારી જિલ્લાના ઉત્તરદાતાની (ગ્રામજનો) સામાજિક પરિસ્થિતિઃ

વલસાડ અને નવસારી જિલ્લાના ઉત્તરદાતા (ગ્રામજનો)ની સામાજિક પરિસ્થિતિ કેવી છે તેની વિગતો નીચે મુજબ જાણવા મળી છે

**કોઠા નં. ૪.૧**

**ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | જાતિ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | આદિવાસી | ૪૩ | ૮૬ |
| ૨ | બક્ષીપંચ | ૦૭ | ૧૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વલસાડ અને વાંસદા તાલુકામાં પસંદ કરેલ ગામોમાં આદિવાસી જાતિના લોકો સૌથી વધુ જોવા મળે છે ૪૩ એટલે ૮૬ ટકા છે અને બક્ષીપંચ જાતિના લોકો સૌથી ઓછા છે જે ૭ એટલે ૧૪ ટકા છે.

આ પ્રમાણે જોતા આ બંને તાલુકામાં આદિવાસી જાતિનું પ્રમાણ બીજી જાતિ કરતાં સૌથી વધુ છે. તેમાં ધોડિયા, કુકણા, કોટવાડિયા, કોલચા, વારલી વગેરે આદિવાસી જાતિઓ છે અને બીજી જાતિના લોકો ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે.

**કોઠા નં.૪.૨**

**ઉંમર દર્શાવતો કોઠો**

| ક્રમ | ઉંમર | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૮ થી ૩૦ વર્ષ | ૦૪ | ૦૮ |
| ૨ | ૩૧ થી ૪૦ | ૧૧ | ૨૨ |
| ૩ | ૪૧ થી ૫૦ | ૧૮ | ૩૬ |
| ૪ | ૫૧ થી ૬૦ | ૧૩ | ૨૬ |
| ૫ | ૬૧ થી વધુ | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે વલસાડ અને વાંસદા તાલુકાના પસંદ કરેલ ગામના ઉત્તરદાતાની ઉંમર ૧૮ થી ૩૦ વર્ષ્ની ઉંમરના એટલે કે યુવાન ઉત્તરદાતાઓ ૪ એટલે કે ૮ ટકા છે. અને ૩૧ થી ૪૦ વર્ષથી ઉંમરના ઉત્તરદાતા ૧૧ એટલે ૨૨ ટકા છે. ૧૮ એટલે

૩૬ ટકા ઉત્તરદાતાની ઉંમર ૪૧ થી ૫૦ વર્ષ છે. અને ૫૧ થી ૬૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતા ૧૩ એટલે ૨૬ ટકા છે. ૬૧ થી વધુ ઉંમરના છે. તે ૪ એટલે ૮ ટકા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતા ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના છે અને સૌથી ઓછા ઉત્તરદાતા ૧૮ થી ૩૦, ૬૧ થી વધુ ઉંમરના છે. જેમાં ચાર ટકા છે. આ પ્રમાણેની ઉંમરના ઉત્તરદાતાઓ પાસેથી ગ્રામસભા મુલ્યાંકન અભ્યાસની માહિતી મેળવેલ છે.

**કોઠા નં. ૪.૩**

**શિક્ષણનું પ્રમાણ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભણ | ૦૮ | ૧૬ |
| ૨ | લખી વાંચી શકે | ૦૩ | ૦૬ |
| ૩ | પ્રાથમિક | ૨૭ | ૫૪ |
| ૪ | માધ્યમિક | ૧૦ | ૨૦ |
| ૫ | ઉચ્ચ શિક્ષણ | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે વલસાડ અને વાંસદા તાલુકાના ઉત્તરદાતા ૮ એટલે ૧૬ ટકા અભણ છે. લખી વાંચી શકે તેવા ૩ એટલે ૬ ટકા છે. પ્રાથમિક સુધી અભ્યાસ કરેલ છે તે ૨૭ એટલે ૫૪ ટકા ઉત્તરદાતા છે અને માધ્યમિક સુધી અભ્યાસ કરેલ છે તે ૧૦ એટલે ૨૦ ટકા છે. ઉચ્ચ શિક્ષણ મેળવેલ ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતા એ પ્રાથમિક સુધીનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે સૌથી ઓછા ઉત્તરદાતાઓએ ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષણ મેળવેલ છે. આ પ્રમાણે જોતા એકંદરે ઉત્તરદાતાઓનું શિક્ષણ સારું જોવા મળે છે.

**કોઠા નં. ૪.૪**

**ઘરની સ્થિતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | કાચું | ૪૦ | ૮૦ |
| ૨ | પાકું | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા આધારે જોઈ શકાય છે કે ઉત્તરદાતાના ઘર કાચા છે. તેવા ૪૦ એટલે ૮૦ ટકા છે અને પાકા ઘર છે. તેવા ઉત્તરદાતા ૧૦ એટલે ૨૦ ટકા ઉત્તરદાતા છે. પાકા ઘરની દિવાલો પાકી ઈંટની અને છાપરા ઉપર વિલાયતી નળિયાં અથવા ધાબા ભરેલા એટલે ઉપર સ્લેબ હોય છે. પરંતુ મોટા ભાગના મકાનો નળિયાવાળાં હોય છે અને કાચા ઘરની દિવાલ માટીની અથવા કેટલાંક પાતળા લાકડાની બાંધેલી દિવાલો પણ જોવા મળે છે અને છાપરા ઉપર નળિયા ગોડવવા માટે વાંસની ચીપટો બનાવીને તે છાપરા ઉપર બાંધે છે. પછી તેના ઉપર નળિયા ગોઠવે છે આ રીતે તેઓ ઘર બનાવે છે.

વલસાડ જિલ્લાના ઉત્તરદાતાઓના ઘર દરેકના પોતાની માલિકીના છે. પરંતુ ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાના ઘર ભાડાના છે. આ ઉપરાંતના દરેકના ઘરો માલિકીના છે. કારણ કે તેઓ પોતાની જમીનમાં રહેતા હોય છે માટે પોતાની જમીનમાં ઘર પોતાનું બનાવી રહે છે.

ઉત્તરદાતાઓના વૈવાહિક દરજ્જા અંગે અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કેઅભ્યાસ હેઠળના બધાં જ ઉત્તરદાતા પરિણિત છે કોઈ અપરિણીત કે વિધવા અન્ય ઉત્તરદાતા નથી બધાં જ પરિણિત છે.

**ઉત્તરદાતાની (ગ્રામજનોની) આર્થિક પરિસ્થિતિ :**

વલસાડ જિલ્લાના પસંદ કરેલ તાલુકાના ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ કેવી છે તેની વિગતો નીચે મુજબ જાણવા મળી છે.

**કોઠા નં. ૪.૫**

**મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૪૩ | ૮૬ |
| ૨ | વ્યાપાર | ૦૨ | ૦૪ |
| ૩ | છૂટક મજૂરી | ૦૩ | ૦૬ |
| ૪ | નોકરી | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

પ્રસ્તુત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે મુખ્ય વ્યવસાય ખેતી છે તે ૪૩ એટલે ૮ ટકા ઉત્તરદાતા છે. વ્યાપાર કરે છે તે ૨ એટલે ૪ ટકા છે અને ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય છૂટક મજૂરી છે. જ્યારે નોકરી મુખ્ય વ્યવસાય છે તે ઉત્તરદાતા ૨ એટલે ૪ ટકા છે.

આ પ્રમાણે જોતા મોટાભાગના ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. ઓછામાં આછા ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય વ્યાપાર અને નોકરી છે જેમાં બે બે એટલે ચાર ચાર ટકા છે. કારણ કે શિક્ષણનું પ્રમાણ ઓછું છે તેથી બહુ ઓછા લોકો નોકરી કરે છે. ૬ ટકા ઉત્તરદાતા પાસે કોઈ આવક નથી માટે તેઓ છૂટક મજૂરી કરી અને તેમનું જીવન નિર્વાહ કરે છે જમીન ઓછી છે. તેઓ આખો દિવસ સખત મહેનત અને મજૂરી કરી પૂરક આવક મેળવવા ગૌણ વ્યવસાય કરવો પડે છે.

**કોઠા નં. ૪.૬**

**ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પશુપાલન | ૦૫ | ૧૦ |
| ૨ | વ્યાપાર | ૦૩ | ૦૬ |
| ૩ | ખેત મજૂરી | ૪૨ | ૮૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠાને આધારે જાણી શકાય છે કે ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય વધુમાં વધુ લોકો ખેત મજૂરી કરે છે અને ઓછામાં ઓછા વ્યાપાર કરે છે. બીજા ઉત્તરદાતાઓ પશુપાલન કરે છે આ રીતે ઉત્તરદાતાઓ તેમનું જીવન નિર્વાહ કરે છે. કોઠા પ્રમાણે જોતા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતાઓ પશુપાલન ગૌણ વ્યવસાયમાં કરે છે અને વ્યાપાર ગૌણ વ્યવસાયમાં છે તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે. જ્યારે સૌથી વધુ ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય ખેતમજૂરી છે તે ૪૨ એટલે ૮૪ ટકા લોકો જોવા મળે છે.

**કોઠા નં. ૪.૭**

**જમીન છે કે નહિ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૯૦ |
| ૨ | ના | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વલસાડ અને વાંસદા તાલુકાના પસંદ કરેલ ગામના ઉત્તરદાતાઓ પાસે જમીન છે તે ૪૫ એટલે ૯૦ ટકા છે અને જમીન નથી તે ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે.

આમ જોતા આ પરથી જાણવા મળે છે કે મોટા ભાગના લોકો પાસે વધતા ઓછા પ્રમાણમાં જમીન છે.

**કોઠા નં. ૪.૮**

**જમીન છે તો કેટલા એકર જમીન છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ એકર | ૨૯ | ૫૮ |
| ૨ | ૬ થી ૧૦ | ૧૨ | ૫૪ |
| ૩ | ૧૧ થી ૧૫ | ૦૩ | ૦૬ |
| ૪ | ૧૬ થી ૨૦ | ૦૧ | ૦૨ |
| ૫ | જમીન નથી તે | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે ૧ થી ૫ એકર જમીન છે તેવા ૨૯ એટલે ૫૮ ટકા ઉત્તરદાતા છે. ૧૨ એટલે ૨૪ ટકા ઉત્તરદાતા પાસે ૬ થી ૧૦ એકર જમીન છે. ૧૧ થી ૧૫ એકર જમીન છે તેવા ૩ એટલે ૬ ટકા છે અને ૧૬ થી ૨૦ એકર જમીન છે તેવા ઉત્તરદાતા ૧ એટલે ૨ ટકા છે. જમીન નથી તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે. વધારેમાં વધારે ઉત્તરદાતાઓ પાસે ૧ થી ૫ એકર જમીન છે અને ઓછામાં ઓછા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાઓ પાસે ૧૬ થી ૨૦ એકર જમીન છે.

ઉપરોક્ત કોઠામાં દર્શાવેલ બધી જ જમીન ખેતીલાયક જમીન છે અને તેમના ઘરો પડતર અથવા ખરાયા. બિન ઉપયોગી જમીનમાં બનાવેલ હોય છે તેથી ખેતીલાયક જમીન બગડે નહી તે હેતુમાં ઘરો બનાવતા હોય છે માટે કોઠામાં દર્શાવેલ બધી જ જમીન ખેતીલાયક જમીન છે.

પાકમાં જોઈએ તો આ જમીનમાં ડાંગર, શેરડી, તુવર, અડદ જેવા પાકો લે છે. અને ફળફળાદિમાં કેરી, જામફળ, ચીકુ જેવા પાકો પણ લે છે મોટા ભાગના ખેડૂતો ડાંગર અને શેરડીનો પાક લે છે. આ ઉપરાંત ઓછાવત્તા પ્રમાણમાં તુવર, અડદ, જેવા પાક લે છે વર્ષમાં બે વાર પાક લે છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે. ખેડૂતો પાસે સિંચાઈની સગવડ હોય તે વર્ષમાં બે વાર પાક લે છે અને સિંચાઈની સગવડ નથી તેઓ વરસાદના આધારે ખેતી કરે છે. જેથી વર્ષમાં એકવાર પાક લે છે. સિંચાઈમાં કુવા, નદીની સગવડ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ તે ખેતીમાં પૂરું પડતું નથી માટે વર્ષમાં એકવાર પાક લે છે.

### કોઠા નં. ૪.૯

### સિંચાઈની સગવડ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૨૦ | ૪૦ |
| ૨ | ના | ૩૦ | ૬૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા પરથી જાણવા મળે છે કે સિંચાઈની સગવડ છે તેવા ઉત્તરદાતા ૨૦ એટલે ૪૦ ટકા છે  અને સિંચાઈની સગવડ નથી તેવા ઉત્તરદાતા ૩૦ એટલે ૬૦ ટકા છે.

વધુમાં વધુ ઉત્તરદાતાઓને સિંચાઈની સગવડ નથી ઓછામાં ઓછા ૪૦ ટકા ઉત્તરદાતાઓને સિંચાઈની સગવડ છે તેઓ નહેર અને નદી દ્વારા સિંચાઈ કરે છે અને ૬૦ ટકા ઉત્તરદાતાઓ બીજા પાસેથી ભાડે પાણી લઈને પાક લે છે અથવા વરસાદની રાહ જાવી પડે છે. વલસાડ જિલ્લામાં વરસાદનું પ્રમાણ સારું છે અને જમીન પણ ફળદ્રુપ હોવાથી ઓછી મહેનતે લોકો સારું ઉત્પાદન લઈ શકે છે.

### કોઠા નં. ૪.૧૦

### વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ હજાર | ૧૬ | ૩૨ |
| ૨ | ૬ થી ૧૦ | ૧૩ | ૨૬ |
| ૩ | ૧૧ થી ૨૦ | ૦૭ | ૧૪ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૦૬ | ૧૨ |
| ૫ | ૩૧ થી ૪૦ | ૦૭ | ૧૪ |
| ૬ | ૪૧ થી વધુ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણવા મળે છે કે ૧ થી ૫ હજાર વાર્ષિક આવક છે તેવા ૧૬ એટલે ૩૨ ટકા ઉત્તરદાતા છે. ૧૩ એટલે ૨૬ ટકા ઉત્તરદાતાઓ ૬ થી ૧૦ હજાર વાર્ષિક આવક ધરાવે છે. ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક આવક છે તેવા ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે. ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતાની વાર્ષિક આવક ૨૧ થી ૩૦ હજાર છે અને ૭ એટલે

૧૪ ટકા ઉત્તરદાતાની વાર્ષિક આવક ૩૧ થી ૪૦ હજાર છે. જ્યારે ૪૧ થી વધુ વાર્ષિક આવક છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતાં વધુમાં વધુ ઉત્તરદાતા ૧ થી ૫ હજાર વાર્ષિક આવક ધરાવે છે અને સૌથી ઓછા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાઓની વાર્ષિક આવક ૪૧ હજારથી વધુ છે. આના પરથી અહીંના લોકોની આર્થિક પરિસ્થિતિ કેટલી ખરાબ છે તેનો ખ્યાલ આવે છે.

**કોઠા નં. ૪.૧૧**

**વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત (હજારમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ | ૨૧ | ૪૨ |
| ૨ | ૬ થી ૧૦ | ૦૯ | ૧૮ |
| ૩ | ૧૧ થી ૨૦ | ૦૭ | ૧૪ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૦૬ | ૧૨ |
| ૫ | ૩૧ થી ૪૦ | ૦૬ | ૧૨ |
| ૬ | ૪૧ થી વધુ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠાને આધારે જોતાં ઉત્તરદાતાઓનું વાર્ષિક ખર્ચ ૧ થી ૫ હજાર થાય છે તેવા ૨૧ એટલે ૪૨ ટકા છે. ૬ થી ૧૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૯ એટલે ૧૮ ટકા ઉત્તરદાંતા છે. ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે. ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે અને ૩૧ થી ૪૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે જ્યારે ૪૧ હજારથી વધુ વાર્ષિક ખર્ચ થાય છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જાતા વાર્ષિક ખર્ચ ૧ થી ૫ હજાર રૂપિયા થાય છે તેવા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધારે છે. જ્યારે ચાર હજારથી વધુ વાર્ષિક ખર્ચ કરનાર ઉત્તરદાતા માત્ર એક જ છે. આમ આવક ઓછી હોવાથી મોટા ભાગના લોકો ખર્ચ પણ ઓછું કરનાર હોય તે સ્વાભાવિક છે.

### કોઠા નં. ૪.૧૨

### દેવું દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત (હજારમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૮ | ૩૬ |
| ૨ | ના | ૩૨ | ૬૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા ઉપરથી જાણવા મળે છે કે ૧૮ એટલે કે ૩૬ ટકા ઉત્તરદાતાઓને દેવું છે. દેવું નથી તેવા ૩૨ એટલે ૬૪ ટકા ઉત્તરદાતા છે.

આ પરથી જણાય છે કે આ વધારે ઉત્તરદાતાઓ પાસે દેવું નથી. જ્યારે ઓછા ઉત્તરદાતાઓ પાસે દેવું છે.

### કોઠા નં. ૪.૧૩

### કોની પાસેથી દેવું લીધેલું છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | બેંક પાસેથી | ૧૨ | ૨૪ |
| ૨ | શેઠ શાહુકાર પાસેથી | ૦૩ | ૦૬ |
| ૩ | સગા સંબંધી પાસેથી | ૦૩ | ૦૬ |
| ૪ | દેવું નથી તે | ૩૨ | ૬૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વલસાડ અને વાંસદા તાલુકાના ઉત્તરદાતાઓએ દેવું બેંક પાસેથી લીધું છે તેવા ૧૨ એટલે ૨૪ ટકા છે. શેઠ શાહુકાર પાસેથી દેવું લીધુ છે તેવા ૩ એટલે ૬ ટકા છે અને સગા સંબંધી પાસેથી લીધુ છે તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે. દેવુ નથી તેવા ૩૨ એટલે ૬૪ ટકા ઉત્તરદાતા છે.

આમ વધુમાં વધુ ઉત્તરદાતાઓ બેંક પાસેથી દેવુ લીધુ છે (દુકાનની લોન, ભેંસની લોન વગેરે માટે) તે ૨૪ ટકા ઉત્તરદાતાઓ છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓ એ શેઠ શાહુકાર પાસેથી અને સગા સંબંધી પાસેથી દેવું લીધુ છે. આમ આજે લોકો મોટે ભાગે બેંકમાંથી લોન લેતા થયા છે.

કોઠા નં. ૪.૧૪

દેવું શા માટે લીધું છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતીના વિકાસ માટે | ૦૬ | ૧૨ |
| ૨ | મકાન બાંધવા માટે | ૦૧ | ૦૨ |
| ૩ | લગ્ન કરવા માટે | ૦૬ | ૧૨ |
| ૪ | અન્ય ધંધા માટે | ૦૫ | ૧૦ |
| ૫ | દેવુ નથી તે | ૩૨ | ૬૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાઓએ દેવુ ખેતીના વિકાસ માટે લીધુ છે તેવા ૬ એટલે કે ૧૨ ટકા છે અને ઘર બાંધવા માટે દેવુ લીધુ છે તેવા ૧ એટલે ૨ ટકા છે. પુત્ર-પુત્રીના લગ્ન કરાવવા માટે દેવુ લીધુ છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે. અને અન્ય ધંધા અર્થે દેવું લીધું છે તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છ. જ્યારે દેવુ નથી તેવા ૩૨ એટલે ૬૪ ટકા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાઓએ ખેતી અને લગ્ન માટે દેવું લીધુ છે. ઓછામાં ઓછા ૨ ટકા ઉત્તરદાતાઓએ મકાન બાંધવા માટે દેવુ લીધુ છે.

કોઠા નં. ૪.૧૫

કેટલુ દેવું લીધુ છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ હજાર | ૧૦ | ૨૦ |
| ૨ | ૧૧ થી ૨૦ હજાર | ૦૫ | ૧૦ |
| ૩ | ૨૧ થી ૩૦ | ૦૧ | ૦૨ |
| ૪ | ૩૧ થી વધુ | ૦૨ | ૦૪ |
| ૫ | દેવું નથી તે | ૩૨ | ૬૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પ્રમાણે જોતા સ્પષ્ટ થાય છે કે દેવુ ૧ થી ૧૦ હજાર છે તેવા ૧૦ એટલે ૨૦ ટકા ઉત્તરદાતા છે. ૧૧ થી ૨૦ હજાર રૂપિયા દેવુ છે તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે. ૨૧ થી ૩૦ હજાર રૂપિયા દેવુ છે તેવા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે અને ૩૧ હજાર રૂપિયાથી વધુ દેવુ છે તેવા ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા છે દેવું નથી તેવા ૬૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુ માં વધુ ઉત્તરદાતાઓએ ૧ થી ૧૦ હજાર રૂપિયા દેવું લીધું છે અને ઓછામાં ઓછાં ઉત્તરદાતાઓએ ૨૧ થી ૩૦ હજાર રૂપિયા દવું લીધું છે.

## વડોદરા જિલ્લો

**(૨) વડોદરા જિલ્લાના પસંદ કરેલ તાલુકા અને ગામો**

વડોદરા જિલ્લામાં અભ્યાસ માટે બે તાલુકા પસંદ કર્યા છે. (૧) વડોદરા (૨) છોટાઉદેપુર તાલુકા. આ બન્ને તાલુકાનો કુલ ૧૦ ગામ પસંદ કર્યા છે. તે નીચે પ્રમાણે છે.

**(૧) વડોદરા તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) છાણી (૨) દશરણ (૩)સાકરદા (૪) કલ્યાણપુરા (૪) ઊંડેરા

**(૨) છોટાઉદેપુર તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) રોનવાડ (૨) ઘેલવા (૩) ધધંધોડા (૪) સીંગલા (૫) ગાબડીયા

આ પ્રમાણે વડોદરા જિલ્લાના બે તાલુકાના દસ (૧૦) ગામનો અભ્યાસ કર્યો છે.

**વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓ (ગ્રામજનો) ની આર્થિક સામાજિક પરિસ્થિતિ**

વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓની સામાજિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે મુજબ જાણવા મળી છે.

**કોઠા નં. ૪.૧૬**

**ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પટેલ | ૦૪ | ૦૮ |
| ૨ | રજપુત | ૦૫ | ૧૦ |
| ૩ | હરિજન | ૧૮ | ૩૬ |
| ૪ | આદિવાસી | ૧૮ | ૩૬ |
| ૫ | રબારી | ૦૩ | ૦૬ |
| ૬ | મુસ્લિમ | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠામાં જણાવ્યા પ્રમાણે સૌથી વધુ હરિજન અને આદિવાસી જાતિના ઉત્તરદાતા ૧૮ એટલે ૩૬ ટકા ઉત્તરદાતા છે અને સૌથી ઓછા મુસ્લિમ ૪ ટકા છે. બીજી જાતિના લોકોમાં પટેલ ૪ એટલે ૮ ટકા છે. રજપુત ૫ એટલે ૧૦ ટકા છે અને રબારી ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે.

આમ, ઉત્તરદાતાઓમાં આદિવાસીઓ અને હરિજનોનું પ્રમાણ વધારે છે. વડોદરા જિલ્લામાં મુખ્યત્વે રાઠવા, તડવી વગેરે આદિવાસી જાતિના લોકો વસે છે. વડોદરા જિલ્લામાં અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાં મુસ્લિમ જાતિના લોકોનું પ્રમાણ ઓછું છે.

કોઠા નં. ૪.૧૭

ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત (ઉંમર) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૮ થી ૩૦ વર્ષ | ૦૯ | ૦૮ |
| ૨ | ૩૧ થી ૪૦ | ૧૭ | ૩૪ |
| ૩ | ૪૫ થી ૫૦ | ૨૨ | ૪૪ |
| ૪ | ૫૧ થી ૬૦ | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠાના આધારે જોતા ૧૮ થી ૩૦ વર્ષની ઉંમરના ૯ એટલે ૧૮ ટકા ઉત્તરદાતા યુવાન છે અને ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરના ૧૭ એટલે ૩૦ ટકા ઉત્તરદાતા છે. ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના ૨૨ એટલે ૪૪ ટકા ઉત્તરદાતા છે અને ૫૧ થી ૬૦ વર્ષના ઉત્તરદાતાઓ ૨ એટલે ૪ ટકા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતાઓ છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતા ૫૧ થી ૬૦ વર્ષના છે.

કોઠા નં. ૪.૧૮

શિક્ષણનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભણ | ૦૫ | ૧૦ |
| ૨ | લખી વાંચી શકે | ૦૨ | ૦૪ |
| ૩ | પ્રાથમિક | ૨૩ | ૪૬ |
| ૪ | માધ્યમિક | ૧૯ | ૩૮ |
| ૫ | ઉચ્ચ માધ્યમિક | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતાઓ અભણ છે. લખી વાંચી શકે તેવા ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા છે. પ્રાથમિક શિક્ષણ લીધેલા ઉત્તરદાતા ૨૩ એટલે ૪૬ ટકા છે અને માધ્યમિક સુધી શિક્ષણ મેળવેલા ૧૯ એટલે ૩૮ ટકા ઉત્તરદાતા છે. ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાઓએ ઉચ્ચ માધ્યમિક સુધી શિક્ષણ મેળવેલ છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાઓએ પ્રાથમિક સુધી શિક્ષણ મેળવેલ છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓએ ઉચ્ચ માધ્યમિક સુધી અભ્યાસ કરેલ છે. અભણ, લખી વાંચી શકે અને માધ્યમિક સુધી અભ્યાસ કર્યો હોય તે, વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

**કોઠા નં. ૪.૧૯**

**ઘરની સ્થિતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | કાચું | ૦૮ | ૧૬ |
| ૨ | પાકું | ૪૨ | ૮૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠાના આધારે જોતાં વડોદરા જિલ્લાનાં ઉત્તરદાતાના ઘરો ૮ એટલે ૧૬ ટકા ઘરો કાચા છે અને પાકા ઘર ૪૨ એટલે ૮૪ ટકા ઉત્તરદાતાના ઘર પાકા છે. આ બતાવે છે કે તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયેલ છે. કારણ વડોદરા જિલ્લાના ઉત્તરદાતાના ઘરોમાં વધારેમાં વધારે પાકા ઘરો છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાના ઘરો કાચા છે તેઓ પોતાની માલિકીના ઘરોમાં રહે છે કોઈ પણ ઉત્તરદાતા ભાડાના મકાનમાં રહેતા નથી.

વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓના વૈવાહિક દરજ્જા અંગે અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કે અભ્યાસ હેઠળના બધાં જ ઉત્તરદાતા પરિણીત છે કોઈ અપરિણીત, વિધવા, છુટાછેડાવાળા ઉત્તરદાતા નથી. બધાં જ પરિણીત ઉત્તરદાતા છે.

**ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ**

વડોદરા જિલ્લાના પસંદ કરેલ તાલુકાના ઉત્તરદાતાની (ગ્રામજનોની) આર્થિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે મુજબ જાણવા મળી હતી.

**કોઠા નં. ૪.૨૦**

**મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૪૪ | ૮૮ |
| ૨ | વ્યાપાર | ૦૩ | ૦૬ |
| ૩ | પશુપાલન | ૦૧ | ૦૨ |
| ૪ | નોકરી | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે તેવા ૪૪ એટલે૮૮ ટકા છે. વ્યાપાર મુખ્ય વ્યવસાય છે. તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે અને પશુપાલન મુખ્ય વ્યવસાય છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે જ્યારે નોકરી કરે છે તેવા ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે અને ઓછા વત્તા પ્રમાણમાં વ્યાપાર, નોકરી, મુખ્ય વ્યવસાય કરે છે આ લોકો જમીન છે તે ખેતી કરે છે અને જમીન નથી તે ઉત્તરદાતાઓ મહેનત, મજૂરી, વ્યાપાર, નોકરી કરી અને તેમનું જીવનનિર્વાહ ચલાવે છે.

**કોઠા નં. ૪.૨૧**

**ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પશુપાલન | ૨૨ | ૪૪ |
| ૨ | વ્યાપાર | ૦૫ | ૧૦ |
| ૩ | ખેત મજૂરી | ૧૫ | ૩૦ |
| ૪ | અન્ય ધંધો | ૦૮ | ૧૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

પ્રસ્તુત કોઠા પરથી જાણવા મળે છે કે વડોદરા જિલ્લાના ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય પશુપાલન છે તે ૨૨ એટલે ૪૪ ટકા ઉત્તરદાતા છે. વ્યાપાર ગૌણ વ્યવસાય છે તે ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે અને ખેતમજૂરી ગૌણ વ્યવસાય છે તે ૧૫ એટલે ૩૦ ટકા ઉત્તરદાતા

છે. અન્ય ધંધો કરે છે તે ૮ એટલે ૧૬ ટકા ઉત્તરદાતા છે તેઓ અન્યમાં ઊંટગાડી ચલાવતા હોય તે, ફેક્ટરીમાં કામ કરતા, સુથારીકામ, લુહારીકામ. આ ધંધો કરતા હોય તેમને અન્ય ધંધામાં લીધા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાઓ પશુપાલન ગૌણ વ્યવસાય કરે છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓ વ્યાપાર ગૌણ વ્યવસાયમાં કરે છે આ ઉપરાંતના ઉત્તરદાતાઓ ખેતમજૂરી અને અન્ય ધંધો કરી તેમની રોજીરોટી મેળવી તેમનું જીવન નિર્વાહ ચલાવે છે.

**કોઠા નં. ૪.૨૨**

**ઉત્તરદાતાઓ પાસે જમીન છે કે નહીં તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૫ | ૯૦ |
| ૨ | ના | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતા પાસે જમીન છે તેવા ૪૫ એટલે ૯૦ ટકા છે અને જમીન વિહોણા ઉત્તરદાતા ૫ એટલે ૧૦ ટકા છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે મોટા ભાગના લોકો પાસે જમીન છે. બહુ ઓછા લોકો જમીન વગરના છે. એકંદરે આર્થિક સ્થિતિ સારી છે તેમ જણાય છે.

**કોઠા નં. ૪.૨૩**

**કેટલી જમીન છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ એકર | ૦૫ | ૧૦ |
| ૨ | ૬ થી ૧૦ | ૩૨ | ૬૪ |
| ૩ | ૧૧ થી ૧૫ | ૦૬ | ૧૨ |
| ૪ | ૧૬ થી ૨૦ | ૦૨ | ૦૪ |
| ૫ | જમીન નથી | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠામાં જણાવ્યા પ્રમાણે ઉત્તરદાતા પાસે ૧ થી ૫ એકર જમીન છે તેવા ૫ એટલે ૧૦ ટકા છે અને ૬ થી ૧૦ એકર જમીન છે તેવા ૩૨ એટલે ૬૪ ટકા ઉત્તરદાતા

છે. ૧૧ થી ૧૫ એકર જમીન છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે. ૧૬ થી ૨૦ એકર જમીન છે તેવા ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા છે અને જમીન નથી તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે.

ઉપરોક્ત દર્શાવેલ જમીન ખેતીલાયક જમીન છે અને પાકમાં જોઈએ તો વડોદરા જિલ્લામાં મકાઈ, ડાંગર, શેરડી, મગફળી, જુવાર, અડદ, તુવર, તમાકુ, મગ અન્ય ધાન્ય પાક કરે છે. તેમાં વધુ માં વધુ ઉત્તરદાતાઓ મકાઈ, ડાંગર, મગફળી, જુવાર, અડધ, તુવરના પાકો કરે છે અને ઓછા પ્રમાણમાં જોઈએ તો શેરડી, તમાકુ, મગ જેવા પાક પકવે છે. વર્ષમાં એક વખત પાક મેળવે છે. તેવા ૪૪ ટકા ઉત્તરદાતા છે અને બે વાર પાક લે છે તે ૫૬ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા ઉત્તરદાતા વર્ષમાં બે વાર પાક લે છે તેનું પ્રમાણ વધારે છે અને એકવાર પાક મેળવે છે તે ઓછા છે.

વડોદરા જિલ્લામાં સિંચાઈની સગવડ ૩૦ એટલે ૬૦ ટકા ઉત્તરદાતાઓને સિંચાઈની સગવડ છે અને ૧૫ એટલે ૩૦ ટકા ઉત્તરદાતાને સિંચાઈની સગવડ નથી અને ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા પાસે જમીન નથી. આ પ્રમાણે જોતા વડોદરા જિલ્લામાં સિંચાઈની સગવડ વધુમાં વધુ ઉત્તરદાતાઓને સિંચાઈની સગવડ છે અને જે સગવડ છે તેઓ કુવા દ્વારા સિંચાઈ કરે છે. જ્યારે કેટલાંકને સિંચાઈની સગવડ નથી.

**કોઠા નં. ૪. ૨૪**

**વાર્ષિક આવક દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત (હજારમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૬ થી ૧૦ | ૦૬ | ૧૨ |
| ૨ | ૧૧ થી ૨૦ | ૨૩ | ૪૬ |
| ૩ | ૨૧ થી ૩૦ | ૦૯ | ૧૮ |
| ૪ | ૩૧ થી ૪૦ | ૦૫ | ૧૦ |
| ૫ | ૪૧ થી ૫૦ | ૦૭ | ૧૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠાના આધારે જોતા વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓની વાર્ષિક આવક ૬ થી ૧૦ હજાર છે તેવા ૬ એટલે ૧૨ ટકા છે. ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક આવક છે તેવા ૨૩ એટલે ૪૬ ટકા છે ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક આવક છે તેવા ૯ એટલે ૧૮ ટકા છે અને ૩૧ થી

૪૦ હજાર વાર્ષિક છે તેવા ઉત્તરદાતા ૫ એટલે ૧૦ ટકા છે. ૪૧ થી ૫૦ હજાર વાર્ષિક આવક છે તેવા ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુ માં વધુ ઉત્તરદાતાની વાર્ષિક આવક ૧૧ થી ૨૦ હજાર છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાની વાર્ષિક આવક ૩૧ થી ૪૦ હજાર છે. વડોદરા જિલ્લામાં વાર્ષિક આવક મધ્યમ પ્રમાણમાં જોવા મળે છે. જરૂરિયાત પુરતી આવક ધરાવે છે. એકંદરે લોકોની આર્થિક સ્થિતિ સારી છે.

**કોઠા નં. ૪.૨૫**

**વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ | ૦૧ | ૦૨ |
| ૨ | ૬ થી ૧૦ | ૧૯ | ૩૮ |
| ૩ | ૧૧ થી ૨૦ | ૨૧ | ૪૨ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૦૪ | ૦૮ |
| ૫ | ૩૧ થી ૪૦ | ૦૫ | ૧૦ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોઠા આધારે જાણવા મળે છે કે વડોદરા જિલ્લાના ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૧ થી ૫ હજાર છે તેવા ૧ એટલે ૨ ટકા છે. ૬ થી ૧૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૧૯ એટલે ૩૮ ટકા ઉત્તરદાતા છે. ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૨૧ એટલે ૪૨ ટકા ઉત્તરદાતા છે અને ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તે ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતા છે ૩૧ થી ૪૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૧૧ થી ૨૦ હજાર થાય છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૧ થી ૫ હજાર રૂપિયા થાય છે. આ પ્રમાણે જોતા ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ આવક કરતાં ઓછું જોવા મળે છે.

**કોઠા નં. ૪.૨૬**

**ઉત્તરદાતાઓ પાસે દેવું છે કે નહીં તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૭ | ૩૪ |
| ૨ | ના | ૩૩ | ૬૬ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વડોદરા જિલ્લાના ૧૭ એટલે ૩૪ ટકા ઉત્તરદાતાઓ પાસે દેવુ છે અને ૩૩ ટકા એટલે ૬૬ ટકા ઉત્તરદાતાઓને દેવું નથી.

વધુમાં વધુ ઉત્તરદાતાઓને દેવું નથી પણ ઓછા માં ઓછા ૩૪ ઉત્તરદાતાઓ પાસે દેવું છે.

**કોઠા નં. ૪.૨૭**

**ઉત્તરદાતાઓએ કોની પાસેથી દેવુ લીધુ છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | બેંક પાસેથી | ૧૭ | ૩૪ |
| ૨ | દેવું નથી તે | ૩૩ | ૬૬ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ઉત્તરદાતાઓએ ૧૭ એટલે ૩૪ ટકા પાસે દેવું છે તે બધાએ બેંક પાસેથી દેવું લીધેલ છે અને ૬૬ ટકા ઉત્તરદાતાઓએ દેવું લીધું નથી.

ઉપરના કોઠા પ્રમાણે જોતા બધા ઉત્તરદાતાએ બેંક પાસેથી - દુકાનની લોન ખેતીના વિકાસ અર્થે દેવુ બેંક પાસેથી લીધુ છે તે સ્પષ્ટ થાય છે.

**કોઠા નં. ૪.૨૮**

**ઉત્તરદાતાના દેવાનું કારણ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતીના વિકાસ માટે | ૧૩ | ૨૬ |
| ૨ | ધંધા માટે | ૦૪ | ૦૮ |
| ૩ | દેવુ નથી તે | ૩૩ | ૬૬ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

કોઠા પ્રમાણે જોતા વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓએ ખેતીના વિકાસ માટે દેવુ લીધુ છે તે ૧૩ એટલે ૨૬ ટકા છે અને (દુકાનની લોન) ધંધા અર્થે દેવુ લીધુ છે તે ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતા છે અને દેવું નથી તે ૩૩ એટલે ૬૬ ટકા ઉત્તરદાતા છે.

વધુમાં વધુ ઉત્તરદાતાઓએ ખેતીના વિકાસ માટે દેવું લીધેલ છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓએ ધંધા માટે લોન લીધી છે તેનું દેવું છે.

### કોઠા નં. ૪.૨૯

### ઉત્તરદાતાઓએ દેવું કેટલા હજાર લીધું છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત (હજારમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨ | ૧૧ થી ૨૦ | ૦૭ | ૧૪ |
| ૩ | દેવું નથી તે | ૩૩ | ૬૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પ્રમાણે જોતા વડોદરા જિલ્લાના ઉત્તરદાતાઓએ ૧ થી ૧૦ હજાર રૂપિયા દેવું લીધું છે તે ૧૦ એટલે ૨૦ ટકા છે અને ૧૧ થી ૨૦ હજાર રૂપિયા દેવું લીધુ છે તે ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે દેવું નથી તે ૩૩ એટલે ૬૬ ટકા ઉત્તરદાતા છે.

વધારેમાં વધારે ઉત્તરદાતાઓએ ૯ થી ૧૦ હજાર રૂપિયા દેવું લીધું છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓએ ૧૧ થી ૨૦ હજાર રૂપિયા દેવું છે. વડોદરા જિલ્લામાં ઉત્તરદાતાઓ પાસે વધારે દેવુ જોવા મળતું નથી.

## (૩) કચ્છ જિલ્લો

**કચ્છ જિલ્લાના પસંદ કરેલા તાલુકા અને ગામ**

કચ્છ જિલ્લામાં અભ્યાસ માટે બે તાલુકા પસંદ કર્યા છે. ભૂજ અને માંડવી આ બે તાલુકાના ૧૦ ગામ પસંદ કર્યા છે તે નીચે પ્રમાણે વિગતે દર્શાવ્યા છે.

**(૧) ભૂજ તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) ભૂજોડી (૨) દેશબયર (૩) ગોલપર (૪) છછલા (૫) વડાસર

**(૨) માંડવી તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) મોટા લાયજા (૨) મોટી રાયણ (૩) દુર્ગાપર (૪) ભીંસરા (૫) જનકપુર

ઉપર પ્રમાણેના વલસાડ જિલ્લાના બે તાલુકામાં ૧૦ ગામનો અભ્યાસ કર્યો છે.

કચ્છ જિલ્લાના ઉત્તરદાતાની (ગ્રામજનોની) સામાજિક આર્થિક પરિસ્થિતિ

કચ્છ જિલ્લાના ઉત્તરદાતાની સામાજિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે મુજબ જાણવા મળી છે.

કોઠા નં. ૪.૩૦

ઉત્તરદાતાની જાતિ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પટેલ | ૧૯ | ૩૮ |
| ૨ | હરિજન | ૦૮ | ૧૬ |
| ૩ | આદિવાસી | ૦૧ | ૦૨ |
| ૪ | બક્ષી પંચ (રબારી) | ૧૦ | ૨૦ |
| ૫ | મુસ્લિમ | ૧૨ | ૨૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે કચ્છ જિલ્લાના ઉત્તરદાતાઓમાં પટેલ છે તેવા ૧૯ એટલે કે ૩૮ ટકા છે. હરિજન ૮ એટલે ૧૬ ટકા છે. આદિવાસી ૧ એટલે ૨ ટકા છે. બક્ષી પંચ (રબારી) ૧૦ એટલે ૨૦ છે અને મુસ્લિમ ૧૨ એટલે ૨૪ ટકા છે.

આ પ્રમાણે જોતા સ્પષ્ટ થાય છે કે વધુમાં વધુ ઉત્તરદાતા પટેલ જાતિના છે અને ઓછામાં ઓછા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાઓ આદિવાસી છે. કચ્છ જિલ્લામાં આદિવાસી જાતિનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જ્યારે હરિજન, બક્ષી પંચ, મુસ્લિમ જાતિઓનું પ્રમાણ ઓછા વત્તા પ્રમાણમાં જોવા મળે છે.

કોઠા નં. ૪.૩૧

ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૮ થી ૩૦ વર્ષ | ૦૯ | ૧૮ |
| ૨ | ૩૧ ગી ૪૦ | ૧૪ | ૨૮ |
| ૩ | ૪૧ થી ૫૦ | ૧૪ | ૨૮ |
| ૪ | ૫૧ થી ૬૦ | ૦૮ | ૧૬ |
| ૫ | ૬૧ થી વધુ | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ઉત્તરદાતાઓ ૧૮ થી ૩૦ વર્ષના છે. તેવા ૯ એટલે ૧૮ ટકા છે. ૩૧ થી ૪૦ વર્ષના અને ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતા ૧૪ એટલે

૨૮,૨૮ ટકા છે. અને ૫૧ થી ૬૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતા ૮ એટલે ૧૬ ટકા છે. ૬૧ થી વધુ ઉંમરના ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાઓની ઉંમર ૩૧ થી ૪૦ અને ૪૧ થી ૫૦ વર્ષના છે અને ઓછામાં ઓછા ૬૧ થી વધુ ઉંમરના ઉત્તરદાતા છે.

**કોઠા નં. ૪.૩૨**

**ઉત્તરદાતાઓનું શિક્ષણ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભણ | ૧૫ | ૩૦ |
| ૨ | લખી વાંચી શકે | ૦૨ | ૦૪ |
| ૩ | પ્રાથમિક | ૨૫ | ૫૦ |
| ૪ | માધ્યમિક | ૦૫ | ૧૦ |
| ૫ | ઉચ્ચ શિક્ષણ | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે કચ્છ જિલ્લાના પસંદ કરેલ ગામના ઉત્તરદાતા ૧૫ એટલે ૩૦ ટકા અભણ છે. લખી વાંચી શકે છે તેવા ૨ એટલે૪ ટકા છે. પ્રાથમિક સુધી અભ્યાસ કરેલો છે તેવા ૨૫ એટલે ૫૦ ટકા ઉત્તરદાતાઓ છે. અને માધ્યમિક સુધી અભ્યાસ કરેલો છે એવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે. જયારે ઉચ્ચશિક્ષણ સુધી અભ્યાસ કરેલો છે. તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા સ્પષ્ટ થાય છે કે કચ્છ જિલ્લાના ઉત્તરદાતાઓએ વધુમાં વધુ પ્રાથમિક સુધી અભ્યાસ કર્યો છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓએ ઉચ્ચશિક્ષણ સુધી અભ્યાસ કરેલ છે. ઓછા વત્તા પ્રમાણમાં અભણ, લખી વાંચી શકે તે અને માધ્યમિક સુધી અભ્યાસ કરેલ છે તેવા ઉત્તરદાતા છે.

**કોઠા નં. ૪.૩૩**

**ઉત્તરદાતાઓના ઘરની સ્થિતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | કાચું | ૨૧ | ૪૨ |
| ૨ | પાકું | ૨૯ | ૫૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

આ કોઠા પ્રમાણે જોતા ઉત્તરદાતાના ઘર કાચા છે તેવા ૨૧ એટલે ૪૨ ટકા છે અને પાકા ઘર ૨૯ એટલે ૫૮ ટકા ઉત્તરદાતાઓ ધરાવે છે.

આમ મોટા ભાગના ઉત્તરદાતાના ઘર પાકા છે અને ઓછા ઉત્તરદાતાના ઘર કાચા છે.

કચ્છ જિલ્લાના પસંદ કરેલ ગામના ઉત્તરદાતાના ઘર પોતાની માલિકીના છે તે પોતાની જમીનમાં મકાન બનાવી રહે છ અને ભાડાના મકાનમાં રહે છે. તે ૧ એટલે ૨ ટકા છે. ૯૮ ટકા ઉત્તરદાતાના ઘર પોતાની માલિકીના છે.

કચ્છ જિલ્લાના ઉત્તરદાતાના લગ્ન દરજ્જા અંગે અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કે અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતા પરિણીત છે.

**ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ :**

કચ્છ જિલ્લાના પસંદ કરેલ તાલુકાના ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે પ્રમાણે જાણવા મળે છે.

કોઠા નં. ૪.૩૪

ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૨૨ | ૪૪ |
| ૨ | વ્યાપાર | ૦૩ | ૦૬ |
| ૩ | પશુપાલન | ૧૦ | ૨૦ |
| ૪ | ખેત મજૂરી | ૧૧ | ૨૨ |
| ૫ | વણાટકામ | ૦૧ | ૦૨ |
| ૬ | નોકરી | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી છે તે ૨૨ એટલે ૪૪ ટકા છે અને વ્યાપાર મુખ્ય વ્યવસાય છે તેવા ૩ એટલે ૬ ટકા છે. પશુપાલન મુખ્ય વ્યયસાય છે તેવા ઉત્તરદાતા ૧૦ એટલે ૨૦ ટકા છે. ખેત મજૂરી મુખ્ય વ્યવસાય છે તેવા ૧૧ એટલે ૨૨ ટકા છે. વણાટકામ મુખ્ય વ્યવસાય છે તેવા ૧ એટલે ૨ ટકા છે. નોકરી મુખ્ય વ્યવસાય છે તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે.

ઉપરના કોઠા પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી છે જ્યારે બહુ ઓછા ઉત્તરદાતા વણાટકામનો મુખ્ય વ્યવસાય કરતા જોવા મળેલ છે.

**કોઠા નં. ૪.૩૫**

**ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પશુપાલન | ૧૩ | ૨૬ |
| ૨ | વ્યાપાર | ૦૮ | ૧૬ |
| ૩ | ખેતમજૂરી | ૨૭ | ૫૪ |
| ૫ | અન્ય | ૦૨ | ૦૪ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય પશુપાલન છે તેવા ૧૩ ટકા. એટલે ૨૬ ટકા છે વ્યાપાર ગૌણ વ્યવસાય છે તેવા ૮ એટલે ૧૬ ટકા છે અને ખેતમજૂરી ગૌણ વ્યવસાય છે તેવા ૨૭ એટલે ૫૪ ટકા ઉત્તરદાતા છે. જ્યારે ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા ફેક્ટરીમાં કામ કરે છે, રીક્ષા ચલાવે છે. વગેરે ધંધો કરે છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય ખેત મજૂરી છે. જ્યારે ઓછા પ્રમાણના ઉત્તરદાતાનો અન્ય ધંધો કરીને તેમની રોજી રોટી મેળવે છે.

**કોઠા નં. ૪.૩૬**

**ઉત્તરદાતા પાસે જમીન છે કે નહીં તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૨૨ | ૪૪ |
| ૨ | ના | ૨૮ | ૫૬ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

કચ્છ જિલ્લાના ઉત્તરદાતા પાસે જમીન છે તેવા ૨૨ એટલે ૪૪ ટકા છે. જ્યારે જમીન નથી તેવા ઉત્તરદાતા ૨૮ એટલે ૫૬ છે.

ઉપરના કોઠા પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાઓ પાસે જમીન નથી અને ઓછા ઉત્તરદાતાઓ પાસે જમીન નથી અને ઓછા ઉત્તરદાતાઓ પાસે જમીન છે. મોટા ભાગના

ઉત્તરદાતા જમીન વિહોણા જોવા મળેલ છે. તેથી તેમને ખેતમજૂરી કરી જીવનનિર્વાહ કરવો પડે છે.

**કોઠા નં. ૪.૩૭**

**જમીન કેટલી છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત (એકરમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ | ૦૮ | ૧૬ |
| ૨ | ૬ થી ૧૦ | ૦૬ | ૧૨ |
| ૩ | ૧૧ થી ૧૫ | ૦૩ | ૦૬ |
| ૪ | ૧૬ થી ૨૦ | ૦૩ | ૦૬ |
| ૫ | ૨૧ થી વધુ | ૦૨ | ૦૪ |
| ૬ | જમીન નથી | ૨૮ | ૫૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે કચ્છ જિલ્લાના ઉત્તરદાતા પાસે ૧ થી ૫ એકર જમીન છે તેવા ૮ એટલે ૧૬ ટકા છે. ૬ થી ૧૦ એકર જમીન છે તેવા ઉત્તરદાતા ૬ એટલે ૧૨ ટકા છે. ૧૧ થી ૧૫ એકર જમીન છે તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે અને ૧૬ થી ૨૦ એકર જમીન છે તેવા પણ ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે. જ્યારે ૨૧ એકર થી વધુ જમીન છે તેવા ઉત્તરદાતા ૨ એટલે ૪ ટકા છે. જમીન નથી તેવા ૨૮ એટલે ૫૬ ટકા ઉત્તરદાતા છે.

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ ઉત્તરદાતાઓ પાસે ૧ થી ૫ એકર જમીન છે જ્યારે ઓછા પ્રમાણના ઉત્તરદાતા પાસે ૨૧ એકર થી વધુ જમીન છે.

કચ્છ જિલ્લાના ઉત્તરદાતાઓ પાસે જમીન છે તે ઉપરના કોઠામાં દર્શાવેલ બધી જમીન ખેતીલાયક જમીન છે તે અભ્યાસ કરતા જાણવા મળ્યું છે.

પાકમાં જોઈએ તો આ જિલ્લામાં મગફળી, તુવર, જુવાર, બાજરી, તમાકુ, મગ વગેરે પાકો લે છે મોટા ભાગના ખેડૂતો મગફળી, તુવરનો પાક લે છે. મોટા ભાગના ઉત્તરદાતા વર્ષમાં એકવાર પાક લે છે. પરંતુ ૪ ટકા ઉત્તરદાતાઓ વર્ષમાં બે વાર પાક લે છે. જે ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ હોય તે વર્ષમાં બે વાર પાક લે છે અને સિંચાઈની સગવડ નથી તેઓ વરસાદના આધારે ખેતી કરે છે જેથી વર્ષમાં એકવાર પાક લે છે તેનું પ્રમાણ વધારે જોવા મળેલ છે.

**કોઠા નં. ૪.૩૮**

**સિંચાઈની સગવડ છે કે નહીં તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૩ | ૨૬ |
| ૨ | ના | ૩૭ | ૭૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે સિંચાઈની સગવડ છે તેવા ૧૩ એટલે ૨૬ ટકા ઉત્તરદાતા છે અને સિંચાઈની સગવડ નથી તેવા ૩૭ એટલે ૭૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાઓને સિંચાઈની સગવડ નથી. જ્યારે ઓછા પ્રમાણના ઉત્તરદાતાને સિંચાઈની સગવડ છે.

**કોઠા નં. ૪.૩૯**

**વાર્ષિક આવક દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત (હજારમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ | ૦૨ | ૦૪ |
| ૨ | ૬ થી ૧૦ | ૧૮ | ૩૬ |
| ૩ | ૧૧થી ૨૦ | ૧૮ | ૩૬ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૦૫ | ૧૦ |
| ૫ | ૩૧ થી ૪૦ | ૬૦ | ૧૨ |
| ૬ | ૪૧ થી વધુ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ જાણવા મળે છે કે ૧ થી ૫ હજાર વાર્ષિક આવે છે તેવા ઉત્તરદાતા ૨ એટલે ૪ ટકા છે ૬ થી ૧૦ હજાર વાર્ષિક આવક આવે છે. તેવા ૧૮ એટલે ૩૬ ટકા ઉત્તરદાતા છે. ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક આવક આવે છે તેવા ૧૮ એટલે ૩૬ ટકા છે. ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક આવક આવે છે તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે અને ૩૧ થી ૪૦ હજાર આવક છે તેવા ૬ એટલે ૧૨ ટકા છે. જ્યારે ૪૧ હજારથી વધુ વાર્ષિક આવક છે. તેવા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાની વાર્ષિક આવક ૬ થી ૧૦ અને ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક આવક છે જ્યારે ઓછામાં ઓછા ઉત્તરદાતાની વાર્ષિક આવક ૪૧ હજારથી વધુ છે તેવા ઉત્તરદાતા છે.

કોઠા નં. ૪.૪૦

વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ હજાર | ૦૫ | ૧૦ |
| ૨ | ૬ થી ૧૦ | ૨૧ | ૪૨ |
| ૩ | ૧૧ થી ૨૦ | ૧૨ | ૨૪ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૦૬ | ૧૨ |
| ૫ | ૩૧ થી ૪૦ | ૦૫ | ૧૦ |
| ૬ | ૪૧ થી વધુ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૧ થી ૫ હજાર થાય છે તેવા ૫ એટલે ૧૦ ટકા છે. ૬ થી ૧૦ હજાર વાર્ષિક ખર્ચ છે તેવા ૨૧ એટલે ૪૨ ટકા છે અને ૧૧ થી૨૦ હજાર વાર્ષિક ખર્ચ છે તેવા ૧૨ એટલે ૨૪ ટકા છે ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે. ૩૧ થી ૪૦ હજાર રૂપિયા વાર્ષિક ખર્ચ થાય છે તેવા ઉત્તરદાતા ૫ એટલે ૧૦ ટકા છે જ્યારે ૪૧ હજાર થી વધુ વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

વધુમાં વધુ ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૬ થી ૧૦ હજાર થાય છે જ્યારે ઓછા પ્રમાણના ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૪૧ હજારથી વધુ છે.

કોઠા નં. ૪.૪૧

દેવું છે કે નહિ તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧ | ૨૨ |
| ૨ | ના | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જોતા ૧૧ એટલે ૨૨ ટકા ઉત્તરદાતા પાસે દેવું છે અને ૩૯ એટલે ૭૮ ટકા ઉત્તરદાતા પાસે દેવું નથી.

આ પ્રમાણે જોતા સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ ઉત્તરદાતાઓ પાસે દેવું નથી જ્યારે ઓછા પ્રમાણના ઉત્તરદાતા પાસે દેવું છે.

**કોઠા નં. ૪.૪૨**

**દેવું કોની પાસેથી લીધું છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | બેંક પાસેથી | ૦૪ | ૦૮ |
| ૨ | શેઠ શાહુકાર | ૦૧ | ૦૨ |
| ૩ | સગા સંબંધી પાસેથી | ૦૬ | ૧૨ |
| ૪ | દેવું નથી તે | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પ્રમાણે જોતા ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતાઓએ બેંક પાસે દેવું લીધું છે. ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાઓએ શેઠ શાહુકાર પાસેથી દેવું લીધું છે અને સગાસંબંધી પાસેથી દેવું લીધુ છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે જ્યારે દેવુ નથી તેવા ૩૯ એટલે ૭૯ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાઓએ સગાસંબંધી પાસેથી દેવું લીધુ છે. જ્યારે ઓછા ઉત્તરદાતાઓએ શેઠ શાહુકાર પાસેથી દેવું લીધું છે.

કોઠા નં. ૪.૪૩

દેવું શા માટે લીધું છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતીના વિકાસ માટે | ૦૬ | ૧૨ |
| ૨ | મકાન બાંધવા માટે | ૦૨ | ૦૪ |
| ૩ | લગ્ન કરાવવા માટે | ૦૩ | ૦૬ |
| ૪ | દેવું ન હોય તે | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતાઓએ ખેતીના વિકાસ માટે દેવું લીધુ છે અને મકાન બાંધવા માટે ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતાઓએ  દેવું લીધુ છે. પુત્ર-પુત્રીના લગ્ન કરાવવા માટે દેવું છે. પુત્ર-પુત્રીના લગ્ન કરાવવા માટે દેવું લીધું છે તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે. દેવું નથી તેવા ૩૯ એટલે ૭૮ ટકા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાઓએ દેવું ખેતીના વિકાસ માટે દેવું લીધુ છે જ્યારે સૌથી ઓછા લોકોએ મકાન બાંધવા દેવું લીધું છે. મોટા ભાગે લોકો બેંક દ્વારા સરકારી સહાય મેળવી ખેતીમાં આર્થિક રીતે આગળ આવવા પ્રયત્ન કરે છે.

**કોઠા નં. ૪.૪૪**

**કેટલા હજાર રૂપિયા દેવું લીધું છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત (હજારમાં) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ | ૦૪ | ૦૮ |
| ૨ | ૧૧ થી ૨૦ | ૦૨ | ૦૪ |
| ૩ | ૨૧ થી ૩૦ | ૦૨ | ૦૪ |
| ૪ | ૩૧ થી વધુ | ૦૩ | ૦૬ |
| ૫ | દેવું નથી તે | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ઉત્તરદાતાઓએ ૧ થી ૧૦ હજાર રૂપિયા દેવું લીધુ છે તેવા ૪ એટલે ૮ ટકા છે. ૧૧ થી ૨૦ હજાર રૂપિયા દેવું લીધુ છે તે ૨ એટલે ૪ ટકા છે અને ૨૧ થી ૩૦ હજાર રૂપિયા દેવું લીધુ છે તેવા ૨ એટલે જ ટકા ઉત્તરદાતા છે. જ્યારે ૩૧ હજારથી વધુ દેવું લીધું છે તેવા ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતા છે. દેવું નથી તે ૩૯ એટલે ૭૮ ટકા ઉત્તરદાતા છે.

આ મુજબ જોતા વધુમાં વધુ ઉત્તરદાતા લોકોએ ૧ થી ૧૦ હજાર દેવું લીધું છે જ્યારે ઓછામા ઓછા લોકોએ ૧૧ થી ૨૦ એટલે ૨૧ થી ૩૦ હજાર રૂપિયા દેવું લીધું છે.

## (૪) સાબરકાંઠા જિલ્લા

**સાબરકાંઠા જિલ્લાના પસંદ કરેલા તાલુકા અને ગામ**

સાબરકાંઠા જિલ્લામાં અભ્યાસ માટે બે તાલુકા પસંદ કર્યા છે. હિંમતનગર અને ખેડબ્રહ્મા તાલુકાના ૧૦ ગામ પસંદ કર્યા છે તે નીચે પ્રમાણે છે.

**(૧) હિંમતનગર તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) પુરાલ (૨) ભાવસર (૩) હડિયોલ (૪) તખતગઢ (૫) નિકોડા

**(૨) ખેડબ્રહ્મા તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) લક્ષ્મીપુરા (૨) કલોલ (૩) પોશીના (૪) કાજાવાસ (૫) આંબમહુડા

આ પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના કુલ બે તાલુકાના ૧૦ ગામનો અભ્યાસ કર્યો છે.

**સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાની (ગ્રામજનોની) સામાજિક-આર્થિક પરિસ્થિતિ**

સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાની સામાજિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે મુજબ જાણવા મળી છે.

**કોઠા નં. ૪.૪૫**

**જાતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પટેલ | ૦૫ | ૧૦ |
| ૨ | હરિજન | ૧૩ | ૨૬ |
| ૩ | આદિવાસી | ૧૫ | ૩૦ |
| ૪ | રબારી (બક્ષી પંચ) | ૧૬ | ૩૨ |
| ૫ | મુસ્લિમ | ૦૧ | ૦૨ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતામાં પટેલ જાતિના ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે. હરિજન ૧૩ એટલે ૨૬ ટકા છે. બક્ષીપંચ ૧૬ એટલે ૩૨ ટકા છે અને આદિવાસી (ડુંગરીગરાસીયા) ૧૫ એટલે ૩૦ ટકા છે. જ્યારે મુસ્લિમ જાતિના ઉત્તરદાતા ૧ એટલે ૨ ટકા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતા બક્ષીપંચ જાતિના છે તેમની સંખ્યા વધુ જોવા મળે છે. બીજા નંબરમાં આદિવાસી લોકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે મુસ્લિમ જાતિના લોકોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**કોઠા નં. ૪.૪૬**

**ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત (ઉંમર) | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૮ થી ૩૦ વર્ષ | ૦૮ | ૧૬ |
| ૨ | ૩૧ થી ૪૦ | ૧૪ | ૨૮ |
| ૩ | ૪૧ થી ૫૦ | ૧૯ | ૩૮ |
| ૪ | ૫૧ થી ૬૦ | ૦૭ | ૧૪ |
| ૫ | ૬૧ થી વધુ | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતા ૧૮ થી ૩૦ વર્ષના ૮ એટલે ૧૬ ટકા ઉત્તરદાતા છે. ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરના ૧૪ એટલે ૨૮ ટકા છે. ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના ૧૯ એટલે ૩૯ ટકા છે. ૫૧ થી ૬૦ વર્ષના ૭ એટલે ૧૪ અને ૬૧ થી વધુ ઉંમરના ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતાઓ છે. આના પરથી જાણી શકાય છે કે ૪૧ થી ૫૦ વર્ષની સંખ્યા વધારે છે જ્યારે ૬૧ થી વધુ ઉંમરના ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી છે.

**કોઠા નં. ૪.૪૭**

**શિક્ષણ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભણ | ૧૭ | ૩૪ |
| ૨ | લખી વાંચી શકે | ૦૬ | ૧૨ |
| ૩ | પ્રાથમિક | ૧૩ | ૨૬ |
| ૪ | માધ્યમિક | ૦૭ | ૧૪ |
| ૫ | ઉચ્ચ માધ્યમિક | ૦૭ | ૧૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ઉત્તરદાતાઓમાં ૧૭ એટલે ૩૪ ટકા અભણ છે. લખી વાંચી શકે તેઓ ૬ એટલે ૧૨ ટકા છે. પ્રાથમિક સુધી અભ્યાસ કર્યો છે તેવા ૧૩ એટલે ૨૬ ટકા છે. અને માધ્યમિક સુધી અભ્યાસ કર્યો છે તેવા ૭ એટલે ૧૪ ટકા છે જ્યારે ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસ કર્યો છે તેવા ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતા અભણ છે. લખી વાંચી શકે એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. અહીં આદિવાસી તેમજ બક્ષી પંચના લોકોનું પ્રમાણ વધારે છે. એમનામાં શિક્ષણ ઘણું ઓછું છે તે સ્પષ્ટ થાય છે.

**કોઠા નં. ૪.૪૮**

**ઘરની સ્થતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | કાચું | ૪૧ | ૮૨ |
| ૨ | પાકું | ૦૯ | ૧૮ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરના કોઠા આધારિત જોતા સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાના ઘર કાચા છે તેવા ઉત્તરદાતા ૪૧ એટલે ૮૨ ટકા છે અને ૯ એટલે ૧૮ ટકા ઉત્તરદાતાના ઘર પાકા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાના ઘર કાચા માટીના બનાવેલ છે જ્યારે ઓછા પ્રમાણના ઘરો પાકા જોવા મળે છે. અહીં આદિવાસીઓ તેમજ બક્ષી પંચના લોકોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી હજુ લોકો મોટે ભાગે કાચા ઘરોમાં વસે છે.

સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાના ઘર દરેકના પોતાની માલિકીના છે. પરંતુ ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાના ઘરભાડાના છે. એટલે કે ભાગ્યે જ ભાડાના ઘરમાં રહેતા હોય છે. મોટે ભાગે દરેકને પોતાની માલિકીનું ઘર હોય છે.

**કોઠા નં. ૪.૪૯**

**લગ્નનો દરજ્જો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પરિણીત | ૪૮ | ૯૬ |
| ૨ | અપરિણીત | ૦૧ | ૦૨ |
| ૩ | વિધવા | ૦૧ | ૦૨ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સાબરકાંઠા જિલ્લા ઉત્તરદાતા ૪૮ એટલે ૯૬ ટકા છે. અપરિણીત ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે. જ્યારે વિધવા ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા મોટા ભાગના ઉત્તરદાતા પરિણીત છે જ્યારે અપરિણીત એક છે તેમજ વિધવા એક છે.

**ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ**

સાબરકાંઠા જિલ્લાના પસંદ કરેલ તાલુકાના ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે મુજબ જાણવા મળી છે.

**કોઠા નં. ૪.૫૦**

**મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૨૯ | ૫૮ |
| ૨ | વ્યાપાર | ૦૬ | ૧૨ |
| ૩ | છૂટક મજૂરી | ૧૨ | ૨૪ |
| ૪ | નોકરી | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણવા મળે છે કે સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે તેવા ૨૯ એટલે ૫૮ ટકા છે. વ્યાપાર મુખ્ય વ્યવસાય છે તેવા ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે અને છૂટક મજૂરી મુખ્ય વ્યવસાય છે તેવા ૧૨ એટલે ૨૪ ટકા છે. જ્યારે નોકરી મુખ્ય વ્યવસાય છે તેવા ઉત્તરદાતા ૩ એટલે ૬ ટકા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી છે જ્યારે નોકરી કરનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઘણું ઓછું છે. શિક્ષણ ઓછું હોવાથી નોકરી કરે શકે તેમ નથી એટલે ખેતી અને ખેતમજૂરી પર જ જીવન ગુજારે છે.

### કોઠા નં. ૪.૫૧

### ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પશુપાલન | ૦૬ | ૧૨ |
| ૨ | વ્યાપાર | ૦૫ | ૧૦ |
| ૩ | ખેત મજૂરી | ૩૪ | ૬૮ |
| ૪ | અન્ય | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય પશુપાલન છે તેવા ૬ એટલે ૧૨ ટકા છે અને વ્યાપાર ગૌણ વ્યવસાય છે તેવા ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે. જ્યારે ખેત મજૂરી ગૌણ વ્યવસાય છે તેવા ૩૪ એટલે ૬૮ ટકા છે. અન્ય (ફેક્ટરીમાં નોકરી કરે છે, ડ્રાઈવર) ધંધો કરી મેળવે છે તે ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય છે.

વધુમાં વધુ ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય ખેત મજૂરી છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય વ્યાપાર અને અન્ય ધંધો કરી તેમનું જીવન નિર્વાહ ચલાવે છે.

### કોઠા નં. ૪.૫૨

### જમીન છે ત દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૨૯ | ૫૮ |
| ૨ | ના | ૨૧ | ૪૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા પરથી જાણવા મળે છે કે ૨૯ એટલે ૫૮ ટકા ઉત્તરદાતા પાસે જમીન છે અને ૨૧ એટલે ૪૨ ટકા ઉત્તરદાતા પાસે જમીન નથી.

આમ લગભગ મોટા ભાગના ૫૮ ટકા ઉત્તરદાતાઓ પાસે જમીન છે જ્યારે ૪૨ ટકા ઉત્તરદાતાઓ પાસે જમીન નથી.

**કોઠા નં. ૪.૫૩**

**કેટલી જમીન છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ એકર | ૨૦ | ૪૦ |
| ૨ | ૬ થી ૧૦ | ૦૯ | ૧૮ |
| ૩ | જમીન નથી | ૨૧ | ૪૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા આધારે જોતા ઉત્તરદાતા પાસે ૧ થી ૫ એકર જમીન છે તેવા ૨૦ એટલે ૪૦ ટકા ઉત્તરદાતા છે અને ૬ થી ૧૦ એકર જમીન છે તે ૯ એટલે ૧૮ ટકા ઉત્તરદાતા છે જયારે જમીન નથી તે ૨૧ એટલે ૪૨ ટકા ઉત્તરદાતા છે.

વધારેમાં વધારે ઉત્તરદાતાઓ પાસે ૧ થી ૫ એકર જમીન છે જયારે ઓછા પ્રમાણના ૧૮ ટકા ઉત્તરદાતા પાસે ૬ થી ૧૦ એકર જમીન છે.

ઉપરોક્ત કોઠામાં જણાવેલ બધી જમીન ખેતીલાયક છે અને પાકમાં જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં મકાઈ, ડાંગર, મગફળી, તુવર, અડદ અને શાકભાજી વગેરે પાક લે છે. ૪૬ ટકા ઉત્તરદાતા વર્ષમાં એકવાર પાક લે છે. જયારે ૧૨ ટકા ઉત્તરદાતા વર્ષમાં બે વાર પાક લે છે.

આમ, વર્ષમાં મોટા ભાગના ઉત્તરદાતા વર્ષમાં એકવાર પાક લે છે જયારે બહુ ઓછા ઉત્તરદાતા વર્ષમાં બે વાર પાક લે છે. કારણ કે સિંચાઈની સગવડ પૂરતી નથી તેમજ વરસાદ પર આધારિત ખેતી હોવાથી એક જ વખત પાક લઈ શકે છે. પરિણામે આર્થિક સ્થિતિ ખરાબ જણાય છે.

**કોઠા નં. ૫.૫૪**

**સિંચાઈની સગવડ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૪ | ૨૮ |
| ૨ | ના | ૧૫ | ૩૦ |
| ૩ | જમીન નથી | ૨૧ | ૪૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ છે તેવા ૧૪ એટલે ૨૮ ટકા છે અને સિંચાઈની સગવડ નથી તેવા ૧૫ એટલે ૩૦ ટકા ઉત્તરદાતા છે જયારે જમીન નથી તે ૨૧ એકર ૪૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ નથી જયારે ઓછા પ્રમાણના ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ જોવા મળે છે.

**કોઠા નં. ૪.૫૫**

**વાર્ષિક આવક દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ હજાર | ૧૨ | ૨૪ |
| ૨ | ૬ થી ૧૦ હજાર | ૨૭ | ૫૪ |
| ૩ | ૧૧ થી ૨૦ હજાર | ૧૦ | ૨૦ |
| ૪ | ૨૧ થી ૩૦ હજાર | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ઉત્તરદાતાના કુટુંબની વાર્ષિક આવક ૧ થી ૫ હજાર છે તેવા ૧૨ એટલે ૨૪ ટકા છે. ૬ થી ૧૦ હજાર વાર્ષિક આવક છે તેવા ૨૭ એટલે ૫૪ ટકા છે અને ૧૧ થી ૨૦ ટકા છે જયારે ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક આવક આવે છે તેવા ઉત્તરદાતા ૧ એટલે ૨ ટકા છે.

આ પ્રમાણે જોતા વધારે ઉત્તરદાતાની વાર્ષિક આવક ૬ થી ૧૦ હજાર છે અને ૨૧ થી ૩૦ હજાર વાર્ષીક આવકવાળા ઉત્તરદાતા માત્ર એક જ છે. આના પરથી અહીંના લોકોની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે.

**કોઠા નં. ૪.૫૬**

**વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ હજાર | ૧૨ | ૨૪ |
| ૨ | ૬ થી ૧૦ | ૩૦ | ૬૦ |
| ૩ | ૧૧ થી ૨૦ | ૦૭ | ૧૪ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

આ કોઠા પરથી જાણવા મળે છે કે ઉત્તરદાતાના કુટુંબનું વાર્ષિક ખર્ચ ૧ થી ૫ હજાર થાય છે. તેવા ૧૨ એટલે ૨૪ ટકા ઉત્તરદાતા છે. અને ૬ થી ૧૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ૩૦ એટલે ૬૦ ટકા છે જ્યારે ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તેવા ઉત્તરદાતા ૭ એટલે ૧૪ ટકા છે. ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તે માત્ર ૧ એટલે ૨ ટકા જ છે.

આમ, વધુમાં વધુ ઉત્તરદાતાના કુટુંબનું વાર્ષિક ખર્ચ ૬ થી ૧૦ હજાર છે. જ્યારે માત્ર એક ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૨૧ થી ૩૦ હજાર થાય છે.

**કોઠા નં. ૪.૫૭**

**દેવું દર્શાવતો કોઠો**

| **ક્રમ** | **વિગત** | **આવૃત્તિ** | **ટકા** |
|---|---|---|---|
| ૧ | હા | ૨૩ | ૪૬ |
| ૨ | ના | ૨૭ | ૫૪ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ૨૩ એટલે ૪૬ ટકા ઉત્તરદાતા પાસે દેવું છે અને ૨૭ એટલે ૫૪ ટકા ઉત્તરદાતાઓને દેવું નથી.

જેમાં વધુમાં વધુ ઉત્તરદાતાઓને દેવું નથી. જ્યારે ઉત્તરદાતાઓને દેવું છે.

**કોઠા નં. ૪.૫૮**

**કોની પાસેથી દેવું લીધેલ છે તે દર્શાવતો કોઠો**

| **ક્રમ** | **વિગત** | **આવૃત્તિ** | **ટકા** |
|---|---|---|---|
| ૧ | બેંક | ૦૬ | ૧૨ |
| ૨ | શેઠ શાહુકાર | ૦૪ | ૦૮ |
| ૩ | સગા સંબંધી | ૧૩ | ૨૬ |
| ૪ | દેવું નથી | ૨૭ | ૫૪ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાઓએ બેંક પાસેથી દેવું લીધું છે તેવા ૬ એટલે ૧૨ ટકા છે. શેઠ શાહુકાર પાસેથી દેવું લીધું છે તેવા ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતા છ અને સગાસંબંધી પાસેથી દેવું લીધું છે તેવા ૧૩ એટલે ૨૬ ટકા ઉત્તરદાતા છે. જ્યારે દેવું નથી તેવા ૨૭ એટલે ૫૪ ટકા ઉત્તરદાતા છે.

**કોઠા નં. ૪.૫૯**

**દેવું શા માટે લીધુ છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતીના વિકાસ માટે | ૧૪ | ૨૮ |
| ૨ | મકાન બાંધવા માટે | ૦૧ | ૦૨ |
| ૩ | લગ્ન કરાવવા માટે | ૦૧ | ૦૨ |
| ૪ | દેવું નથી | ૩૪ | ૬૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

કોઠા આધારે સ્પષ્ટ થાય છે કે ખેતીના વિકાસ માટે દેવું લીધુ છે તેવા ઉત્તરદાતા ૧૪ એટલે ૨૮ ટકા છે. મકાન બનાવવા માટે દેવું લીધુ છે તેવા એક એટલે ૨ ટકા ઉત્તરદાતા છે. જયારે દેવુ નથી તે ઉત્તરદાતા ૩૪ એટલે ૬૮ ટકા છે.

આમ મોટા ભાગના ઉત્તરદાતાઓએ ખેતીના વિકાસ માટે દેવું લીધું છે અને ઓછા પ્રમાણના ઉત્તરદાતાઓએ મકાન લગ્ન માટે દવું લીધુ છે.

**કોઠા નં. ૪.૬૦**

**દેવું કેટલા હજાર લીધું છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ હજાર | ૨૩ | ૪૬ |
| ૨ | દેવું નથી તે | ૨૭ | ૫૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા સાબરકાંઠા જિલ્લાના ઉત્તરદાતાઓએ દેવું ૧ થી ૧૦ હજાર લીધું છે તેવા ૨૩ એટલે ૪૬ ટકા ઉત્તરદાતા છે અને દેવું નથી તેવા ૨૭ એટલે ૫૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા બધાં જ ઉત્તરદાતાઓએ દેવું ૧ થી ૧૦ હજાર લીધેલું છે તે સ્પષ્ટ થાય છે અને તે પણખેતીના વિકાસ માટે લીધેલ છે, ખોટા ખર્ચ કરી દેવું કરેલ નથી તે સ્પષ્ટ થાય છે.

# (૫) જુનાગઢ જિલ્લો

**જુનાગઢ જિલ્લાના પસંદ કરેલ તાલુકા અને ગામ**

જુનાગઢ જિલ્લામાં અભ્યાસ માટે બે તાલુકા પસંદ કર્યા છે. (૧) વંથલી (૨) તલાલા. આ બે તાલુકાના ૧૦ ગામ પસંદ કર્યા છે તે નીચે પ્રમાણે છે.

**(૧) વંથલી તાલુકાના પસંદ કરેલ ગામ**

(૧) નવલખી (૨) બાલોટ (૩) ધંધુસર (૪) રવુની (૫) બળવાડ

**(૨) તલાલા તાલુકાના પસંદ કરેલા ગામ**

(૧) ગલીયાવાડ (૨) બોરવાવ (૩) વિરપુર (૪) વાડલા (૫) સમશેર

કોઠા પરથી સ્પષ્ટ જાણવા મળે છે કે ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતાની ૧૮ થી ૩૦ વર્ષની ઉંમરના છે. ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરના ૧૭ એટલે ૩૪ ટકા ઉત્તરદાતા છે અને ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના ઉત્તરદાતા ૨૫ એટલે ૫૦ ટકા છે જ્યારે ૫૧ થી ૬૦ વર્ષની ઉંમરના ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધુમાં વધુ ઉત્તરદાતાની ઉંમર ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના જોવા મળે છે જયારે ઓછામાં ઓછા ૫૧ થી ૬૦ વર્ષની ઉંમરના છે.

**કોઠા નં. ૬૪**

**ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભણ | ૧૨ | ૨૪ |
| ૨ | લખી વાંચી શકે | ૦૭ | ૧૪ |
| ૩ | પ્રાથમિક | ૨૫ | ૫૦ |
| ૪ | માધ્યમિક | ૦૬ | ૧૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ૧૨ એટલે ૨૪ ટકા ઉત્તરદાતા અભણ છે. લખી વાંચી શકે તે ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે. અને પ્રાથમિક સુધી શિક્ષણ મેળવેલ ઉત્તરદાતા ૨૫ એટલે ૫૦ ટકા છે. જયારે માધ્યમિક સુધી શિક્ષણ મેળવેલ ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતાએ પ્રાથમિક સુધી શિક્ષણ મેળવેલ ઉત્તરદાતા જોવા મળે છે અને ઓછામાં ઓછા માધ્યમિક સુધી શિક્ષણ મેળવેલ ઉત્તરદાતા છે.

**કોઠા નં. ૬૫**

**ઘરની સ્થિતિ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | કાચું | ૦૮ | ૧૬ |
| ૨ | પાકું | ૪૨ | ૮૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૮ એટલે ૧૬ ઉત્તરદાતાના કાચા ઘર છે અને ૪૨ એટલે ૮૪ ટકા ઉત્તરદાતાના પાકા ઘર જોવા મળે છે.

આ પ્રમાણે જોતા સૌથી વધુ ઉત્તરદાતાના ઘર પાકા છે જયારે માત્ર ૧૬ ટકા ઉત્તરદાતાના ઘર કાચા જોવા મળે છે. જુનાગઢ જિલ્લાના ઉત્તરદાતાના ઘર બધાંના પોતાની માલિકીના છે

અને લગ્ન દરજ્જા અંગે અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કે અભ્યાસમાં લીધેલ બધાં જ ઉત્તરદાતા પરિણીત છે કોઈ વિધવા, વિધુર કે છુટાછેડા અને અપરિણીત નથી બધાં જ ઉત્તરદાતા પરિણીત છે.

**જુનાગઢ જિલ્લાના ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ**

જુનાગઢ જિલ્લાના ઉત્તરદાતાની આર્થિક પરિસ્થિતિ કેવી છે તે વિગતો નીચે પ્રમાણે જાણવા મળી છે.

કોઠા નં. ૬૬

મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૪૨ | ૮૪ |
| ૨ | વ્યાપાર | ૦૨ | ૦૪ |
| ૩ | પશુપાલન | ૦૧ | ૦૨ |
| ૪ | છૂટક મજૂરી | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે ૪૨ એટલે ૮૪ ટકા ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. વ્યાપાર મુખ્ય વ્યવસાય છે તે ૨ એટલે ૪ ટકા છે. પશુપાલન મુખ્ય વ્યવસાય છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે અને છુટક મજુરી મુખ્ય વ્યવસાય છે તે ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે વધારેમાં વધારે ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે જ્યારે ઓછા પ્રમાણના ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે.

કોઠા નં. ૬૭

ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | પશુપાલન | ૧૯ | ૩૮ |
| ૨ | વ્યાપાર | ૦૫ | ૧૦ |
| ૩ | ખેત મજરી | ૨૬ | ૫૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ૧૯ એટલે ૩૮ ટકા ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય પશુપાલન છે અને ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય વ્યાપાર છે જ્યારે ૨૬ એટલે ૫૨ ટકા ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય ખેત મજૂરી છે.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય ખેત મજૂરી જોવા મળે છે જ્યારે ઓછામાં ઓછા ઉત્તરદાતાનો ગૌણ વ્યવસાય ખેતી જોવા મળે છે.

**કોઠા નં. ૬૮**

**જમીન છે કે નથી તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૪૨ | ૮૪ |
| ૨ | ના | ૦૮ | ૧૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ૪૨ એટલે ૮૪ ટકા ઉત્તરદાતા પાસે જમીન છે અને ૮ એટલે ૧૬ ટકા ઉત્તરદાતા પાસે જમીન નથી.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતા પાસે જમીન છે અને ઓછા પ્રમાણના ઉત્તરદાતા પાસે જમીન નથી.

**કોઠા નં. ૬૯**

**જમીન કેટલી છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ | ૧૯ | ૩૮ |
| ૨ | ૬ થી ૧૦ | ૧૬ | ૩૨ |
| ૩ | ૧૧ થી ૧૫ | ૦૭ | ૧૪ |
| ૪ | જમીન નથી | ૦૮ | ૧૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા આધારે જોતા ૧૯ એટલે ૩૮ ટકા ઉત્તરદાતા પાસે ૧ થી ૫ એકર જમીન છે અને ૬ થી ૧૦ એકર જમીન છે તે ૧૬ એકર ૩૨ ટકા ઉત્તરદાતા છે. જ્યારે ૧૧ થી ૧૫ એકર જમીન છેતે ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતા છે. જમીન નથી તે ૮ એટલે ૧૬ ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતા પાસે ૧ થી ૫ એકર જમીન છે. જ્યારે ઓછામાં ઓછા ઉત્તરદાતા પાસે ૧૧ થી ૧૫ એકર જમીન જોવા મળે છે. આ બધી જ જમીન ખેતીલાયક જમીન છે. તેમાં મગફળી, બાજરી, તુવેર જેવા પાકો લે છે. વર્ષમાં એકવાર તે ૧૯ એટલે ૩૮ ટકા છે જ્યારે બે વાર પાક લે છે તે ૨૩ એટલે ૪૬ ટકા ઉત્તરદાતા છે તેમાં સૌથી વધારે ઉત્તરદાતા બે વાર પાક લે છે વર્ષમાં અને ઓછા પ્રમાણના ઉત્તરદાતા એકવાર પાક લે છે કારણ કે તેમની પાસે સિંચાઈની સગવડ ન હોવાથી તે એકવાર પાક લે છે.

કોઠા નં.૭૦

**સિંચાઈની સગવડ છે કે નથી તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૨૩ | ૪૬ |
| ૨ | ના | ૨૭ | ૫૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણવા મળે છે કે ૨૩ એટલે ૪૬ ટકા ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ છે અને ૨૭ એટલે ૫૪ ટકા ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ જોવા મળતી નથી.

આ પ્રમાણે જોતા વધારે માં વધારે ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ નથી જ્યારે ૪૬ ટકા ઉત્તરદાતા પાસે સિંચાઈની સગવડ જોવા મળે છે.

કોઠા નં. ૭૧

**વાર્ષિક આવક દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ હજાર | ૦૧ | ૦૨ |
| ૨ | ૬ થી ૧૦ | ૦૫ | ૧૦ |
| ૩ | ૧૧ થી ૨૦ | ૧૧ | ૨૨ |
| ૪ | ૨૧ થી ૩૦ | ૨૧ | ૪૨ |
| ૫ | ૩૧ થી ૪૦ | ૧૧ | ૨૨ |
| ૬ | ૪૧ થી વધુ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા પાસે ૧ થી ૫ .... વાર્ષિક આવક છે અને ૫ એટલે ૧૦ ટકા ઉત્તરદાતાની વાર્ષિક આવક ૬ થી ૧૦ હજાર છે. ૧૧ થી.૨૦ હજાર વાર્ષિક આવક છે તે ૧૧ એટલે ૨૨ ટકા ઉત્તરદાતા છે. ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક આવક છે તે ૨૧ એટલે ૪૨ ટકા ઉત્તરદાતા છે અને ૩૧ થી ૪૦ હજાર વાર્ષિક આવક છે તે ૧૧ એટલે ૨૨ ટકા છે. જ્યારે ૪૧ હજાર થી વધારે વાર્ષિક આવક આવે છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા વધારે માં વધારે ઉત્તરદાતાની વાર્ષિક આવક ૨૧ થી ૩૦ હજાર છેઅને ઓછામાં ઓછા ઉત્તરદાતાની વાર્ષિક આવક ૧ થી ૫ અને ૪૧ હજારથી વધુ છે તે છે.

કોઠા નં. ૭૨

વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ હજાર | ૦૭ | ૧૪ |
| ૨ | ૧૧ થી ૨૦ | ૧૩ | ૨૬ |
| ૩ | ૨૧ થી ૩૦ | ૨૩ | ૪૬ |
| ૪ | ૩૧ થી ૪૦ | ૦૭ | ૧૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠામાં પરથી જાણવા મળે છે કે ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૧ થી ૧૦ હજાર છે. ૧૧ થી ૨૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તે ૧૩ એટલે ૨૩ ટકા ઉત્તરદાતા છે અને ૨૧ થી ૩૦ હજાર વાર્ષિક ખર્ચ થાય છે તે ૨૩ એટલે ૪૬ ટકા ઉત્તરદાતા છે.

જેમાં સૌથી વધારે ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૨૧ થી ૩૦ હજાર થાય છે જ્યારે ઓછામાં ઓછા ઉત્તરદાતાનું વાર્ષિક ખર્ચ ૧ થી ૧૦ અને ૩૧ થી ૪૦ હજાર રૂપિયા વાર્ષિક ખર્ચ થાય છે.

કોઠા નં. ૭૩

દેવું છે કે નથી તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧ | ૨૨ |
| ૨ | ના | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા મુજબ જોતા ૧૧ એટલે ૨૨ ટકા ઉત્તરદાતા પાસે દેવું છે અને ૩૯ એટલે ૭૮ ટકા ઉત્તરદાતા પાસે દેવું નથી.

આ પ્રમાણે જોતા સૌથી વધારેમાં વધારે ઉત્તરદાતા પાસે દેવું નથી. માત્ર ૨૨ ટકા ઉત્તરદાતા પાસે દેવું જોવા મળે છે.

**કોઠા નં. ૭૪**

**દેવું કોની પાસેથી લીધું છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | બેંક પાસેથી | ૦૮ | ૧૬ |
| ૨ | શેઠ શાહુકાર | ૦૧ | ૦૨ |
| ૩ | સગા સંબંધી | ૦૨ | ૦૪ |
| ૪ | દેવું નથી | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ૮ એટલે ૧૬ ટકા ઉત્તરદાતાએ બેંક પાસેથી દેવું લીધું છે. ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતાઓએ શેઠ શાહુકાર પાસેથી દેવું લીધું છે અને સગા સંબંધી પાસેથી દેવું લીધું છે તે ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતા છે દેવું નથી તે ૩૯ એટલે ૭૮ ટકા ઉત્તરદાતા છે.

કોઠા પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતાઓ એ બેંક પાસેથી દેવું લીધું છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાઓએ શેઠ શાહુકાર પાસેથી દેવું લીધું છે.

**કોઠા નં. ૭૫**

**ઉત્તરદાતાએ દેવું શા માટે દેવું લીધુ છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતીના વિકાસ માટે | ૦૪ | ૦૮ |
| ૨ | મકાન બાંધવા માટે | ૦૩ | ૦૬ |
| ૩ | લગ્ન માટે | ૦૨ | ૦૪ |
| ૪ | અન્ય | ૦૨ | ૦૪ |
| ૫ | દેવું નથી | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા આધારે જોતા જ એટલે ૮ ટકા ઉત્તરદાતાએ ખેતીના વિકાસ માટે દેવું લીધું છે. ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતાએ મકાન બાંધવા માટે દેવું લીધું છે અને ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતાએ લગ્ન માટે દેવું લીધું છે જયારે ૨ એટલે ૪ ટકા ઉત્તરદાતાએ અન્ય ધંધા અર્થે એટલે દુકાન, વ્યાપાર માટે દેવુ લીધું છે જયારે દેવું નથી તે ૩૯ એટલે ૭૮ ટકા છે.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતાએ ખેતીના વિકાસ માટે દેવું લીધું છે અને ઓછા ઉત્તરદાતાએ લગ્ન માટે અને અન્ય ધંધા અર્થે દેવું લીધું છે.

**કોઠા નં. ૭૬**

**દેવું કેટલું લીધું છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ હજાર | ૧૦ | ૨૦ |
| ૨ | ૧૧ થી ૨૦ હજાર | ૦૧ | ૦૨ |
| ૩ | દેવુ નથી તે | ૩૯ | ૭૮ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ૧૦ એટલે ૨૦ ટકા ઉત્તરદાતાએ ૧ થી ૧૦ હજાર દેવું લીધું છે અને ૧૧ થી ૨૦ દેવું લીધું છે તે ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા છે જયારે દેવું નથી તે ૩૯ એટલે ૭૮ ટકા છે.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતાએ ૧ થી ૧૦ હજાર દેવું લીધું છે અને ઓછામાં ઓછા ઉત્તરદાતાએ ૧૦ થી ૨૦ હજાર દેવું લીધું છે.

આમ પ્રસ્તુત પ્રકરણમાં ગ્રામ પંચાયતના સભ્યોની સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિ વિશે જાણ્યું. તેના પરથી જણાય છે કે ગ્રામ પંચાયતમાં મોટે ભાગે પટેલ તેમજ બક્ષીપંચ, અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિ વગેરે બધી જ જાતિઓ સભ્યો છે અને શિક્ષણ ઓછું છે છતાં બધાં એક બીજાના સહકારથી પંચાયતમાં કાર્ય કરે છે. આર્થિક સ્થિતિ કેટલાકની નબળી છે, કારણ મુખ્ય વ્યવસાય ખેતી છે અને તે પણ વરસાદ પર આધારિત બહુ ઓછા લોકોને સિંચાઈની સગવડ છે તેથી લોકોની આર્થિક સ્થિતિ હજુ પ્રમાણમાં સારી નથી તેમ અભ્યાસ દ્વારા જણાય છે.

## પ્રકરણ - ૬

# ગ્રામસભા અંગે ઉત્તરદાતાઓ (ગ્રામ પંચાયતના સભ્યો)ના અભિપ્રાયો

પ્રકરણ - ૬

# ગ્રામસભા અને ઉત્તરદાતાઓ (ગ્રામપંચાયતના સભ્યો) ના અભિપ્રાયો.

૭૩મા બંધારણીય સુધારમાં ગ્રામસભાને રાજ્યમાં વિધાનસભા જે રીતે કાર્ય કરે છે તે મુજબ તે કાર્ય કરે તે માટે જરૂરી તમામ સત્તા તેને આપવા જોગવાઈ કરવામાં આવી છે તેઆગળના પ્રકરણમાં જોયું.

આ બંધારણીય જોગવાઈને ગુજરાત પંચાયત ધારાની કલમ-૪ માં મૂકવામાં આવી છે. ગ્રામસભા એટલે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. આગળ જોયું તેમ ગ્રામસભાને ગ્રામપંચાયતના કાર્યો સંબંધી અગત્યના નિર્ણયો લેવાય તે માટે જરૂરી સત્તા આપવામાં આવીછે. પંચાયત ધારા મુજબ વર્ષમાં બે વાર ગ્રામસભા બોલાવવી ફજરિયાત છે. આ ઉપરાંત સરપંચ જરૂરિયાત મુજબ તથા તાલુકા અને જિલ્લા પંચાયત દ્વારા પણ ગ્રામસભાની અસાધારણ બેઠક ગમે ત્યારે બોલાવી શકાય છે. પ્રથમ ગ્રામસભા દરેક નાણાંકીય વર્ષના મે માસના અંત સુધીમાં બોલાવવી ફરજિયાત છે. આ ગ્રામસભામાં ગયા વર્ષના હિસાબો  તથા કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. બીજી ગ્રામસભામાં આવતા વર્ષનું આયોજન થાય છે. આ બન્ને ગ્રામસભામાં લોકભાગીદારી રહેશે તો પંચાયતની પારદર્શકતા તથા જવાબદારી બની રહેશે.

પ્રસ્તુત પ્રકરણમાં ગ્રામસભા અંગે લોકોના વલણો અને મંતવ્યો કેવા છે તેમજ તેમનામાં ગ્રામસભા અંગે કેવી અને કેટલી જાણકારી છે તેની ચર્ચા ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉત્તરદાતાઓએ પ્રશ્નોના જે જવાબ આપ્યા છે તે માહિતીના આધારે કોઠાઓ દ્વારા રજૂ કરવામાં આવી છે.

સરળતા ખાતર માહિતીને બે પ્રકરણોમાં વહેંચી છે.

(અ) ગ્રામસભા અંગે ઉત્તરદાતાઓ (ગ્રામપંચાયતના સભ્યો)ના અભિપ્રાયો.

(બ) ગ્રામસભા અંગે ઉત્તરદાતાઓ (ગ્રામજનો) ના અભિપ્રાયો.

ક્ષેત્રકાર્ય દરમ્યાન વલસાડ, નવસારી, વડોદરા, કચ્છ, સાબરકાંઠા અને જુનાગઢ એ જિલ્લાઓના બે તાલુકાઓના પાંચ પાંચ ગામોમાંથી ઉત્તરદાતાઓ પાસેથી ગ્રામસભા અંગે માહિતી મેળવવામાં આવી છે. આ ઉપરાંત બધા જિલ્લાના ગ્રામ પંચાયતના સભ્યો પાસેથી તેમની ગ્રામપંચાયત અગે કેટલીક પ્રાથમિક માહિતી એકત્રિત કરવામાં આવી છે. વલસાડ તાલુકામાં એક ગામની પંચાયતો અને જૂથ પંચાયતો બંને જોવા મળે છે. એક

ગામની ગ્રામપંચાયતની ગ્રામસભા ગામમાં સ્વતંત્ર રીતે ભરાય છે. જ્યારે જૂથ ગામોની ગ્રામસભા જૂથના બધા જ ગામોની એક સાથે ભરાય છે. આ ગ્રામસભામાં ગામના વિકાસના કામો અંગે ચર્ચા વિચારણા થાય છે. તેમજ સરકારી યોજનાઓના લાભો કોને કોને આપવ તેની વિચારણા પણ કરવામાં આવે છે. સામાન્ય રીતે ગ્રામસભાની મીટીંગની જાણ લોકોને ૭-૮ દિવસ અગાઉ પટાવાળા દ્વારા કરવામાં આવે છે. અભ્યાસ હેઠળના ગામોમાં ઉત્તરદાતાઓને પૂછતાં જાણવા મળ્યું કે અમુક જ ગામોમાં ન્યાય સમિતિની રચના થઈ છે. મોટાભાગના ગામોમાં ન્યાયસમિતિ છે નહિ. તેમને ગામના આગેવાનોનું પરંપરાગત પંચ છે તે ન્યાય આપવાનું કાર્ય કરે છે. બંને દ્વારા લોકોને સંતોષકારક ન્યાય મળી રહે છે તેમ ઉત્તરદાતાઓનું કહેવું છે.

ગ્રામસભા અંગેના ગ્રામપંચાયતના સભ્યોના અભિપ્રાયો નીચે મુજબ છે.

## (૧) વલસાડ જિલ્લા :

કોઠા નં. ૬.૧

**ગ્રામપંચાયતના સભ્યોને ગ્રામસભા એટલે શું તે જાણે છે તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૪ | ૮૮ |
| ૨. | ના | ૦૬ | ૧૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભા એટલે શું તે જાણે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૪ છે એટલે ૮૮ ટકા છે. અને ગ્રામસભા એટલે શું તે નથી જાણતા તેવા ઉત્તરદાતા ૬ છે એટલે કે ૧૨ ટકા છે.

કોઠા નં. ૬.૨

**ગ્રામસભાનો અર્થ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભામાં ગામના લોકો ભેગા મળીને ગામના વિકાસનાં પ્રશ્નોની ચર્ચા કરે છે. | ૨૭ | ૫૪ |
| ૨. | ગ્રામસભાની અંદર તેમજ ખાતેદારોની વારસાઈ તેમજ નબળા વર્ગોનાં લોકોના વિકાસની ચર્ચા કરે છે | ૦૧ | ૦૨ |
| ૩. | ગ્રામસભામાં ગામના સમગ્ર માણસો ભેગા મળીને ગામના થેલા કામનો અહેવાલ રજુ કરે અને નવા કામનું આયોજનકરવું. | ૧૨ | ૨૪ |
| ૪. | ૧૮ વર્ષના ભાઈ/બહેન ગ્રામસભામાં આવે સાથે મળીને અમુક પ્રશ્નોની ચર્ચા કરે તેને ગ્રામસભા કહે છે. | ૦૪ | ૦૮ |
| ૫. | ગ્રામસભાનો અર્થ જાણતા નથી. | ૦૬ | ૧૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભાનો અર્થ આ મુજબ કરતા હોય છે. ગ્રામસભામાં ગામના લોકો ભેગા મળીને ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા કરે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૨૭ છે, એટલે ૫૪ ટકા છે. ગ્રામસભાની અંદર ખાતેદારોની વારસાઈ તેમજ નબળા વર્ગોના લોકોના વિકાસ અંગે ચર્ચા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે. એટલે ૨ ટકા છે. ગામના સમગ્ર માણસો ભેગા મળીને ગામના થયેલા કામનો અહેવાલ રજુ કરે છે અને નવા કામનું આયોજન કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે. એટલે ૨૪ ટકા છે. ૧૮ વર્ષના ભાઈ-બહેન ગ્રામસભા આવે સાથે મળીને અમુક પ્રશ્નોની ચર્ચા કરે તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે. એટલે ૮ ટકા છે. અને ગ્રામસભાનો અર્થ જાણતા નથી તેવા ઉત્તરદાતા ૬ તે ૧૨ ટકા છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગના સભ્યો ગ્રામસભામાં ગામના લોકો ભેગા મળીને ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા કરે છે એવો અર્થ કરે છે. ગ્રામપંચાયતના સભ્યોમાં માત્ર ૪ સભ્યો જ ચોક્કસ અર્થ જાણે છે. બાકીના ગ્રામસભાનો થોડો ઘણો અર્થ જાણે છે. જયારે છ ઉત્તરદાતા અર્થ જાણતા નથી. ગ્રામપંચાયતમાં સભ્ય હોવા છતાં ગ્રામસભા બધે જ વર્ષમાં બે વખત ભરાય છે તેવું મોટાભાગના ઉત્તરદાતા જણાવે છે. અને તેની મીટીંગની જાણ પટાવાળા દ્વારા ઘરે ઘરે કરવામાં આવે છે.

### કોઠા નં. ૬.૩

### ગ્રામસભામાં શું કાર્યવાહી થાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | આગળની ગ્રામસભામાં ઠરાવેલા કામો | ૦૪ | ૦૮ |
| ૨. | ગામના વિકાસના કામો | ૨૯ | ૫૮ |
| ૩. | એજંડામાં લેવાયેલા કામો | ૧૧ | ૨૨ |
| ૪. | ખબર નથી | ૦૬ | ૧૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં આ મુજબની કાર્યવાહી થાય છે. આગળની ગ્રામસભામાં ઠરાવેલા કામો થાય કે નહીં તે અંગે કાર્યવાહી થાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે, એટલે ૮ ટકા છે.

ગામના વિકાસના કામો કરવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૯ છે એટલે ૫૮ ટકા પ્રમાણે છે. એજંડામાં લેવાયેલા કામો કરવામાં આવે છે તેમકહેતા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા છે. ખબર નથી તેમ કહેતા ઉત્તરદાતા ૬ છે એટલે કે ૧૨ ટકા છે.

ઉપરના કોઠા પરથી જણાય છે કે ગ્રામસભામાં ગામના વિકાસમાં કામોની ચર્ચા કરે છે તેમ કહેતા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ છે. જ્યારે સૌથી ઓછુ આગળની ગ્રામસભામાં ઠરાવેલા કામોની ચર્ચા કરે છે તેમ કહેતા ઉત્તરદાતાનું પ્રમાણ માત્ર ૮ ટકા પ્રમાણ છે.

### કોઠા નં.૪

### ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યોની હાજરી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૭ | ૯૪ |
| ૨. | ના | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યો હાજર રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૭ છે. એટલે ૯૪ ટકા પ્રમાણે છે અને ગ્રામસભા અમુક સભ્યો હાજર રહેતા નથી તેમ કહેતા ઉત્તરદાતા ૩ છે એટલે ૬ ટકા છે.

વલસાડ જિલ્લામાં ગ્રામપંચાયતના સભ્યો ગ્રામસભામાં હાજર રહે છે. પણ આકસ્મિક કારણોને લીધે સભ્યો ગ્રામસભામાં હાજર રહી શકતા નથી તેવા અભિપ્રાયો જાણવા મળેલ છે.

કોઠા નં. ૬.૫

ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૫ સ્ત્રીઓ | ૦૩ | ૦૬ |
| ૨. | ૬ થી ૧૦ સ્ત્રીઓ | ૨૬ | ૫૨ |
| ૩. | ૧૧ થી ૧૫ સ્ત્રીઓ | ૧૨ | ૨૪ |
| ૪. | ૧૬ થી વધુ સ્ત્રીઓ | ૦૯ | ૧૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી આ પ્રમાણે છે. ૧ થી ૫ સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૩ છે એટલે ૬ ટકા છે. ૬ થી ૧૦ સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૨૬ છે. એટલે ૫૨ ટકા છે. ૧૧ થી ૧૫ સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે. એટલે ૨૪ ટકા છે. ૧૬ થી વધુમાં સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છ તેમ કહેતા ઉત્તરદાતા ૯ છે એટલે ૧૮ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારીમાં સૌથી વધુ પ્રમાણ ૬ થી ૧૦ના જૂથમાં ૫૨ ટકા પ્રમાણ છે. જયારે ઓછું પ્રમાણ ૧ થી ૫ ના જૂથમાં જે માત્ર ૬ ટકા પ્રમાણ છે.

કોઠા નં.૬

ગ્રામસભામાં અનુસૂચિત જાતિની ભાગીદારી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૫ | ૩૧ | ૬૨ |
| ૨. | ૬ થી ૧૦ | ૦૧ | ૦૨ |
| ૩. | વસ્તી નથી | ૧૮ | ૩૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં અનુસૂચિત જાતિની ભાગીદારીમાં ૧ થી ૫ વ્યક્તિઓ આવે છે તેમ કહેતાં ઉત્તરદાતા ૩૧ છે. એટલે ૬૨ ટકા છે. ૬ થી ૧૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે. એટલે ૩૬ ટકા પ્રમાણે છે. વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિની ખાસ વસ્તી નથી.

કોઠા નં. ૬.૭

ગ્રામસભામાં અનુસૂચિત જનજાતિની ભાગીદારી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ | ૧૧ | ૨૨ |
| ૨. | ૧૧ થી ૨૦ | ૦૮ | ૧૬ |
| ૩. | ૨૧ થી ૩૦ | ૧૩ | ૨૬ |
| ૪. | ૩૧થી વધુ | ૧૮ | ૩૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ગ્રામસભાાં અનુસૂચિત જનજાતિની ભાગીદારી આ મુજબ છે. ૧ થી ૧૦ અનુસૂચિત જનજાતિના લોકો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે. એટલે ૨૨ ટકા છે. ૧૧ થી ૨૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે. એટલે ૧૬ ટકા છે. ૨૧ થી ૩૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૩ છે એટલે ૨૬ ટકા છે. ૩૧ થી વધુ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે અનુસૂચિત જનજાતિની ભાગીદારીમાં સૌથી વધુ પ્રમાણ ૩૧થી વધુમાં લોકો ગ્રામસભામાં આવે છે તવું જણાવે છે. જયારે સૌથી ઓછું પ્રમાણ ૧૧ થી ૨ે માં જે માત્ર ૧૬ ટકા પ્રમાણ છે. એટલે કે અહીં લોકો ગ્રામસભા ભરાય છે ત્યાં ભાગ લે છે ખરા તેમ જણાય છે.

અહીંના ગામોમાં ગ્રામસભા દિવસે ભરાય છે તમ કહેતા ઉત્તરદાતાઓ ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે.

કોઠા નં. ૬.૮

**ગ્રામસભા કેટલા લોકો ભાગ લે છે તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૦ થી ૫૦ | ૦૬ | ૧૨ |
| ૨. | ૫૧ થી ૬૦ | ૦૧ | ૦૨ |
| ૩. | ૬૧ થી ૭૦ | ૧૪ | ૨૮ |
| ૪. | ૭૧ થી ૮૦ | ૧૯ | ૩૮ |
| ૫. | ૮૧થી વધુ | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં અંદાજ લોકો આ પ્રમાણે ગ્રામસભામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૬ છે. એટલે ૧૨ ટકા છે. ૫૧ થી ૬૦ લોકો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે. ૬૧ થી ૭૦ લોકો આવે તે તેમ કહેતા ઉત્તરદાતા ૧૪ છે એટલે ૨૮ ટકા છે. ૭૧ થી ૮૦ લોકો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૯ છે એટલે ૩૮ ટકા છે. અને ૮૧ થી વધુમાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા પ્રમાણે છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભામાં સૌથી વધુ પ્રમાણ ૭૧ થી ૮૦ જેટલા લોકોનું છે જે ૩૮ ટકા છે જ્યારે સૌથી ઓછું પ્રમાણ ૫૧ થી ૬૦ લોકોનું છે. આ રીતે અહીં લોકો ગ્રામસભામાં આવે છે તેવું ઉત્તરદાતાઓ જણાવે છે.

વલસાડ જિલ્લામાં પસંદ કરેલા તાલુકાના ગામોમાં ગ્રામસભામાં ચર્ચા કરવાનો મુદો પહેલાથી નક્કી કરેલો હોય છે જે એજંડા ફેરવી પહેલાથી જાણ કરે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે. ગ્રામસભાની બેઠકમાં ચર્ચા કરછાના મુદાઓ પહેલેથી સરપંચ તેમજ ગ્રામપંચાયતના સભ્યો ભેગા મળીને નક્કી કરતા હોય છે તેમ તેઓ જણાવે છે. સભામાં કોઈ વખત તોફાન કે વિરોધ જેવું વાતાવરણ ઉભું થાય તો આગેવાનો ભેગા મળી સમજાવટથી સમાધાન કરાવતા હોય છે. તેમ ઉત્તરદાતા જણાવે છે. આ ઉપરાંત તેઓનો અભિપ્રાય છે કે અત્યારે જે કેટલાક ગામોમાં જૂથ ગ્રામપંચાયતોની ભેગી ગ્રામસભા મળે છે તેને બદલે દરેક ગામની અલગ અલગ સ્વતંત્ર માત્ર એકજ ગામની ગ્રામસભા ભરવી જોઈએ અને કોરમ માટે ઓછામાં ઓછી ૫૦ ગ્રામસભાના સભ્યોની હાજરી જરૂરી છે. તે ન થાય તો ગ્રામસભા મુલત્વી રાખીને ફરી ગ્રામસભા બોલાવવી એવું ઉત્તરદાતાઓએ

જણાવ્યું. ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની હાજરીની નોંધ ઠરાવ બુકમાં તેમના નામ નોંધી તેની સામે સહી કરાવવામાં આવે છે. આ રીતે હાજર રહેલા સભ્યોની નોંધ રાખવામાં આવે છે તેમ ઉત્તરદાતાઓનું કહેવું છે.

**કોઠા નં. ૬.૯**

**ગ્રામસભાને સુદ્રઢ અને અસરકારક બનાવવા સૂચનો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા નિયમિત ભરવી | ૧૬ | ૩૨ |
| ૨. | વર્ષમાં વધુ વખત યોજવી | ૩૪ | ૬૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભાને સદ્રઢ અને અસરકારક બનાવવા માટેના સુચનો ગ્રામસભાને નિયમિત રીતે ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૬ છે. એટલે ૩૨ ટકા છે અને ગ્રામસભાને વર્ષમાં વધુ વખત યોજવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૩૪ છે એટલે ૬૮ ટકા છે. આમ અહીંના લોકોને ગ્રામસભાને વધારે સુદૃઢ અને અસરકારક બનાવવાનું ઈચ્છે છે.

**કોઠા નં. ૬.૧૦**

**ગામોમાં ગ્રામસભાને કોઈ અવરોધક પરિબળો છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | અસંતોષથી | ૦૫ | ૧૦ |
| ૨. | વિકાસના કામો ન થાય | ૦૪ | ૦૮ |
| ૩. | અવરોધક પરિબળો નથી | ૪૧ | ૮૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભાને અવરોધક પરિબળોમાં વ્યક્તિગત રીતે અસંતોષ પેદા થાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫ છે એટલે ૧૦ ટકા છે. વિકાસના કામો ન થાય તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે. એટલે ૮ ટકા પ્રમાણે છે અને અવરોધક પરિબળો નથી તેમ કહેતા ઉત્તરદાતા ૪૧ છે. એટલે ૮૨ ટકા છે. અમ મોટાભાગના ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે ખાસ કોઈ અવરોધ નથી.

**કોઠા નં. ૬.૧૧**

**ગ્રામસભા અંગેની વિસ્તૃત જાણકારી લોકોને મળે અને લોકો વધારે જાગૃત થાય તે માટે ઉપાયો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભાની બહોળી પ્રસિદ્ધી | ૨૦ | ૪૦ |
| ૨. | સરકારી યોજનાની જાણકારી આપવી | ૨૮ | ૫૬ |
| ૩. | વર્ષમાં બે થી વધુવાર ગ્રામસભા ભરવી | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભા અંગેની જાણકારી લોકોને મળે લોકો વધારે જાગૃત થાય તે માટે ગ્રામસભાની બહોળી પ્રસિદ્ધી કરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૦ છે. એટલે ૪૦ ટકા છે. સરકારી યોજનાની જાણકારી આપવી તેમ કહેતા ઉત્તરદાતા ૨૮ છે. એટલે ૫૬ ટકા છે, વર્ષમાં બે થી વધુવાર ગ્રામસભા ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામસભાની જાણકારીમાં લોકોને સરકારી યોજનાની જાણકારી આપવી તેનુ પ્રમાણ સૌથી વધુ ૫૬ ટકા પ્રમાણ છે. લોકોને જો ગ્રામસભામાં આ જાણકારી મળે અને તેનો લાભ મળે તો લોકો ગ્રામસભા અંગે વધુ જાગૃત થઈ ભાગ લેશે એમ ઉત્તરદાતાઓ જણાવે છે.

**કોઠા નં. ૬.૧૨**

**ગ્રામસભા પંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ કે પંચાયતના એક ભાગરૂપે કામ કરવું જોઈએ તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ. | ૩૧ | ૬૨ |
| ૨. | પંચાયતના એક ભાગરૂપે કામ કરવું જોઈએ | ૧૮ | ૩૬ |
| ૩. | ખબર નથી | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભા પંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૩૧ છે એટલે ૬૨ ટકા છે અને પંચાયતના

એક ભાગરૂપે કામ કરવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે. એટલે ૩૬ ટકા છે અને ખબર નથી તેમકહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે.

ઉપરના કોઠા પરથી જણાય છે કે સૌથી વધુ લોકો સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ તેવું ઈચ્છે છે, જયારે કેટલાક લોકો પંચાયતના એક ભાગરૂપે કામ કરે તેવું ઈચ્છે છે.

કોઠા નં. ૬.૧૩

**ગ્રામસભાએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ કે પંચાયતના એક ભાગરૂપે તેના કારણો દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્વતંત્ર પંચાયત ગામની સારી રીતે કામગીરી કરે તે માટે | ૧૪ | ૨૮ |
| ૨. | સ્વતંત્ર હિસાબ ચોખ્ખો રાખી શકાય | ૧૦ | ૨૦ |
| ૩. | એક ભાગ રૂપમાં ગામનો ઝડપી વિકાસ થાય ગામ આદર્શ બને તે માટે | ૧૮ | ૩૬ |
| ૪. | એકભાગ રૂપે પંચાયતનું જ અંગ ગણાય તે માટે | ૦૭ | ૧૪ |
| ૫. | ખબર નથી | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભાએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ તેના કારણો આપતાં જણાવે છે કે સ્વતંત્ર હોય તો ગામની સારી રીતે કામગીરી થઈ શકે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૪ છે. એટલે ૨૮ ટકા છે. સ્વતંત્રમાં હિસાબ ચોખ્ખો રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૦ છે. એટલે ૨૦ ટકા છે. એકભાગ રૂપેમાં ગામનો વિકાસ ઝડપી બને તે આદર્શ ગામ બને તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે. પંચાયતનું એકજ અંગ ગણાય તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે. અને ખબર નથી તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે.

ઉપરના કોઠા પરથી કહી શકાય છે પંચાયતના એકભાગ રૂપેમાં ગામનો ઝડપી વિકાસ થાય અને આદર્શ ગામ બને તેમ જણાવતા સૌથી વધુ ૩૬ ટકા ઉત્તરદાતાઓ છે. જયારે સ્વતંત્ર રીતે ગ્રામસભા વધારે સારી રીતે કામ કરી શકે કારણ હિસાબ ચોખ્ખો રહે તેમ કેટલાક ઉત્તરદાતાનું માનવું છે.

**કોઠા નં. ૬.૧૪**

**ગ્રામસભાના એકમ અગના અભિપ્રાયો દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ફળીયાદીઠ ગ્રામસભા હોવી જોઈએ | ૦૨ | ૦૪ |
| ૨. | જૂથ ગામોની સાથે ગ્રામસભા હોવી જોઈએ | - | - |
| ૩. | ગામદીઠ ગ્રામસભા હોવી જોઈએ | ૪૮ | ૯૬ |
| ૪. | અન્ય | - | - |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વલસાડ જિલ્લામાં ગ્રામસભાનો એકમમાં ફળીયાદીઠ ગામસભા હોવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે. અને ગામદીઠ ગ્રામસભા હોવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૪૮ છે એટલે ૯૬ ટકા છે. આ રીતે લોકો ગામદીઠ ગ્રામસભા હોવી જોઈએ તેવો અભિપ્રાય આપે છે.

**(૨) વડોદરા જિલ્લામાં ગ્રામપંચાયતના સભ્યોના ગ્રામસભા વિષેના અભિપ્રાયો.**

વડોદરા જિલ્લામ વડોદરા અને છોટાઉદેપુર તાલુકા ગ્રામસભાના મુલ્યાંકન અભ્સ માટે પસંદ કર્યા છે.

વડોદરા તાલુકાના પસંદ કરેલા પાંચ ગામોમાં (૧) છાણી (૨) દશરથ (૩) સાકરદા (૪) કલ્યાણપુરા / ફાજલપુર (૫) ઉડેરા ગામનો સમાવેશ થાય છે.

છોટાઉદેપુર તાલુકાના પસંદ કરેલા પાંચ ગામોમાં (૧) રોનવાડ (૨) ઘેલવાટ (૩) ઘંઘોડા (૪) સીંગલા (૫) ગાબડી ગામોનો સમાવેશ થાય છે.

આ જિલ્લામાં નાના નાના ગામોની જૂથ પંચાયતો છે. આ જિલ્લામાં નાના નાના ગામોની જૂથ પંચાયતો છે અને મોટા ગામોની સ્વતંત્ર એક જ ગામની ગ્રામપંચાયતો છે. આ ગ્રામપંચાયતો ગામના વિકાસનાં કામો તેમજ સરકારી યોજનાઓનો લાભ આપવાનું કામ કરે છે. ગ્રામ પંચાયતના સભ્યોને ગ્રામસભાની મિટીંગની અઠવાડિયામાં અગાઉ કરવામાં આવે છે તેમ મોટાભાગના ઉત્તરદાતાઓ જણાવે છે. ૮૦ ટકા ઉત્તરદાતાઓના જણાવ્યા મુજબ સામાજિક ન્યાય સમિતિ છે નિહ પરંતુ પંચ દ્વારા લોકોને સંતોષકારક ન્યાય મળી રહે છે તેમ ઉત્તરદાતાઓ જણાવે છે. તેમના ગ્રામસભા વિષેના અભિપ્રાય નીચે મુજબ છે.

**કોઠા નં. ૬.૧૫**

**ગ્રામપંચાયતના સભ્યો ગ્રામસભા એટલે શું તે જાણે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૫૦ | ૧૦૦ |
| ૨. | ના | - | - |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

વડોદરા જિલ્લામાં બધાજ ઉત્તરદાતાઓ ગ્રામસભા એટલે શું તે જાણે તેમ કહેતા ઉત્તરદાતાઓ ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે.

**કોઠા નં. ૬.૧૬**

**ગ્રામસભાનો અર્થ દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા એટલે તમામ ગ્રામજનોનું બનેલું સંગઠિત સ્વરૂપ છે. જે ગામના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરે છે. | ૩૯ | ૭૮ |
| ૨. | ગ્રામસભા એટલે ગામના વિકાસના કામ કરવા માટે લોકોની સાથે ચર્ચા કરીને અમલમાં લેવા માટે ભરાતી સભા. | ૦૫ | ૧૦ |
| ૩. | ગ્રામસભાએ આધુનિક કાયદાકીય સ્વરૂપ છે જે ગ્રામ વિકાસ માટે પ્રયત્નો કરે છે. | ૦ | ૦૮ |
| ૪. | ગ્રામસભા એટલે ગામની તમામ સમસ્યાઓની નિવારણ કરતી સભાને ગ્રામસભા કહે છે | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરાક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામપંચાતના સભ્યો ગ્રામસભાનો અર્થ આ મુજબ કરે છે. ગ્રામસભા એટલે તમામ ગ્રામજનોનું બનેલું સંગઠિત સ્વરૂપ છે. જે ગામના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરે અને તેનુ નિવારણ લાવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૩૯ છે. એટલે ૭૮ ટકા છે. ગ્રામસભા એટલે ગામના વિકાસના કામો કરવા માટે લોકોની સાથે ચર્ચા કરીને અમલમાં લેવા માટે ભરાતી સભાને ગ્રામસભા કહે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૫ છે એટલે ૧૦ ટકા છે. ગ્રામસભાએ આધુનિક કાયદાકીય સ્વરૂપ છે જે ગ્રામવિકાસ માટે પ્રયત્નો કરે છે તેમ કહેતા ઉત્તરદાતાઓ ૪ છે એટલે ૮ ટકા છે. ગ્રામસભા

એટલે ગામની તમામ સમસ્યાઓનું નિવારણ કરતી સભાને ગ્રામસભા કહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ગરામસભાનો અર્થ બધાજ સભ્યો જાણે છે પણ જુદા જુદા અર્થ ઘટાવે છે. હજુ તેમના મનમાં ચોક્કસ કે સ્પષ્ટ અર્થ નથી તેમ તેમના જવાબ પરથી સ્પષ્ટ થાય છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં વર્ષમાં ઓછામાં ઓછી બે વાર તો મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે, એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે. ગ્રામસભા ભરાવાની છે તેની જાણ સામાન્ય રીતે પટાવાળા દ્વારા ઢંઢેરો પીટાવીન કરવામાં આવે છે. સાત, આઠ દિવસ અગાઉ જાણ કરવામાં આવે છે તેમ મોટાભાગના ઉત્તરદાતાઓ જણાવે છે.

કોઠા નં. ૬.૧૭

ગ્રામસભામાં શું કાર્યવાહી થાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | આગળની ગ્રામસભામાં ઠરાવેલા કામોની ચર્ચા | ૧૧ | ૨૨ |
| ૨. | ગામનાં વિકાસના તમામ કામોની ચર્ચા વિચારણા અને અમલીકણ | ૩૯ | ૭૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં આગળની ગ્રામસભામાં ઠરાવેલા કામોની ચર્ચા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે. એટલે ૨૨ ટકા છે. ગામના વિકાસના તમામ કામોની ચર્ચા વિચારણા અને અમલીકરણ થાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૩૯ છે એટલે ૭૮ ટકા છે. આમ મોટાભાગના ઉત્તરદાતાઓ ગ્રામસભાની કાર્યવાહી અંગે સારો અભિપ્રાય આપે છે.

કોઠા નં. ૬.૧૮

ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યોની હાજરી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૬ | ૯૨ |
| ૨. | ના | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યો હાજર રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૬ છે એટલે ૯૨ ટકા છે. અને ગ્રામસભામાં હાજર રહેતા નથી તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં ગ્રામ પંચાયતના સભ્યો ગ્રામસભામાં હાજર રહે છે પણ હાજર નથી રહી શકતા તેમના આકસ્મિક કારણોસર હાજર રહી શકતા નથી તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

**કોઠા નં. ૬.૧૯**

**ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૫ સ્ત્રીઓ | ૦૬ | ૧૨ |
| ૨. | ૬ થી ૧૦ સ્ત્રીઓ | ૩૧ | ૬૨ |
| ૩. | ૧૧ થી૧૫ સ્ત્રીઓ | ૧૨ | ૨૪ |
| ૪. | ૧૬ થી વધુ સ્ત્રીઓ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જલ્લામાં ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી આ મુજબ ૧ થી ૫ સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા૧૬ છે એટલે ૩૨ ટકા છે. ૬ થી ૧૦ સ્ત્રીઓ આવે છે  તેમ કહેતા ઉત્તરદાતા ૩૧ છે એટલે ૬૦ ટકા છે. ૧૧ થી ૧૫ સ્ત્રીઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે એટલે ૨૪ ટકા છે. ૧૬થી વધુ સ્ત્રીઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી સૌથી વધુ પ્રમાણ ૬ થી ૧૦ જેટલી સ્ત્રીઓ આવે છે તેમ ઉત્તરદાતાઓ જણાવે છે. આ રીતે ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારીનું પ્રમાણ ઓછું છે.

## કોઠા નં. ૬.૨૦

### ગ્રામસભામાં અનુસૂચિત જાતિની ભાગીદારી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૫ | ૦૭ | ૧૪ |
| ૨. | ૬ થી ૧૦ | ૦૬ | ૧૨ |
| ૩. | ૧૧ થી ૧૫ | ૧૧ | ૨૨ |
| ૪. | ૧૬થી વધુ | ૨૬ | ૫૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લા ગ્રામસભામાં અનુસૂચિત જાતિ ભાગીદારી આ મુજબ છે. ૧ થી ૫ અનુસૂચિત જાતિના લોકો આવે તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે. ૬ થી ૧૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૬ છે એટલે ૧૨ ટકા છે. ૧૧ થી ૧૫ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા છે, ૧૬થી વધુ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૬ છે એટલે ૫૨ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં અનુસૂચિત જાતિની ભાગીદારીમાં સૌથી વધુ પ્રમાણ ૧૬ થી વધુમાં જોવા મળે છે. એમ ઉત્તરદાતાઓનો અભિપ્રાય છે. જ્યારે છ ઉત્તરદાતાઓનો મત (માત્ર ૧૨ટકા) મુજબ ૬ થી ૧૦ વ્યક્તિઓ જ ભાગ લે છે.

## કોઠા નં. ૬.૨૧

### ગ્રામસભામાં અનુસૂચિત જનજાતિની ભાગીદારી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ | ૦૪ | ૦૮ |
| ૨. | ૧૧, થી ૨૦ | ૦૩ | ૦૬ |
| ૩. | ૨૧ થી ૩૦ | ૦૧ | ૦૨ |
| ૪. | ૩૧થી વધુ | ૧૯ | ૩૮ |
| ૫. | અનુસૂચિત જનજાતિની વસ્તી નથી | ૨૩ | ૪૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં અનુસૂચિત જનજાતિની ભાગીદારીમાં ૧ થી ૧૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે. ૧૧ થી ૨૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૩ છે એટલે ૬ ટકા છે. ૨૧ થી ૩૦ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે. જયારે અનુસૂચિત જનજાતિની વસ્તી નથી તેમ કહેતા ઉત્તરદાતા ૨૩ એટલે ૪૬ ટકા છે. વડોદરા તાલુકામાં ઓછી વસ્તી જોવા મળે છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામા અનુસૂચિત જનજાતિના લોકોની ભાગીદારી ગ્રામસભામાં સૌથી વધુ પ્રમાણ જોવા મળે છે. વસિત ઓછી છે ત્યાં ભાગીદારી ઓછી છે અને બિલકુલ નથી ત્યાં ભાગીદારી નથી. ગ્રામસભા દિવસે ભરાય છે તેવુ ઉત્તરદાતાઓ જણાવે છે.

**કોઠા નં. ૬.૨૨**

**ગ્રામસભામાં ગામના લોકોની ભાગીદારી દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૦ થી ૫૦ | - | - |
| ૨. | ૫૧ થી ૬૦ | ૧૦ | ૨૦ |
| ૩. | ૬૧ થી ૭૦ | ૧૬ | ૩૨ |
| ૪. | ૭૧ થી ૮૦ | ૧૪ | ૨૮ |
| ૫. | ૮૧ થી વધુ | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં ગામના લોકો આ મુજબ આવે છે. ૫૧ થી ૬૦ જેટલા લોકો ગ્રામસભામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે. ૬૧ થી ૭૦ જેટલા લોકો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૬ છે એટલે ૩૨ ટકા છે. ૭૧ થી ૮૦ જેટલા લોકો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૪ છે એટલે ૨૮ ટકા છે. ૮૧થી વધુ લોકો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે.

ઉપરના કોઢા પરથી ખ્યાલ આવે છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં ગ્રામલોકોની ભાગીદારીમાં સૌથીવધુ પ્રમાણ ૬૧ થી ૭૦ જેટલી છે. જયારે સૌથી ઓછુ પ્રમાણ ૮૧ થી વધુ તેમજ ૫૧ થી ૬૦ના જૂથમાં જોવા મળે છે. ગ્રામસભામાં ચર્ચા કરવાનો મુદો

પહેલેથી નક્કી કરવામાં આવે છે. ગ્રામસભામાં કોઈ વખત વિરોધ કે તોફાન થાય તો તેનું નિવારણપંચ અને આગેવાનો મળીને કરે છે. જોકે બહુ ઓછું એટલે કયેરેક જ આવું બને છે.

વડોદરા જલ્લામાં ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની નોંધ રાખવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની નોંધ ઠરાવબુકમાં સહીને લઈને નોંધ રાખવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે. પરંતુ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના એક ગામમાં ગ્રામસભાની મુલાકાત લીધાબાદ તલાટીને આગળની ગ્રામસભાની હાજરીનો રિપોર્ટ જોવા માગતા તે આપી શક્યા નહતા. તે એક નોંધવા લાયક ઘટના છે. ગ્રામસભામાં ગામની સમસ્યાઓ અંગે તેમજ ગરીબી નિવારણ અંગેની કામગીરી કરવામાં આવેલ તેમ ઉત્તરદાતાઓ જણાવે છે. જાગ્રત અને શિક્ષિત લોકો ગ્રામસભામાં રસ લે છે.

**કોઠા નં. ૬.૨૩**

**ગ્રામસભાને સુદૃઢ અને અસરકારક બનાવવા માટે શું કરવું જોઈએ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા નિયમિત ભરવી જોઈએ | ૨૬ | ૫૨ |
| ૨. | વર્ષમાં વધુ વખત ગ્રામસભાઓ યોજવી | ૨૪ | ૪૮ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભાને સુદ્રઢ અને અસરકારક બનાવવા માટે ગ્રામસભા નિયમિત ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૬ છે એટલે ૫૨ ટકા છે અને વર્ષમાં વધુ વખત ગ્રામસભાઓ યોજવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૪ છે એટલે ૪૮ ટકા છે.

**કોઠા નં. ૬.૨૪**

**ગ્રામસભાની કામગીરીમાં અવરોધક પરિબળો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગામમાં સંપ ન હોય | ૩૦ | ૬૦ |
| ૨. | માણસોને આગાઉથી જાણ કરવામાં ન આવી હોય | ૧૩ | ૨૬ |
| ૩. | અવરોધક પરિબળો નથી | ૦૭ | ૧૪ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભાની કામગીરીમાં અવરોધક પરિબળોમાં ગામમાં સંપ ન હોય તેમ કહેતા ઉત્તરદાતા ૩૦ છે. એટલે ૬૦ ટકા છે. માણસોને અગાઉથી જાણ કરવામાં ન આવી હોય તેમ કહેતા ઉત્તરદાતા ૧૩ છે એટલે ૨૬ ટકા છે. અને અવરોધક પરિબળો નથી તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે.

ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે કે ગ્રામસભાની કામગીરીમાં અવરોધક પરિબળો વહીવટ કરતા નબળા હોય તેવું કહેતા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ ૬૦ ટકા પ્રમાણ છે જયારે સાત ઉત્તરદાતાને કોઈ અવરોધક પરિબળ જણાનું નથી.

**કોઠા નં. ૬.૨૫**

**ગ્રામસભા અંગેની વિસ્તૃત જાણકારી લોકોને મળે અને લોકો વધારે જાગૃત થાય તે ઉપાયો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભાની બહોળી પ્રસિદ્ધિ કરવી જોઈએ | ૨૩ | ૪૬ |
| ૨. | વર્ષમાં વધુ વખત ગ્રામસભા યોજવી જોઈએ | ૨૭ | ૫૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભા અંગેની વિસ્તૃત જાણકારીથી લોકો જાગૃત થાય તે માટે ગ્રામસભાની બોહળી પ્રસિદ્ધિ કરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૩ છે એટલે ૪૬ ટકા છે અને વર્ષમાં વધુ વખત ગ્રામસભા યોજવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૭ છે એટલે ૫૪ ટકા છે.

**કોઠા નં. ૬.૨૬**

**ગ્રામસભાએ ગ્રામપંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ. પંચાયતના ભાગરૂપે કામ કરવું જોઈએ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા પંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ | ૪૮ | ૯૬ |
| ૨. | ગ્રામસભા પંચાયતના એકભાગ રૂપે કામ કરવું જોઈએ. | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભાએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૪૮ છે. એટલે ૯૬ ટકા છે. જયારે ગ્રામસભાએ પંચાયતના એક ભાગરૂપે કામ કરવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે.

કોઠા નં. ૬.૨૭

**ગ્રામસભાએ પંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ. પંચાયતના એક ભાગરૂપે કામ કરવું જોઈએ તેના કારણો દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવાથી ગામનો વિકાસના કામો ઝડપથી પુરા થાય અને નવા કામનુ આયોજન થાય. | ૨૪ | ૪૮ |
| ૨. | ગ્રામસભા પંચાયતનું એક અંગ હોવાથી એક ભાગરૂપે કામ કરવું જોઈએ. | ૧૮ | ૩૬ |
| ૩. | ગ્રામસભા સ્વતંત્ર રીતે કામ કરે તો હિસાબ ચોખ્ખો રહે છે. | ૦૮ | ૧૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભાએ સ્વતંત્ર રીતે કે પંચાયત એક ભાગરૂપે કામ કરે તેના કારણોમાં સ્વતંત્ર અસ્તિત્વથી ગામનો વિકાસના કામો ઝડપથી પુરા થાય અને નવા કામનું આયોજન થાય તેમ કહેતા ઉત્તરદાતા ૨૪ છે એટલે ૪૮ ટકા છે. પંચાયતનું એક અંગ હોવાથી એક ભાગરૂપે કામ કરવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે. સ્વતંત્રમાં હિસાબ ચોખ્ખો રાખી શકાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે એટલે ૧૬ ટકા છે.

ઉપરના કોઠા પરથી કહી શકાય કે સૌથી વધુ પ્રમાણ ગામના વિકાસના કામો થાય છે તેનું પ્રમાણ ૪૮ ટકા પ્રમાણે છે, જ્યારે સૌથી વધુ પ્રમાણ માત્ર ૧૬ ટકા છે. હિસાબ ચોખ્ખો રહે છે તેનું પ્રમાણ માત્ર ૧૬ ટકા છે.

કોઠા ન. ૬.૨૮

**ગ્રામસભાના એકમ અંગેના અભિપ્રાયો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ફળીદીઠ ગ્રામસભા હોવી જોઈએ | - | - |
| ૨. | જૂથ ગામોની સાથે ગ્રામસભા હોવી જોઈએ | ૧૯ | ૩૮ |
| ૩. | ગામદીઠ ગ્રામસભા હોવી જોઈએ | ૩૧ | ૬૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે વડોદરા જિલ્લામાં ગ્રામસભાના એકમ અંગેના અભિપ્રાયોમાં જૂથ ગામોની સાથે ગ્રામસભા હોવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૯ છે. એટલે ૩૮ ટકા છે, જયારે ગામદીઠ ગ્રામસભા હોવી જોઈએ તેવુ કહેતા ૩૧ છે એટલે ૬૨ ટકા છે.

**(૩) કચ્છ જિલ્લામાં ગ્રામસભા ગ્રામપંચાયતના સભ્યોના અભિપ્રાયો :**

કચ્છ જિલ્લામાં ભુજ તાલુકા અને માંડવી તાલુકાઓને ગ્રામસભાના મુલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરેલા છે.

ભુજ તાલુકામાં પસંદ કરેલા પાંચ ગામો (૧) ભૂજોડી (૨) દેરાલપર (૩) ગોળપર (૪) છછલા (૫) વડાસર ગામોનો સમાવેશ થાય છે.

માંડવી તાલુકાના પસંદ કરેલા પાંચ ગામો (૧) મોટાલાયજા (૨) મોટીરાયણ (૩) દુર્ગાપુર (૪) ભીસરા (૫) જનકપર ગામોનો સમાવેશ થાય છે.

**કોઠા નં. ૬.૨૯**

**ગ્રામસભાનો અર્થ જાણે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૭ | ૯૪ |
| ૨. | ના | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભા એટલે શું તે જાણે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૭ છે એટલે ૯૪ ટકા છે. ગ્રામસભા એટલે શું તે નથી જાણતા તેમ કહેતા ઉત્તરદાતા ૩ છે એટલે ૬ ટકા છે. આ રીતે ગ્રામપંચાયતના મોટાભાગના સભ્યોને ગ્રામસભાનો અર્થ ખબર છે તેમ તેઓ જણાવે છે.

### કોઠા નં. ૬.૩૦

### ગ્રામસભાનો અર્થ કેવો કરે છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા એટલે મતદારી યાદીના તમામ. ગ્રામજનોની મીટીંગને ગ્રામસભા કહે છે | ૦૮ | ૧૬ |
| ૨. | ગ્રામસભા એટલે તમામ ગ્રામજનો સંગિઠત સ્વરૂપ છે જે ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે છે. | ૧૧ | ૨૨ |
| ૩. | ગ્રામસભામાં ગામના લોકો ભેગા મળીને ગામનો વિકાસના પ્રશ્નોની ચર્ચાવિચારણા કરે છ | ૦૨ | ૦૪ |
| ૪. | ગ્રામસભામાં ગામના થયેલા કામનો અહેવાલ રજુ કરે છે. | ૦૨ | ૦૪ |
| ૫. | ગ્રામસભાનો અર્થ જાણતા નથી | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામપંચાયતના સભ્યો ગ્રામસભાનો અર્થ જાણે છે. ગ્રામસભા એટલે મતદારી યાદીમાં આવતા તમામ ગ્રામજનોની મિટીંગને ગ્રામસભા કહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે, એટલે ૧૬ ટકા છે, ગ્રામસભા એટલે તમામ ગ્રામજનોનં સંગઠિત સ્વરૂપ છે જે ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા છે. ગ્રામસભામા ગામના લોકો ભેગા મળીને ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૬ છે એટલે ૫૨ ટકા છે. ગ્રામસભામાં ગામના થયેલા કામનો અહેવાલ રજું કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે, જયારે ગ્રામસભાનો અર્થ જાણતા નથી તેવા ઉત્તરદાતા ૩ એટલે કે ૬ ટકા છે.

ઉપરના કોઠા પરથી કહી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભાનો અર્થમાં સૌથી વધુ પ્રમાણ ગ્રામસભામાં ગામના લોકો ભેગા મળીને ચર્ચા વિચારણા કરે છે તેવો કરે છે. જયારે સૌથી ઓછા પ્રમાણમાં ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ એવો કરે છે કે ગ્રામસભા એટલે મતદાર યાદીમાં જે આવતા હોય તે તમામ ગ્રામજનોની સભા. ગ્રામસભાનો આ સાચો અર્થ બહુ ઓછા લોકોને ખબર છે તેમ જણાય છે.

કચ્છ જિલ્લામાં વર્ષમાં ગ્રામસભા ઓછામાં ઓછી બે વાર તો મળે છે તેમ કહેતા ઉત્તરદાતાઓ ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે. ગ્રામસભા ભરાવાની છે તેની જાણ અહીં પણ પટાવાળા દ્વારા અઠવાડિયા અગાઉ લોકોને કરવામાં આવેં છે.

### કોઠા નં. ૬.૩૧

### ગ્રામસભામાં શું કાર્યવાહી થાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | આગળની ગ્રામસભામાં ઠરાવેલા કામો | ૨૮ | ૫૬ |
| ૨. | ગામના વિકાસના તમામ કામો | ૨૧ | ૪૨ |
| ૩. | એજંડા મુજબ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં શું કાર્યવાહી થાય તેમાં ઠરાવેલા કામો ચર્ચા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૮ છે એટલે કે ૫૬ ટકા છે. ગામના વિકાસના તમામ કામો કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૧ છે એટલે ૪૨ ટકા છે. અને એજંડા મુજબના કામો થાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે. આ રીતે ગ્રામસભામાં થોડીઘણી કાર્યવાહી થાય છે તેવું  જાણી શકાય છે.

### કોઠા નં. ૬.૩૨

### ગ્રામસભામાં ગ્રામપંચાયતના બધાજ સભ્યો હાજર રહે છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૯ | ૯૮ |
| ૨. | ના | ૦૧ | ૦૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યો હાજર રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૯ છે એટલે ૯૮ ટકા છે. ગ્રામસભામાં હાજર નથી રહેતા તેમ કહેતા ઉત્તરદાતા ૧ છે એટલે ૨ ટકા છે.

ગ્રામસભામાં ગ્રામપંચાયતના સભ્યો ક્યારેક હાજર રહી શકતા નથી. આકસ્મિક કારણોસર તેઓ ગ્રામસભામાં હાજર રહી શકતા નથી.

કોઠા નં. ૬.૩૩

**ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ સ્ત્રીઓ | ૪૧ | ૮૨ |
| ૨. | ૧૧ થી ૧૫ સ્ત્રીઓ | ૦૬ | ૧૨ |
| ૩. | ૧૬થી વધુ સ્ત્રીઓ | ૦૩ | ૦૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભમાં સ્ત્રીઓની ભાગીદારી ૧ થી ૧૦ સ્ત્રીઓ ગરામસભામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૧ છે એટલે ૮૨ટકા છે. ૧૧ થી ૧૫માં આવે તેમ કહેતા ઉત્તરદાતા ૦૬ છે એટલે ૧૨ ટકા છે. ૧૬થી વધુ સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૩ છે એટલે ૬ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી ઓછી છે. મોટાભાગે ગ્રામસભામાં જવાનું સ્ત્રીઓ ટાળતી હોય છે. કામની જવાબદારી શિક્ષણ ઓછું, સંકોચ તેમજ અમુક વડીલોની હાજરી ગ્રામસભામાં હોવાથી તેઓ જવાનું ટાળે છે.

કોઠા નં. ૬.૩૪

**ગ્રામસભામાં અનુસૂચિત જાતિની ભાગીદારી દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ | ૩૫ | ૭૦ |
| ૨. | ૧૧ થી ૧૫ | ૧૧ | ૨૨ |
| ૩. | ૧૬થી વધુ | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભા અનુસૂચિત જાતિની ભાગીદારીમાં ૧ થી ૧૦નો જૂથમાં આવે છ તેમ કહેતા ઉત્તરદાતા ૩૫ છે એટલે ૭૦ ટકા છે. ૧૧ થી ૧૫માં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા છે. ૧૬થી વધુમાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં અનુસૂચિત જાતિની ભાગીદારી ઓછા પ્રમાણમાં જણાય છે તેમ મોટાભાગના ઉત્તરદાતા જણાવે છે.

કોઠા નં. ૬.૩૫

ગ્રામસભામાં અનુસૂચિત જનજાતિની ભાગીદારી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૧૦ | ૪૨ | ૮૪ |
| ૨. | ૧૧ થી ૧૫ | ૦૨ | ૦૪ |
| ૩. | ૧૬થી વધુ | ૦૬ | ૧૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં ૧ થી ૧૦ અનુસૂચિત જનજાતીની વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૨ છે એટલે ૮૪ ટકા છે. ૧૧ થી ૧૫માં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે. અને ૧૧ થી વધુ વ્યક્તિઓ આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૬ છે એટલે ૧૨ ટકા છે. કચ્છમાં અનુસૂચિત જનજાતિની વસ્તી જ ઓછી છે એટલે સ્વાભાવિક રીતે ગ્રામસભામાં અનુસૂચિત જનજાતિની ભાગીદારી પણ ઓછી જોવા મળે છે.

કચ્છ જિલ્લામાં રાત્રે ગ્રામસભા ભરાય છે કારણકે કચ્છમા દિવસે લોકો મજુરી કરતા હોય છે એટલે તેમને દિવસે સમય મળતો નથી તે માટે રાત્રે ગ્રામસભા ભરાય છે તેવા અભિપ્રાયો ૩૦ એટલે ૬૦ ટકા ઉત્તરદાતાના જાણવા મળેલા છે.

કોઠા નં. ૬.૩૬

ગ્રામસભામાં કેટલા લોકો ભાગ લે છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ૨૦ થી ૫૦ માણસો | ૦૮ | ૧૬ |
| ૨. | ૫૧ થી ૬૦ માણસો | ૦૯ | ૧૮ |
| ૩. | ૬૧ થી ૭૦ માણસો | ૧૯ | ૩૮ |
| ૪. | ૭૧ થી ૮૦ માણસો | ૦૭ | ૧૪ |
| ૫. | ૮૧થી વધુ માણસો | ૦૭ | ૧૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં ગામના કેટલા લોકો આવે છે તેમાં ૨૦ થી ૫૦ના જૂથમાં લોકો ગ્રામસભામાં આવે છ તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે

એટલે ૧૬ ટકા છે. ૫૧ થી ૬૦ના જૂથમાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૯ છે એટલે ૧૮ ટકા છે. ૬૧ થી ૭૦ના જૂથમાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૯ છે એટલે ૩૮ ટકા છે. ૭૧ થી ૮૦ના જૂથમાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે. ૮૧થી વધુમા આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં લોકો આવે છે તેમાં સૌથી વધુ પ્રમાણ ૬૧ થી ૭૦ના જૂથમાં જોવા મળે જે ૩૮ ટકા પ્રમાણ છે. જયારે સૌથી ઓછુ પ્રમાણ ૭૧ થી ૮૦ અને ૮૧ થી વધુમાં તે સૌથી ઓછું પ્રમાણ તે માત્ર ૧૪ ટકા જોવા મળે છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં ચર્ચા કરવાનો મુદ્દો પહેલેથી નક્કી કરવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા. ગ્રામસભામાં ચર્ચા કરવાનો મુદ્દો પહેલેથી નક્કી કરવામાં આવે છે. સરપંચ તથા ગ્રામપંચાયતના સભ્યો ભેગા મળીને નક્કી કરે છે  તેમ ઉત્તરદાતાઓ જણાવે છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં વિરોધ કે તોફાન થતુ નથી તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે. ક્યારેક થાય તો ગામના વડીલો તથા ન્યાય સમિતિ દ્વારા ન્યાય અપાય છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભામં દરેક ગામમાં હોવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા.

કચ્છ જિલ્લામાં ગ્રામસભાનું સંચાલન સરપંચ કરે છે તેમ કહેતા ઉત્તરદાતાઓ ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા. અમુક અનિવાર્ય સંજોગોમાં હાજર ન રહી શકે તો ઉપસરપંચ ગ્રામસભાનું સંચાલન કરે છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભાના કોરમમાં કુલ ૫૦ માણસોની હાજરી ઓછામાં ઓછી હોવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા. જો કોરમ ન થાય તો ગ્રામસભા મુલત્વી રાખવામાં આવે છે અને ફરી બોલાવવામાં આવે છે તે અભિપ્રાય મળ્યો છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં ગ્રામપંચાયતના બધાજ સભ્યો હાજર રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે પણ આકસ્મિક કારણોસર અમુક સભ્યો હાજર રહી શકતા નથી તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની નોંધ રાખવામાં આવે છે તે ઠરાવ બુકમાં  સહીઓ લઈને રાખવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતાઓ ૫૦ છે એટલે

૧૦૦ ટકા પ્રમાણે હતા. કચ્છમાં પણ ગ્રામસભા ગામની સમસ્યાનું નિવારણ કરે છે અને તે અંગે ચર્ચા વિચારણા કરી ગરીબ લોકો માટેની યોજનાઓની વ્યવસ્થા કરે છે.

**કોઠા નં. ૬.૩૭**

**ગ્રામસભાને સુદ્રઢ અને અસરકારક બનાવવા માટેના**

**સૂચનો દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા નિયમિત ભરવી | ૨૮ | ૫૬ |
| ૨. | વર્ષમાં વધુ વખત ગ્રામસભા ભરવી | ૧૭ | ૩૪ |
| ૩. | નથી જાણતા | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભાને સુદઢ અને અસરકારક બનાવવા માટે ગ્રામસભા નિયમિત રીતે ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૮ છે એટલે ૫૬ ટકા છે અને વર્ષમાં વધુ વખત ગ્રામસભા ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૭ છે એટલે ૩૪ ટકા છે, જયારે સુચનો જાણતા નથી તેવા ઉત્તરદાતા ૫ છે એટલે ૧૦ ટકા છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય છે કે જિલ્લામાં ગ્રામસભાને સુદ્રઢ અને અસરકારક બનાવવા માટે સૌથી વધુ પ્રમાણ ગ્રામસભા નિયિમત રીતે ભરવી જોઈએ તેવું ઉત્તરદાતાઓ ઈચ્છે અને માત્ર બે વખત જ નિહ પણ વધારે વખત ભરાવી જોઈએ તેમ માને છે.

**કોઠા નં. ૬.૩૮**

**ગ્રામસભાની કામગીરીમાં અવરોધક બળો કયા કયા છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગામમાં સંપ ન હોય | ૧૨ | ૨૪ |
| ૨. | લોકોને અગાઉથી જાણ નથી | ૦૭ | ૧૪ |
| ૩. | અવરોધક પરિબળો નથી | ૩૧ | ૬૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી જાણી શકાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભાની કામગીરીમાં અવરોધક પરિબળોમાં ગામમાં સંપ ન હોય તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે એટલે ૨૪ ટકા

પ્રમાણે હતા. લોકોને અગાઉથી જાણ નથી કરતા તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા પ્રમાણે હતા, જ્યારે અવરોધક પરિબળો નથી તેમ કહેતા ઉત્તરદાતા ૩૧ છે એટલે ૬૨ ટકા પ્રમાણે હતા.

કોઠા નં.૬.૩૯

**ગ્રામસભા અંગેની વિસ્તૃત જાણકારી લોકોને મળે અને લોકો વધારે જાગૃત થાય તે માટે ઉપાયો દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભાની બોહોળી પ્રસિદ્ધિ | ૧૪ | ૨૮ |
| ૨. | વર્ષમાં બેથી વધુ વખત ગ્રામસભા યોજવી | ૩૬ | ૭૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા અંગેની વિસ્તૃત જાણકારી લોકોને મળે, લોકો જાગૃત થાય તે માટે ગ્રામસભાની બહોળી પ્રસિદ્ધિ કરવી તેમ કહેતા ઉત્તરદાતા ૧૪ છે, એટલે ૨૮ ટકા છે જ્યારે વર્ષમાં બે થી વધુ વખત ગ્રામસભા યોજવી તેમ કહેતા ઉત્તરદાતા ૩૬ છે એટલે ૭૨ ટકા છે.

કોઠા નં. ૬.૪૦

**ગ્રામસભાએ પંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવુ જોઈએ કે એક ભાગરૂપે કામ કરવું જોઈએ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભાએ પંચાયતથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ | ૨૨ | ૪૪ |
| ૨. | પંચાયતના એક ભાગરૂપે કામ કરવું જોઈએ | ૨૯ | ૫૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે કચ્છ જિલ્લામા ગ્રામસભા એ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૨ છે એટલે ૪૪ ટકા છે, જ્યારે પંચાયતના એક ભાગરૂપે કામ કરવું જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૮ છે. એટલે ૫૬ ટકા છે. આમ મોટાભાગના ઉત્તરદાતાઓ પંચાયતના એક ભાગરૂપે ગ્રામસભાએ કામ કરવું જોઈએ તેમ માને છે.

### કોઠા નં. ૬.૪૧

### ગ્રામસભાએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવું જોઈએ પંચાયતના એક ભાગરૂપે કામ કરવું તેના કારણો દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા પંચાયતથી સ્વતંત્ર રીતે કામ કરે તો ગામનો ઝડપી વિકાસ થાય છે. | ૧૭ | ૩૪ |
| ૨. | ગ્રામસભા સ્વતંત્ર રીતે કામ કરે તો હિસાબ ચોખ્ખો રહે છે. | ૦૫ | ૧૦ |
| ૩. | પંચાયતના એક ભાગરૂપે કામ કરે તો પંચાયતનું એક અંજ જ ગણાય તે માટે | ૧૫ | ૩૦ |
| ૪. | પંચાયત સાથે કામ કરે તો ગામનો સંપૂર્ણ વિકાસ થાય છે | ૦૬ | ૧૨ |
| ૫. | કારણો જાણતા નથી | ૦૭ | ૧૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે કચ્છ જિલ્લામાં ગ્રામસભાએ સ્વતંત્ર કે પંચાયતના ભાગરૂપે કામ કરવુ જોઈએ તેના કારણોમાં ગ્રામસભા પંચાયતથી સ્વતંત્ર રીતે કામ કરે તો ગામનો ઝડપી વિકાસ થઈ શકે તેમ કહેતા ઉત્તરદાતા ૧૭ છે એટલે ૩૪ ટકા છે. ગ્રામસભા સ્વતંત્ર રીતે કામ કરે તો પંચાયતનો હિસાબ ચોખ્ખો રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫ છે એટલે ૧૦ ટકા છે. પંચાયતના એક ભાગરૂપે કામ કરે તો પંચાયતનું એક અંગ જ ગણાય તે માટે કામ કરવુ જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૫ છે એટલે ૩૦ ટકા છે. પંચાયત સાથે કામ કરે તો ગામનો વિકાસ સંપૂર્ણ રીતે થાય છે. વિકાસ થાય તેમ કહેતા ઉત્તરદાતા ૬ છે એટલે ૧૨ ટકા છે. જયારે કારણો ખબર નથી તેવા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે.

આ કોઠા પરથી સાબીત કરી શકાય છે કે સૌથી વધુ ઉત્તરદાતાઓ ઈચ્છે છે કે પંચાયતથી સ્વતંત્ર રીતે કામ કરે તો ગામનો ઝડપી વિકાસ થઈ શકે. જયારે બીજા કેટલાક ઉત્તરદાતાઓનો અભિપ્રાય સ્વતંત્ર રીતે કામ કરે તો પંચાયતમાં હિસાબ ચોખ્ખો રહે છે.

### કોઠા નં. ૬.૪૨

### ગ્રામસભાના એકમો અંગેના અભિપ્રાયો દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ફળીયાદીઠ ગ્રામસભા હોવી જોઈએ | - | - |
| ૨. | જૂથ ગામોની સાથે ગરામસભા હોવી જોઈએ | ૨ | ૪ |
| ૩. | ગામદીઠ ગ્રામસભા હોવી જોઈએ | ૪૮ | ૯૬ |
| ૪. | અન્ય | - | - |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

પ્રશ્નોનો નિકાલ લાવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે. જ્યારે ખબર નથી તેવા ઉત્તરદાતા ૯ છે એટલે ૧૮ ટકા છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામસભાના અર્થમાં સૌથી વધુ પ્રમાણ ગામની સમસ્યાઓને નિકાલ લાવે છે.તેનું પ્રમાણ ૩૬ છે જયારે સોથી ઓછુ ગામના વિકાસના પ્રશ્નો માટે ભેગા મળીને ચર્ચા વિચારણા કરે છે તેનું પ્રમાણ ૧૬ ટકા છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભા ગ્રામપંચાયતની કચેરીમાં ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે તેવા અભિપ્રાય જાણવા મળેલા છે.

વડોદરા જિલ્લામાં એકગામની પંચાયત છે ત્યાં ગામ પૂરતી ગ્રામસભા ભરાય છે. જયારે જૂથ પંચાયતનો છે બધા ગામોની સાથે ગ્રામસભા ભરાય છે તેવાં અભિપ્રાયો જાણવા મળેલા છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભા ભરાય છે તેમાં પસંદ કરેલા ઉત્તરદાતા બધાજ ગ્રામસભામાં જાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

કોઠા નં. ૭.૧૩

**ગ્રામસભા જાવો છો પણ કેવી હાજરી આપો છો તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | નિયમિત | ૩૭ | ૭૪ |
| ૨. | ક્યારેક | ૧૩ | ૨૬ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોકત કોઠા પરથી જાણી શકાય છે કે જે ગ્રામસભા જાય છે તેમાં નિયમિત જાય તેવા ઉત્તરદાતા ૩૭ છે એટલે ૭૪ ટકા છે અને ક્યારેક જાય છે તેવા ઉત્તરદાતા ૧૩ છે એટલે ૨૬ ટકા છે.

### કોઠા નં. ૭.૧૪

### ગ્રામસભા ક્યા સમયે ભરાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | બપોરે | ૩૦ | ૬૦ |
| ૨. | રાત્રે | ૨૦ | ૪૦ |
| | ટકા | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા બપોરે ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૩૦ છે એટલે ૬૦ ટકા છે અને સાંજે ગ્રામસભા ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૦ છે એટલે ૪૦ ટકા છે. મોટેભાગે બધે બપોરે ગ્રામસભા ભરાય છે.

વડોદરા જિલ્લા ગ્રામસભા બપોરે અને રાત્રે ભરાય છે અને તેમાં કાર્યવાહીમાં લોકો પોતાના પ્રશ્નોની રજુઆત કરે છે તેની ચર્ચા વિચારણા કરે તેમજ ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા કરે છે અને વિવિધ લાભાર્થીઓ પસંદ કરે છે. આ મુજબની કાર્યવાહી કરે છે.

વડોદરા જિલ્લા ગ્રામસભામાં સ્ત્રીઓ તેઓ પોતાના પ્રશ્નોની રજુઆત કરે છે પણ જાહેરમાં ચર્ચામાં ભાગ લેતી નથી તેમ જાણવા મળેલ છે કારણકે સમાજમાં વડીલોની આગળ બોલી શકતી નથી  તેથી જાહેર ચર્ચામાં ભાગ લેતી નથી.

વડોદરા જિલ્લામાં ગરીબી નિવારણ માટેની યોજનાઓ ચાલે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા.

વડોદરા જિલ્લામાં ગરીબી નિવારની યોજનાઓ ચાલે છે તે પ્લોટની ફાળવણી, ઈન્દિરા આવી, સરદાર આવાસ, તેમજ ગોકુળગામની યોજનાઓ ચાલે છે. તેમાં લાભાર્થીઓ નાના ખેડુતો, તેમજ મજુરી કરતા વર્ગ લાભાર્થી તરીકે પસંદ કરાય છે. તેમજ બી.પી.એલ. યાદી પ્રમાણે પસંદ કરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે.

વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિ અનુસચિત જનજાતિ તેમજ બક્ષીપંચના ગ્રામસભામાં ભાગ છે  તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા છે. વડોદરા તાલુકામાં અનુ.જનજાતિની વસ્તી ઓછી જોવા મળે છે. તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે. જયારે છોટાઉદેપુર તાલુકામાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ વધારે છે.

### કોઠા નં. ૭.૧૫

### ગ્રામસભામાં લોકોના પ્રશ્નોને સાંભળવામાં આવે છે તેદર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૮ | ૭૬ |
| ૨. | ના | ૧૨ | ૨૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં પોતાના પ્રશ્નો રજુ કરે તેને સાંભળવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૩૮ છે એટલે ૭૬ ટકા પ્રમાણે છે અને સાંભળવા આવતા નથી તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે એટલે ૨૪ ટકા છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે. તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

### કોઠા નં. ૭.૧૬

### ગ્રામસભા કઈ રીતે ઉપયોગી છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | જાહેરમાં ચર્ચા કરવાની તક મળે | ૩૦ | ૬૦ |
| ૨. | સરકારી યોજનાની જાણકારી મળે છે | ૦૮ | ૧૬ |
| ૩. | ખબર નથી | ૧૨ | ૨૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા ઉપયગી છે તેમાં જાહેરમાં ચર્ચા કરવાની તક મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૩૦ છે અટલે ૬૦ ટકા છે અને સરકારી યોજનાની જાણકારી મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે એટલે ૧૬ ટકા છે, જયારે ખબર નથી તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે એટલે ૨૪ ટકા છે.

### કોઠા નં. ૭.૧૭

### ગામોમાં ગ્રામસભાને વધારે ક્રિયાશીલ બનાવવા શું શું કરવું જોઈએ તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | દરેક ગામમાં ગ્રામસભા નિયમિત રીતે મળવી જોઈએ. | ૩૨ | ૬૪ |
| ૨. | ગામના લોકોએ ભેગા મળીને ચર્ચા વિચારણા કરવી જોઈએ | ૧૨ | ૨૪ |
| ૩. | સરકાર દ્વારા મળતી જુદી જુદી વિકાસ યોજનાઓ અને કાર્યક્રમોનો ગ્રામજનોએ ભેગા મળીને અમલીકરણ કરવામાં સાથ અને સહકાર આપી વિકાસમાં જે લોકો પાછળ રહી ગયા છે તેમને આગળ લાવવાની તક આપવી. | ૦૬ | ૧૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા માટે દરેક ગામમાં ગ્રામસભા નિયમિત રીતે મળવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૩૨ છે એટલે ૬૪ ટકા છે અને ગામના લોકો ભેગા મળીને ચર્ચાવિચારણા કરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે એટલે ૨૪ ટકા છે, જયારે સરકાર દ્વારા મળતી જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમાનો ગ્રામજનો ભેગા મળીને અમલીકરણમાં સાથ સહકાર આપી વિકાસમાં જે લોકો પાછળ રહી ગયા છે તેમને આગળ લાવવાની તક આપવી તેમ કહેતા ઉત્તરદાતા ૬ છે એટલે ૧૨ ટકા છે.

### કોઠા નં. ૭.૧૮

### ગ્રામસભામાં લોકોની ભાગીદારી કઈ રીતે વધારી શકાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગતો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા લોકોના અનુકૂળ સમયે અને સ્થળે ભરવી | ૩૧ | ૬૨ |
| ૨. | ગ્રામસભા ભરાવવાની હોય તેની લોકો અગાઉથી જાણ કરવી | ૦૪ | ૦૮ |
| ૩. | લોકોના પ્રશ્નો સમસ્યાઓ વિશે જાણી સાંભળી તેમને સંતોષ થાય તે રીતે ઉકેલ આપવો. | ૧૩ | ૨૬ |
| ૪. | ગ્રામસભામાં બધીજ જાતિના લોકોને તેમજ સ્ત્રી પુરૂષ બધાને બોલવાની તક આપવી. | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં લોકોની ભાગીદારી આ રીતે વધારી શકાય છે તેમાં ગ્રામસભા લોકના અનુકૂળ સમયે અને સ્થળે ભરવી તેમ કહેતા ઉત્તરદાતા ૩૧ છે એટલે ૬૨ ટકા છે. ગ્રામસભા ભરાવાની હોયતેની લોકોને અગાઉથી જાણ કરવી તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે. લોકોના પ્રશ્નો અને સમસ્યાઓ વિશે જાણી સાંભળી તેમને સંતોષ થાય તે રીતે ઉકેલ લાવવા પ્રયાસ કરવો તેમ કહેતા ઉત્તરદાતા ૧૩ છે એટલે ૨૬ ટકા છે. ગ્રામસભામાં બધીજ જાતિના લોકોને તેમજ સ્ત્રી-પુરૂષ બધાને બોલવાની તક આપવી તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા છે.

**કોઠા નં.૭.૧૯**

**ગ્રામસભાને લીધે તેમને કુટુંબ, ગામને શુ લાભ થાય છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિ, કુટુંબ અને ગામને વિકાસ થયો. | ૧૮ | ૩૬ |
| ૨. | ગામમાં સરકારી યોજનાનો લાભ મળે છે | ૨૨ | ૪૪ |
| ૩. | ખબર નથી | ૧૦ | ૨૦ |
| | **કુલ** | **૫૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાને લીધે વ્યક્તિ તેમજ કુટુંબને અને ગામને લાભ થાય છે તે આ મુજબ છે. વ્યક્તિ, કુટુંબ અને ગામને વિકાસ થયો છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે. ગામમાં સરકારી યોજનાનો લાભ મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૨ છે એટલે ૪૪ ટકા પ્રમાણે છે. જયારે ખબર નથી તેવા ૧૦ ઉત્તરદાતા છે એટલે ૨૦ ટકા પ્રમાણે છે.

વડોદરા જિલ્લામાં ગ્રામસભાના આગેવાનોમાં સરપંચ, તલાટીકમ મંત્રી, તાલુકા વિકાસ અધિકારી તેમજ ગ્રામપંચાયતના સભ્યો ગ્રામસભામાં હાજર રહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે હતા.

**કોઠા નં. ૭.૨૦**

**ગ્રામસભા ગ્રામપંચાયતથી કઈ રીતે જુદી પડે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભામાં તમામ ગ્રામજનો આવે છે | ૧૮ | ૩૬ |
| ૨. | ગ્રામપંચાયતમાં ચૂંટાયેલા સભ્યો હોય છે | ૨૨ | ૪૪ |
| ૩. | ખબર નથી | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા ગ્રામપંચાયત આ રીતે જુદી પડે છે. તેમાં ગ્રામસભામાં તમામ ગ્રામજનો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે. ગ્રામપંચાયતમાં ચુંટાયેલા સભ્યો ૨૨ છે એટલે ૪૪ ટકા છે. ખબર નથી તેવા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે.

**(૩) કચ્છ જિલ્લામાં ગ્રામજનોનાં અભિપ્રાયો.**

કચ્છ જિલ્લાનાં ભુજ અને માંડવી તાલુકાઓને ગ્રામસભાના મુલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરેલા છે.

ભુજ તાલુકાના પસંદ કરેલા પાંચ ગામો (૧) ભૂજોડી (૨) દેશલપર (૩) ગોળપર (૪) છછલા (૫) વડસાર ગામનો સમાવેશ થાય છે.

માંડવી તાલુકાના પસંદ કરેલા પાંચ ગામોમાં (૧) મોટાલાયજા (૨) મોટીરાયણ (૩) દુર્ગાપર (૪) ભીંસરા (૫) જનકપર ગામનો સમાવેશ થાય છે.

કોઠા નં.૭.૨૧

**ગ્રામસભાનો અર્થ જાણતા ઉત્તરદાતાની સંખ્યા દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૬ | ૯૨ |
| ૨. | ના | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા એટલે શું તે જાણે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૬ છે એટલે ૯૨ ટકા છે. ગ્રામસભા એટલે શું તે જાણતા નથી તેવા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે.

કોઠા નં. ૭.૨૨

**લોકો ગ્રામસભાનો અર્થ કેવો કરે છે તે દર્શાવતા કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા એટલે તમામ ગ્રામજનોની સભાને ગ્રામ સભા કહે છે. | ૨૮ | ૫૬ |
| ૨. | ગ્રામસભા એટલે ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા કરે છે | ૧૧ | ૨૨ |
| ૩. | ગ્રામસભામાં વર્ષ દરમિયાન થયેલા કામનું બિલ રજુ કરે છે તેવા કામનું આયોજન કરે છે. | ૦૭ | ૧૪ |
| ૪. | ખબર નથી. | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાનો અર્થ આ મુજબનો કરે છે. ગ્રામસભા એટલે તમામ ગ્રામજનોની સભાને ગ્રામસભા કહે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૨૮ છે એટલે ૫૬ ટકા છે. ગ્રામસભા એટલે ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા છે. ગ્રામસભામાં વર્ષ દરમિયાન થયેલા કામનું બિલ રજુ કરવું અને નવા કામનું આયોજન કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે ૧૪ ટકા છે, જયારે ખબર નથી તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે કચ્છ જિલ્લા ગ્રામસભાના અર્થમાં સૌથી વધુ પ્રમાણ ગ્રામસભા એટલે ગામના તમામ ગ્રામજનોની સભાને ગ્રામસભા કહે છે તેનું પ્રમાણ ૨૮ ટકા પ્રમાણે જયારે ઓછું પ્રમાણ ગ્રામસભામાં વર્ષ દરમિયાન થયેલા કામનું બિલ રજુ કરે છે તેનું પ્રમાણ માત્ર ૮ ટકા છે. આમ લોકો ગ્રામસભા વિષે વધતે ઓછે અંશે જાણે છે ખરા.

કચ્છ જિલ્લામાં ગ્રામસભા ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે. તેવા અભિપ્રાયો જાણવા મળેલા.

કોઠા નં. ૭.૨૩

**ગ્રામસભામાં ક્યારે જાય તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | નિયમિત | ૨૫ | ૫૦ |
| ૨. | ક્યારેક | ૨૧ | ૪૨ |
| ૩. | નથી જતા | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે જે ગ્રામસભામાં જાયછે તેમાં નિયમિત જાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૫ છે એટલે ૫૦ ટકા છે, ક્યારેક ગ્રામસભામાં જાય છે તેવા ઉત્તરદાતા ૨૧ છે એટલે ૪૨ ટકા છે. જયારે ગ્રામસભામાં નથી જતા તેવા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા છે.

કોઠા નં. ૭.૨૪

ગ્રામસભા કયા સમયે ભરાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | બપોરે | ૦૫ | ૧૦૦ |
| ૨. | રાત્રે | ૪૫ | ૯૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા બપોરે ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫ છે એટલે ૧૦ ટકા પ્રમાણે છે અને સાંજે ગ્રામસભા ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૫ છે એટલે ૯૦ ટકા પ્રમાણે છે.

ઉપરના કોઠા પરથી જાણી શકાય કે કચ્છ જિલ્લામાં લોકો વધારે પડતા છુટક મજુરી કરે તે માટે રાતના સમય અનુકૂળ આવે છે તે આજે ગ્રામસભા ભરાય છે.

કોઠા નં. ૭.૨૫

**ગ્રામસભામાં પોતાના પ્રશ્નો સાંભળવામાં આવે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૪૬ | ૯૨ |
| ૨. | ના | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં પોતાના પ્રશ્નો રજુ કરે છે તેને સાંભળવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૪૬ છે એટલે ૯૨ ટકા પ્રમાણે છે. અને સાંભળવા આવતાનથી તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા પ્રમાણે છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર તો ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૫૦ છે, એટલે ૧૦૦ ટકા પ્રમાણે છે તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

કોઠા નં. ૭.૨૬

**ગ્રામસભા તમને કઈ રીતે ઉપયોગી છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | જાહેરમાં બોલવાની તક મળે | ૨૪ | ૪૮ |
| ૨. | ગામમાં આવતી યોજનાની ખબર પડે | ૧૪ | ૨૮ |
| ૩. | વ્યક્તિના વિકાસમાં ઉપયોગી | ૧૦ | ૨૦ |
| ૪. | ખબર નથી | ૦૨ | ૦૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા આ રીતે ઉપયોગી છે. જાહેરમાં બોલવાની તક મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૪ છે એટલે ૪૮ ટકા પ્રમાણે છે. ગામમાં આવતી યોજનાની ખબર પડે તેમ કહેતા ઉત્તરદાતા ૧૪ છે એટલે ૨૮ ટકા પ્રમાણે છે. વ્યક્તિના વિકાસમાં ઉપયોગી તેમ કહેતા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા પ્રમાણે છે, જયારે ખબર નથી તેવા ઉત્તરદાતા ૨ છે એટલે ૮ ટકા પ્રમાણે છે.

કોઠા નં. ૭.૨૭

**ગામોમાં ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા માટે શું કરવું જોઈએ તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | દરેક ગામમાં ગ્રામસભા હોવી જોઈએ | ૧૭ | ૩૪ |
| ૨. | ગામના લોકો ભેગા મળીને ચર્ચા વિચારણા કરવી જોઈએ | ૧૮ | ૩૬ |
| ૩. | સરકારી દ્વારા વિકાસ યોજનાઓ અને કાર્યક્રમો ગ્રામજનો ભેગા મળી અમલીકરણમાં સાથ અને સહકાર આપી વિકાસમાં પાછળ રહી ગયા છે તેમને આગળ લાવવાની તક આપવી. | ૧૫ | ૩૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા માટે ગ્રામસભા નિયમિત રીતે ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૭ છે એટલે ૩૪ ટકા પ્રમાણે હતા અને ગામના લોકો ભેગા મળીને ચર્ચા વિચારણા કરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા પ્રમાણે હતા. જ્યારે સરકારી દ્વારા વિકાસ યોજના તેમ કહેતા ઉત્તરદાતા ૧૫ છે એટલે ૩૦ ટકા પ્રમાણે હતા.

કોઠા નં.૭.૨૮

**ગ્રામસભામાં લોકોની ભાગીદારી કઈ રીતે વધારી શકાય છે તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા લોકોને અનુકુળ સમયે અને સ્થળે ભરવી | ૧૯ | ૩૮ |
| ૨. | ગ્રામસભા ભરાવવાની તેની જાણ અગાઉથી લોકો કરવી | ૦૯ | ૧૮ |
| ૩. | લોકોના પ્રશ્નો અને સમસ્યા વિશે સાંભળીને સંતોષ થાય તે રીતે ઉકેલ લાવવા પ્રયાસ કરવો | ૧૪ | ૨૮ |
| ૪. | ગ્રામસભામાં બધીજ જાતિના લોકોને બોલાવવાની તક આપવી. | ૦૮ | ૧૬ |
| ૫. | અન્ય | - | - |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભામાં લોકોની ભાગીદારી કઈ રીતે વધારી શકાય તે અંગે જણાવતા ઉત્તરદાતાઓ જણાવે છે કે ગ્રામસભા લોકોને અનુકૂળ સમયે અને સ્થળે ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૯ છે એટલે ૩૮ ટકા પ્રમાણે છે. ગ્રામસભા ભરાવવાની તેની જાણ અગાઉથી લોકોને કરવી તેમ કહેતા ઉત્તરદાતા ૯ છે એટલે ૧૮ ટકા પ્રમાણે છે. લોકોના પ્રશ્નો અને સમસ્યા વિશે સાંભળી યોગ્ય ઉકેલ આપવો તેમ કહેતા ઉત્તરદાતા ૧૪ છે એટલે ૨૮ ટકા પ્રમાણે છે, જ્યારે ગ્રામસભામાં બધીજ જાતિનાં લોકોને તેમજ સ્ત્રી પુરૂષને ગ્રામસભા બોલાવાની તક આપવી તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે એટલે ૧૬ ટકા પ્રમાણેં છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામસભા લોકોની ભાગીદારી વધારી શકાય તેમાં સૌથી વધુ પ્રમાણ ગ્રામસભા લોકો અનુકૂળ સમયે, સ્થળે ભરવી જોઈએ તે ૩૮ ટકા પ્રમાણ છે, જ્યારે સૌથી ઓછુ પ્રમાણ ગ્રામસભા સભામાં બધીજ જાતિના લોકો સ્ત્રી-પુરૂષને બોલવાની તક આપવી તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે એટલે ૧૬ ટકા પ્રમાણ છે.

કોઠા નં. ૭.૨૯

**ગ્રામસભાને લીધે કુટુંબનો ગામને શુ લાભ થાય છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિ અને કુટુંબ અને ગામનો લાભ થયો છે | ૨૭ | ૫૪ |
| ૨. | ગામને વિકાસ યોજનાનો લાભ મળે છે | ૧૨ | ૨૪ |
| ૩. | ખબર નથી | ૧૧ | ૨૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે ક ગ્રામસભાને લીધે વ્યક્તિ કુટુંબ અને ગામને લાભ થાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૭ છે એટલે ૫૪ ટકા છે અને ગામને વિકાસ યોજનાનો લાભ મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૨ છે એટલે ૨૪ ટકા છે, જયારે ખબર નથી તેવા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા છે.

કચ્છ જિલ્લામાં ગ્રામસભાનો આગેવાનોમાં તાલુકા વિકાસ અધિકારી, કોઈ કર્મચારી, સરપંચ, તલાટી તેમજ ગ્રામપંચાયતના સભ્યો પણ આગેવાન તરીકે હોય છે તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

કોઠા નં.૭.૩૦

**ગ્રામસભા ગરામપંચાયતથી કઈ રીતે જુદી પડે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા ગામના તમામ ગ્રામજનો હોય છે | ૨૭ | ૫૪ |
| ૨. | ગ્રામપંચાયતમાં માત્ર ચૂંટાયેલા સભ્યો હોય છે | ૨૩ | ૪૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામપંચાયતથી જુદી પડે છે તેમાં ગ્રામસભામાં ગામના તમામ ગ્રામજનો હોય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૭ છે એટલે ૫૪ ટકા પ્રમાણે હતા. અને ગ્રામપંચાયતમાં માત્ર ચૂંટાયેલા સભ્યો હોય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૩ છે એટલે ૪૬ ટકા પ્રમાણે હતા.

## (૪) સાબરકાંઠા જિલ્લાના ગ્રામસભા અંગેના ગ્રામજનોના અભિપ્રાયો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ખેડબ્રહ્મા તાલુકાઓને ગ્રામસભાના મૂલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરેલા છે.

હિંમતનગર તાલુકાના પસંદ કરેલા પાંચ ગામોમાં (૧) પુરાલ (૨) બાપસર (૩) હડિયોલ (૪) તખતગઢ (૫) નિકોડા ગામનો સમાવેશ થાય છે.

ખેડબ્રહ્મા તાલુકામાં પસંદ કરેલા પાંચ ગામોમાં (૧) લક્ષ્મીપુરા (૨) કલોલ (૩) પોશિના (૪) કાજાવાસ (૫) આંબામહુડા ગામનો સમાવેશ થાય છે.

કોઠા નં.૭.૩૧

**ગ્રામસભાનો એટલે શું તે જાણે છે? તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૧ | ૬૨ |
| ૨. | ના | ૧૯ | ૩૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે સાબરકાંઠા જિલ્લામાં ગ્રામસભા એટલે શું તે જાણે છે તેવા ઉત્તરદાતા ૩૧ છે એટલે ૬૨ ટકા છે અને ગ્રામસભા એટલે શું તે જાણતા નથી તેવા ઉત્તરદાતા ૧૯ છે એટલે ૩૮ ટકા છે.

કોઠા નં. ૭.૩૨

**ગ્રામસભાનો અર્થ કેવો કરે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | તમામ ગ્રામજનોની સભા એટલે ગ્રામસભા કહે છે | ૧૮ | ૩૬ |
| ૨. | કુલ વસ્તીના ૧/૩ ભાગ જેટલા ગામલોકો ભેગા મળીને જે ગામના વિકાસ પ્રશ્નોની ચર્ચા કરે છે. | ૦૨ | ૦૪ |
| ૩. | ગામના પ્રશ્નો/સમસ્યાઓનું નિવારણ કરવા માટે બોલાવવામાં આવતી મિટિંગને ગ્રામસભા કહે છે. | ૧૧ | ૨૨ |
| ૪. | ગ્રામસભા અર્થ જાણતા નથી | ૧૯ | ૩૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાનો અર્થ આ મુજબ તમામ ગ્રામજનોની સભા એટલે ગ્રામસભા કહે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા પ્રમાણે હતા અને કુલ વસ્તીના ૧/૩ ભાગ જેટલા ગ્રામલોકો ભેગા મળીને જે ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા કરે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨ છે એટલે ૪ ટકા પ્રમાણે હતા. અને ગામના પ્રશ્નો / સમસ્યાઓને નિવારણ કરવા માટે બોલાવવામાં આવતી મિટિંગને ગ્રામસભા કહે છે. તેમ કહેતા ઉત્તરદાતા ૧૧ છે એટલે ૨૨ ટકા પ્રમાણે હતા, જ્યારે ગ્રામસભાનો અર્થ જાણતા નથી તેવા ઉત્તરદાતા ૧૯ છે એટલે ૩૮ ટકા પ્રમાણે હતા.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામસભાના અર્થમાં સૌથી વધુ પ્રમાણ તમામ ગ્રામજનો સભા એટલે ગ્રામસભા કહે છે. તે ૩૬ ટકા પ્રમાણે છે, જ્યારે સૌથી ઓછું કુલ વસ્તીના ૧/૩ ભાગ જેટલા ગામલોકો ભેગા મળીને ગામના વિકાસ પ્રશ્નોની ચર્ચા કરે છે તે માત્ર ૪ ટકા પ્રમાણે હતા.

એથી વધારે ગ્રામસભાનો અર્થ જાણતા નથી તે ૩૮ ટકા પ્રમાણે છે.

કેટલીક એક ગામની પંચાયત છે તે માત્ર એક ગામ પુરતી ગ્રામસભા ભરાય છે અને જૂથ ગ્રામપંચાયત છે. તે જૂથમાં આવતા બધા ગામોની ગ્રામસભા એકજ સમયે, સ્થળે ભરાય છે તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

કોઠા નં. ૭.૩૩

**ગ્રામસભા તમે જાવ છો પણ ક્યારે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | નિયમિત | ૦૮ | ૧૬ |
| ૨. | ક્યારેક | ૧૮ | ૩૬ |
| ૩. | નથી જતા | ૨૪ | ૪૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા ભરાય છે. તેમાં નિયમિત રીતે ગ્રામસભામાં જાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૮ છે એટલે ૧૬ ટકા પ્રમાણે હતા અને ક્યારેક ગ્રામસભામાં જાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે, એટલે ૩૬ ટકા પ્રમાણે હતા, જ્યારે ગ્રામસભા જતા નથી તેમ કહેતા ઉત્તરદાતા ૨૪ છે એટલે ૪૮ ટકા પ્રમાણે હતા.

કોઠા નં. ૭.૩૪

**ગ્રામસભા ક્યા સમયે ભરાય છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | બપોરે | ૨૦ | ૪૦ |
| ૨. | સાંજે | ૨૦ | ૪૦ |
| ૩. | ભરાતી નથી | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા ભરાય તે બપોરે ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૦ છે અટલે ૪૦ ટકા છે અને સાંજે ગ્રામસભા ભરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૦ છે એટલે ૪૦ ટકા છે, જયારે ગ્રામસભા ભરાતી નથી તેમકહેતા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે.

કોઠા નં. ૭.૩૫

ગ્રામસભામાં શું કાર્યવાહી થાય છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગામના વિકાસના કામો કરવા તેની ચર્ચા | ૧૭ | ૩૪ |
| ૨. | વિવિધ યોજનાઓનો અમલમાં મુકવી | ૧૮ | ૩૬ |
| ૩. | નવા કામનું આયોજન કરવું. | ૦૭ | ૧૪ |
| ૪. | ખબર નથી | ૦૮ | ૧૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી જણાય છે કે ગ્રામસભામાં આ મુજબની કાર્યવાહી થાય છે તે ગામના વિકાસના કામો કરવા તેની ચર્ચા કરાય છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૭ છે એટલે ૩૪ ટકા છે. વિવિધ યોજનાઓ અમલમાં મુકવી તેમ કહેતા ઉત્તરદાતા ૧૮ છે એટલે ૩૬ ટકા છે. નવા કામનું આયોજન કરવું તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે એટલે૧૪ ટકા છે, જયારે ખબર નથી તેવા ઉત્તરદાતા ૮ છે એટલે ૧૬ ટકા છે.

ઉપરના કોઠા પરથી ખ્યાલ આવે છે કે ગ્રામસભાની કાર્યવાહીમાં સૌથી વધુ પ્રમાણ ગામના વિકાસના કામોની ચર્ચા કરાય છે.

સ્ત્રીઓ ગ્રામસભામાં આવે છે પણ ખાસ કોઈ જાહેર ચર્ચામાં ભાગ લેતી નથી તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે, કારણકે સમાજમાં તે વડીલો આગળ બોલી શકતી નથી તેમ કહે છે.

કોઠા નં. ૭.૩૬

**ગ્રામસામાં પોતાના પ્રશ્નો રજુ કરે તેને સાંભળવામાં આવે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૫ | ૭૦ |
| ૨. | ના | ૧૫ | ૩૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ગ્રામસભામાં પોતાના પ્રશ્નો રજુ કરે છે તેને સાંભળવામાં આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૩૫ છે એટલે ૭૦ ટકા પ્રમાણે હતા અને સાંભળવામાં આવતા નથી તેમ કહેતા ઉત્તરદાતા ૧૫ છે એટલે ૩૦ ટકા પ્રમાણે હતા.

કોઠા નં. ૭.૩૭

**ગ્રામસભા તમને કઈ કઈ રીતે ઉપયોગી છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | જાહેરમાં ચર્ચા થાય એટલે યોજનાની કામગીરીમાં ખબર પડે છે. | ૧૦ | ૨૦ |
| ૨. | વિવિધ યોજનાની જાણકારી થાય | ૨૫ | ૫૦ |
| ૩. | ખબર નથી | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ગ્રામસભા જાહેરમાં ચર્ચા એટલે યોજનાની ખબર પડે છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે. અને વિવિધ યોજનાની જાણકારી મળે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૫ છે એટલે ૫૦ ટકા છે, જયારે ખબર નથી તેવા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે.

કોઠા નં.૭.૩૮

**ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા શું કરવું જોઈએ તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | દરેક ગામમાં ગ્રામસભા નિયમિત મળવી જોઈએ | ૧૯ | ૩૮ |
| ૨. | ગામના લોકોએ ગ્રામસભામાં હાજર રહી ગામના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવી જોઈએ. | ૦૭ | ૧૪ |
| ૩. | સરકાર દ્વારા મળતી જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમોનો ગ્રામજનો ભેગા મળી અમલીકરણમાં સાથ સહકાર આપી પાછળ રહી ગયા છે તેમને આગળ લાવવાની તક આપવી. | ૨૪ | ૪૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવામાં ગ્રામસભા નિયમિત મળવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૧૯ છે એટલે ૩૮ ટકા છે. ગામના લોકોએ ગ્રામસભામાં હાજર રહી ગામના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૭ છે, એટલે ૧૪ ટકા છે. જયારે સરકાર દ્વારા મળતી જદી જુદી યોજનાઓ કાર્યક્રમો ગ્રામજનો ભેગા મળી અમલીકરણમાં સાથ સહકાર આપી જે પાછળ રહી ગયા હોય તેવા લોકોને આગળ લાવવાની તક આપવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૪ છે એટલે ૪૮ ટકા છે.

કોઠા નં. ૭.૩૯

**ગ્રામસભામાં લોકોની ભાગીદારી કઈ રીતે વધારી શકાય તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા લોકોના અનુકૂળ સમયે સ્થળે ભરવી | ૦૪ | ૦૮ |
| ૨. | ગ્રામસભા ભરાવવાની હોય તેની જાણ લોકો અગાઉથી કરવી | ૨૧ | ૪૨ |
| ૩. | લોકોના પ્રશ્નોની અને સમસ્યાઓને સાંભળી તેમને સંતોષકારક ન્યાય આપો. | ૨૦ | ૪૦ |
| ૪. | ગ્રામસભા બધીજ જાતિના લોકો સ્ત્રી-પુરૂષને બોલવાની તક આપવી. | ૦૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે ગ્રામસભમાં લોકોની ભાગીદારી આ રીતે વધારી શકાય છે. ગ્રામસભા લોકોના અનુકૂળ સમયે સ્થળે ભરવી જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૪ છે એટલે ૮ ટકા પ્રમાણે હતા. ગ્રામસભા ભરાવવાની હોય તેની જાણ લોકો અગાઉથી કરવી તેમ કહેતા ઉત્તરદાતા ૨૧ છે એટલે ૪૨ ટકા પ્રમાણે હતા. લોકોના પ્રશ્નો અને સમસ્યાઓને સાંભળી તેમન સંતોષકારક ન્યાય આપવો જોઈએ તેમ કહેતા ઉત્તરદાતા ૨૦ છે એટલે ૪૦ ટકા પ્રમાણે હતા. ગ્રામસભામાં બધીજ જાતિના લોકો સ્ત્રી-પુરૂષને બોલાવવાની તક આપવી તેમ કહેતા ઉત્તરદાતા ૫ છે એટલે ૧૦ ટકા પ્રમાણે હતા.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ કહી શકાય કે ગ્રામસભામાં લોકોની ભાગીદારી વધારવા સૌથી વધુ પ્રમાણ ગ્રામસભા ભરાવવાની હોય તેની જાણ લોકોને અગાઉથી કરવી. તે ૪૨ ટકા છે, જયારે સૌથી ઓછું પ્રમાણ ગ્રામસભામાં બધીજ જાતિનાં લોકો સ્ત્રી-પુરૂષને બોલવાની તક આપવી તે માત્ર ૧૦ ટકા પ્રમાણ છે.

કોઠા નં. ૭.૪૦

**ગ્રામસભાને લીધે તમને કુટુંબને તેમજ તમારા ગામને શું શું લાભ થાય છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિ કુટુંબ અને ગામનો વિકાસ થયો છે | ૨૫ | ૫૦ |
| ૨. | ગામમાં વિકાસની યોજનાઓ આવી તેના લાભો મળ્યા છે. | ૧૫ | ૩૦ |
| ૩. | ખબર નથી | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભાને લીધે વ્યક્તિ કુટુંબને અને ગામનો વિકાસ થયો છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૫ છે એટલે ૫૦ ટકા છે. અમે ગામમાં વિકાસની યોજનાઓ આવી તેના લાભો મળ્યા છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૫ છે એટલે ૩૦ ટકા છે, જયારે ખબર નથી તેમ ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા છે.

ગ્રામસભામાં આગેવાનોમાં સરપંચ તથા પંચાયતના સભ્યો તેમજ તાલુકા વિકાસ અધિકારી ગ્રામસભામાં આગેવાનો તરીકે હોય છે તેવા અભિપ્રાયો જાણવા મળેલા છે.

કોઠા નં. ૭.૪૧

**ગ્રામસભા ગ્રામપંચાયતથી કઈ રીતે જુદી પડે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભામાં તમામ ગ્રામજનો આવે છે | ૨૫ | ૫૦ |
| ૨. | પંચાયત માત્ર ચુંટાયેલા સભ્યો હોય છે | ૧૫ | ૩૦ |
| ૩. | ખબર નથી | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે. ગ્રામસભામા ગામના તમામ ગ્રામજનો આવે છે તેમ કહેતા ઉત્તરદાતા ૨૫ છે એટલે ૫૦ ટકા પ્રમાણે હતા, જયારે ગ્રામપંચાયતમાં માત્ર ચૂંટાયેલા સભ્યોની હાજરી હોય છે તેમ કહેતા ઉત્તરદાતા ૧૫ છે એટલે ૩૦ ટકા પ્રમાણે હતા. જયારે ખબર નથી તેવા ઉત્તરદાતા ૧૦ છે એટલે ૨૦ ટકા પ્રમાણે હતા.

## (૫) જુનાગઢ જિલ્લાના ગ્રામજનોના ગ્રામસભા અંગેના અભિપ્રાયો

જુનાગઢ જિલ્લાના વંથલી અને તલાલા તાલુકાઓને ગ્રામસભામાં મુલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરેલા છે.

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના પસંદ કરેલા પાંચ ગામો (૧) નવલખી (૨) બાલોટ (૩) ધંધુસર (૪) રવુની (૫) બળવાડા ગામોનો સમાવેશ થાય છે.

જુનાગઢ જિલ્લાના તલાલા તાલુકાના પસંદકરેલા પાંચ ગામો (૧) ગલીયાવાડ (૨) સમશેર (૩) બોરવાવ (૪) વિરપુર (૫) વાડલા ગામનો સમાવેશ થાય છે.

આમ ઉપરોક્ત જણાવેલ બે તાલુકાના ઉત્તરાતાની માહિતી એકત્રીત કરવામાં આવી છે. જેમાં બે તાલુકાના ૫ + ૫= ૧૦ ગામોમાંથી ૫૦ ગ્રામજનોની માહિતીમાં તેમણે આપેલા ગ્રામસભા અંગેના અભિપ્રાયોને નીચેના કોઠા દ્વારા સમજાવવામાં આવેલ છે.

કોઠા નં.૭.૪૨

**ઉત્તરદાતાઓ ગ્રામસભા એટલે શું તે જાણે છે ? તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૩૬ | ૭૨ |
| ૨. | ના | ૧૪ | ૨૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ૩૬ એટલે ૭૨ ટકા ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ જાણે છે અને ૧૪ એટલે ૨૮ ટકા ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ જાણતા નથી.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ જાણે છે.

કોઠા નં. ૭.૪૩

ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ શું કરે છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગરામસભા એટલે ગ્રામજનોની સભા | ૧૬ | ૩૨ |
| ૨. | ગામના વિકાસના કામો કરવા માટે સરપંચશ્રી જે મિટિંગ બોલાવે તેને ગ્રામસભા કહેવાય છે | ૧૧ | ૨૨ |
| ૩. | કુલ વસ્તીની ૧/૩ ભાગ જેટલા માણસો ભેગા થાય ગામના વિકાસના કામો માટે ચર્ચ્ કરે, કામોને અમલમાં મુકતી મિટિંગને સભા કહેવાય છે. | ૯ | ૧૮ |
| ૪. | અર્થ નથી જાણતા તે | ૧૪ | ૨૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે જુનાગઢ જિલ્લાના ગ્રામજનો ગ્રામસભાનો અર્થ આ મુજબ કરે છે. ગ્રામસભા એટલે ગ્રામજનોની સભા તેમ કહેતા ૧૬ એટલે ૩૨ ટકા ઉત્તરદાતા છે. ૧૧ એટલે ૨૨ ટકા ઉત્તરદાતા ગામના વિકાસના કામો કરવા માટે સરપંચશ્રી જે મિટિંગ બોલાવે તેને ગ્રામસભા કહેવાય છે એમ જણાવે છે. અને૯ એટલે ૧૮ ટકા ઉત્તરદાતા કહે છે કે કુલ વસ્તીની ૧/૩ ભાગ જેટલા માણસો ભેગા થાય ગામના વિકાસના કામો માટે ચર્ચા કરે, કામોને અમલમાં મુકે તે મિટિંગને સભા કહેવાય છે. ૧૪ એટલે ૨૮ ટકા ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ જાણતા નથી.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાઓ ગ્રામસભાનો અર્થ જાણે છે. વધુ પ્રમાણ તમામ ગ્રામજનોની સભા એટલે ગ્રામસભા કહે તેવો અર્થ વધારે કરતા જોવા મળે છે. જયારે સૌથી ઓછુ કુલ વસ્તીના ૧/૩ જેટલા લોકો ભેગા મળીને ગામના વિકાસના પ્રશ્નોની ચર્ચા કરે છે તેનું પ્રમાણ માત્ર ૧૮ ટકા છે.

### કોઠા નં. ૭.૪૪

### ઉત્તરદાતા નિયમિત હાજરી આપે છે કે ક્યારેક તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | નિયમિત | ૦૯ | ૧૮ |
| ૨. | ક્યારેક | ૩૧ | ૬૨ |
| ૩. | નથી જતા | ૧૦ | ૨૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે જોતા ૯ એટલે ૧૮ ટકા ઉત્તરદાતા નિયમિત ગ્રામસભામાં હાજરી આપે છે, જયારે ૬૨ ટકા ઉત્તરદાતા ક્યારેક હાજરી આપે છે.

જેમાં વધારેમાં વધારે ઉત્તરદાતા ક્યારેક ગ્રામસભામાં હાજરી આપે છે, જયારે ૧૮ ટકા ઉત્તરદાતા નિયમિત હાજરી આપે છે.

### કોઠા નં. ૭.૪૫

### ગ્રામસભામાં હાજરી આપતા નથી તેના કારણ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભમાં રસ પડતો નથી | ૦૭ | ૧૪ |
| ૨. | સમય મળતો નથી | ૦૩ | ૦૬ |
| ૩. | ક્યારેક હાજરી આપે છે તે | ૪૦ | ૮૦ |
| | કુલ | ૫૦ | ૮૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ૭ એટલે ૧૪ ટકા ઉત્તરદાતાને ગ્રામસભામાં રસ પડતો નથી માટે આવતા નથી અને ૩ એટલે ૬ ટકા ઉત્તરદાતાને સમય મળતો નથી માટે ગ્રામસભામાં આવતા નથી, જયારે ગ્રામસભામાં ક્યારેક આવે છે તેવા ૪૦ એટલે ૮૦ ટકા ઉત્તરદાતા છે.

મોટાભાગની ગ્રામસભા રાત્રે જ ભરાય છે માત્ર ૪૮ ટકા ઉત્તરદાતા કહે છે કે બપોરે ભરાય છે.

કોઠા નં. ૭.૪૬

**ગ્રામસભામાં પોતાના પ્રશ્નો રજુ કરે છે તે પ્રશ્નો સાંભળવામાં આવે છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | હા | ૨૯ | ૫૮ |
| ૨. | ના | ૨૧ | ૪૨ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ૨૯ એટલે ૫૮ ટકા ઉત્તરદાતા જણાવે છે કે એસ.સી.,એસ.ટી. અને બક્ષીપંચ જાતિના લોકોના પ્રશ્ન સાંભળવામાં આવે છે અને ૨૧ એટલે ૪૨ ટકા ઉત્તરદાતા એસ.સી./એસ.ટી. અને બક્ષીપંચ જાતિના લોકોના પ્રશ્ન સાંભળતા નથી એવું જણાવે છે.

આ પ્રમાણે જોતા વધારે ઉત્તરદાતા એસ.સી. એસ.ટી. અને બક્ષીપંચ જાતિના લોકોના પ્રશ્નો સાંભળવામાં આવે છે એવું જણાવે છે, જયારે ઓછા પ્રમાણના ઉત્તરદાતા એસ.સી.એસ.ટી. અને બક્ષીપંચ જાતિના લોકોના પ્રશ્નો સાંભળતા નથી એવું જણાવે છે.

કોઠા નં. ૭.૪૭

**ઉત્તરદાતાઓને ગ્રામસભા કઈ રીતે ઉપયોગી છે તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા દ્વારા ગામના પ્રશ્નોનું નિવારણ થાય | ૨૬ | ૫૨ |
| ૨. | ગ્રામસભા દ્વારા જુદી જુદી યોજનાના ગામમાં દાખલ થાય | ૦૪ | ૦૮ |
| ૩. | વ્યક્તિ વિકાસમાં ઉપયોગી | ૦૮ | ૧૬ |
| ૪. | ખબર નથી | ૧૨ | ૨૪ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણવા મળે છે કે ગ્રામસભા દ્વારા ગામના પ્રશ્નોનું નિવારણ થાય છે એમ ૨૬ એટલે ૫૨ ટકા ઉત્તરદાતા જણાવે છે અને ગ્રામસભા દ્વારા જુદી જુદી યોજના ગામમાં દાખલ થાય એમ ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતા જણાવ છે, જયારે વ્યક્તિ

વિકાસમાં ઉપયોગી છે એમ ૮ એટલે ૧૬ ટકા ઉત્તરદાતા જણાવે છે. ખબર નથી તેવા ૧૨ એટલે ૨૪ ટકા ઉત્તરદાતા છે.

આ પ્રમાણે જોતા ગ્રામસભા દ્વારા ગામના પ્રશ્નોનું નિવારણ થાય એમ ૨૬ એટલે ૫૨ ટકા વધારેમાં વધારે ઉત્તરદાતા જણાવે છે, જયારે ઓછામાં ઓછા પ્રમાણના ઉત્તરદાતા ગ્રામસભા દ્વારા જુદી જુદી યોજના ગામમાં દાખલ થાય એમ જણાવે છે.

કોઠા નં.૭.૪૮

**ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા શું કરવું જોઈએ તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | દરેક ગામમાં ગ્રામસભા નિયમિત મળવી જોઈએ | ૦૪ | ૦૮ |
| ૨. | ગામના લોકોએ ભેગા મળીને ગામના પ્રશ્નો અંગે ચર્ચા કરવી. | ૧૮ | ૩૬ |
| ૩. | સરકાર દ્વારા જુદી જુદી વિકાસ યોજના, કાર્યક્રમો ગ્રામજનોએ ભેગા મળી અમલમાં મુકવા જોઈએ અને પાછળ રહેલા લોકોને આગળ લાવવા સાથ સહકાર આપવો. | ૨૮ | ૫૬ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા પ્રમાણે ગ્રામસભાને કાર્યશીલ બનાવવા માટે દરેક ગામમાં ગ્રામસભા નિયમિત મળવી જોઈએ એમ ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતા જણાવે છેઅને ૧૮ એટલે ૩૬ ટકા ઉત્તરદાતા ગામના લોકોએ ભેગા મળીને ગામના પ્રશ્નો અંગે ચર્ચા કરવી એમ જણાવે છે, જયારે ૨૮ એટલે ૫૬ ટકા ઉત્તરદાતા સરકાર દ્વારા જુદી જદી વિકાસ યોજના, કાર્યક્રમો ગ્રામજનોએ ભેગા મળી અમલમાં મુકવા જોઈએ અને પાછળ રહેલા ગ્રામજનોને આગળ લાવવા સાથ સહકાર આપવો જોઈએ એમ કહે છે.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતા ગ્રામસભાને કાર્યશીલ બનાવવા સરકાર દ્વારા જુદી જુદી યોજના, કાર્યક્રમો, તેમજ ગ્રામજનોએ ભેગા મળી અમલમાં મુકવા જોઈએ અને પાછળ રહેલ ગરીબ લોકોને આગળ લાવવા પ્રયત્ન કરવો જોઈએ એમ જણાવે છે, જયારે ઓછા પ્રમાણના ઉત્તરદાતા દરેક ગામમાં ગ્રામસભા નિયમિત મળવી જોઈએ એમ જણાવે છે.

### કોઠા નં. ૭.૪૯

**ગ્રામસભામાં લોકોની ભાગીદારી કઈ રીતે વધારી શકાય તે દર્શાવતો કોઠો.**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામસભા લોકોના અનુકુળ સમયે ભરવી | ૦૧ | ૦૨ |
| ૨. | ગ્રામસભા ભરાવવાની હોય તેની જાણ લોકોને અગાઉથી કરવી | ૦૮ | ૧૬ |
| ૩. | લોકોના પ્રશ્નો, સમસ્યાઓ સાંભળવી અને સંતોષકારકઉકેલ લાવવો. | ૩૭ | ૭૪ |
| ૪. | ગ્રામસભામાં બધીજ જાતિના લોકો ને બોલવાની તક આપવી. | ૦૪ | ૦૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરના કોઠા પરથી સ્ષ્ટ થાય છે કે ગ્રામસભામાં લોકોની ભાગીદારી વધારવા ગ્રામસભા લોકોના અનુકુળ સમયે ભરવી એમ ૧ એટલે ૨ ટકા ઉત્તરદાતા જણાવે છે અને ૮ એટલે ૧૬ ટકા ઉત્તરદાતા ગ્રામસભા ભરવાની હોય તેની જાણ લોકોને અગાઉથી કરવી જોઈએ એમ કહે છે, જયારે ૩૭ એટલે ૭૪ ટકા ઉત્તરદાતા લોકોના પ્રશ્નો, સમસ્યાઓ સાંભળવા અને સંતોષકારક ઉકેલ લાવવો એમ જણાવે છે. ૪ એટલે ૮ ટકા ઉત્તરદાતા ગ્રામસભામાં બધીજ જાતિના લોકોને બોલવાની તક આપવી જોઈએ.

આ પ્રમાણે જોતા વધારેમાં વધારે ઉત્તરદાતા ગ્રામસભામાં લોકોની ભાગીદારી વધારવા લોકોના પ્રશ્નો, સમસ્યાઓ સાંભળવી અને સંતોષ્કારક ઉકેલ લાવવો એમ કહે છે, જયારે ઓછા ઉત્તરદાતા ગ્રામસભા લોકોના અનુકુળ સમયે ભરવી એમ જણાવે છે.

### ~~કોઠા નં. ૭.૫૦~~

**ગ્રામસભાથી શું લાભ થા તે દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિ, કુટુંબ અને ગામનો વિકાસ થયો | ૨૧ | ૪૨ |
| ૨. | ગામ લોકોને રાજગારી મળી. | ૨૩ | ૪૬ |
| ૩. | ખબર નથી | ૦૬ | ૧૨ |

ઉપરના કોઠા પ્રમાણે જોતા ૨૧ એટલે ૪૨ ટકા ઉત્તરદાતા જણાવે છે કે ગ્રામસભાને લીધેઅમારો પોતાનો અને કુટુંબ, ગામનો વિકાસ થાય છે. ૨૩ એટલે ૪૬ ટકા ઉત્તરદાતાઓ જણાવેછે કે ગ્રામસભાને લીધે ગામ લોકોને રોજગારી મળી છે,જયારે ૬ એટલે ૧૨ ટકા ઉત્તરદાતાઓ એવા છે જેમને ગ્રામસભાને લીધે શું લાભ થયો એની ખબર નથી.

આ પ્રમાણે જોતા ગ્રામસભાને લીધે રોજગારી મળી એવા અભિપ્રાય આપનાર ઉત્તરદાતા વધારે છે, જયારે ઓછા પ્રમાણના ઉત્તરદાતાને આ અંગે ખબર નથી.

કોઠા નં.૭.૫૧

ગ્રામસભા ગ્રામપંચાયથી કઈ રીતે જુદી પડે છે તે દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | ગ્રામપંચાયતના સભ્યો કરતા ગ્રામસભાના લોકોનું પ્રમાણ વધુ હોય છે. | ૨૦ | ૪૦ |
| ૨. | ગ્રામપંચાયતમાં સભ્યો ચૂંટાયેલા હોય છે, જયારે ગ્રામસભામાં ચૂંટાયેલા સભ્યો હોતા નથી | ૧૬ | ૩૨ |
| ૩. | ખબર નથી | ૧૪ | ૨૮ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે ગ્રામસભા ગ્રામપંચાયતથી કઈ રીતે જુદી પડે છે તેના ૨૦ એટલે ૪૦ ટકા ઉત્તરદાતા જણાવે છે કે ગ્રામપંચાયતના સભ્યો કરતા ગ્રામસભાના લોકોનું પ્રમાણ વધુ હોય છે અને ૧૬ એટલે ૩૨ ટકા ઉત્તરદાતા કહે છે કે ગ્રામપંચાયતમાં સભ્યો ચૂંટાયેલા હોય છે, જયારે ગ્રામસભામાં ચૂંટાયેલા સભ્યો હોતા નથી, ખબર નથી તેવા ૧૪ એટલે ૨૮ ટકા ઉત્તરદાતા છે.

આ પરથી જાણી શકાય છે કે વધારેમાં વધારે ઉત્તરદાતા ગ્રામપંચાયતના સભ્યો કરતાં ગ્રામસભાના લોકોનું પ્રમાણ વધુ હોય છે તેમ જાણે છે, જયારે ઓછા પ્રમાણના ઉત્તરદાતાને તે અંગે ખબર નથી.

આમ ઉપર મુજબ ગ્રામજનોએ ગ્રામસભા અંગે પોતાના અભિપ્રાયો જણાવ્યા છે. તેના પરથી ખ્યાલ આવે છે કે હજુ તેમને ગ્રામસભા અંગે વધારે જાણકારી આપી જાગ્રત કરવા પ્રયત્ન કરવાની જરૂર છે.

# પ્રકરણ - ૮

# તારણો અને સૂચનો

## પ્રકરણ - ૮

# તારણો અને સૂચનો

૭૩મા બંધારણીય સુધારાએ આખા દેશમાં પંચાયતીરાજ દ્વારા ગ્રામસ્તર પર સ્વશાસન માટે એક બંધારણીય તક ઊભી કરી છે. ૭૩મા બંધારણીય સુધારાને આધારે રાખીને ઘડાયેલા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩માં પંચાયતને સ્થાનિક સ્તરે મજબૂત કરતી ઘણી મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. જેમકે દરેક સ્તરની પંચાયતમાં દરેક હોદા પર એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત, દલિતો તથા અન્ય પછાતવર્ગો માટે તેમની વસ્તીના ધોરણે અનામત બેઠકો, રાજ્ય ચૂંટણીપંચ તથા રાજ્ય નાણાપંચની જોગવાઈઓતેમજ પંચાયત ધારા મુજબ ગ્રામસભા વર્ષમાં બે વાર બોલાવવી ફરજિયાત છે. આ બંધારણીય જોગવાઈને ગુજરાત પંચાયત ધારાની કલમ-૪માં મૂકવામાં આવી છે, ગ્રામસભા એટલે આગળના પ્રકરણમાં જોયું તેમ પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા ગ્રામસભાને ગ્રામપંચાયતના કાર્યો સંબંધી અગત્યના નિર્ણયો લેવાય તે માટે જરૂરી સત્તા આપવામાં આવી છે. પ્રથમ ગ્રામસભા દરેક નાણાંકીય વર્ષના મે માસના અંત સુધીમાં બોલાવવી ફરજિયાત છે. આ ગ્રામસભામાં ગયા વર્ષના હિસાબો તથા કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. બીજી ગ્રામસભા નવેમ્બર માસમાં ભરવામાં આવે છે અને તેમાં આવતા વર્ષનું આયોજન થાય છે. આ બન્ને ગ્રામસભામાં લોકભાગીદારી રહેશે તો પંચાયતની પારદર્શકતા તથા જવાબદારી બની રહેશે.

ભારત સરકાર આ વર્ષે ગ્રામસભા વર્ષ ઉજવી રહી છે તે નિમિત્તે વિકાસ કમિશ્નર ગાંધીનગર દ્વારા કેન્દ્રને ગ્રામસભાનો મૂલ્યાંકન અભ્યાસ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. કેન્દ્ર દ્વારા ગુજરાત રાજયના કુલ પાંચ જિલ્લામાં આ મોજણી કાર્ય કરવામાં આવ્યું છે. આ મોજણી અભ્યાસ આધારિત તારણો તથા સૂચનો નીચે મુજબ જણાયા છે.

**તારણો :**

(૧) ગ્રામસભાનો અર્થ જાણે છે તેમ ૮૦ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું છે. માત્ર ૨૦ ટકા ઉત્તરદાતા ગ્રામસભાનો અર્થ નથી જાણતા એમ અભ્યાસમાં જાણવા મળ્યું છે. પરંતુ ઉતતરદાતાઓ જે અર્થ જાણે છે તે હજુ અસ્પષ્ટ છે સંપૂર્ણ નથી. પણ ઓછામાં ઓછુ તેટલું તો બધા જાણે જ છે કે 'ગામના વિકાસના કાર્યો માટે સભા ભરાય છે.' અનો મોટે ભાગે પંચાયતની કચેરીમાં જ ગ્રામસભા ભરાય છે. ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના ગ્રામજનોની સભા એટલે ગ્રામસભા એવુ બહું ઓછા લોકો જાણે છે.

(૨) ગ્રામસભામાં હાજર રહેતા અને ખાસ કરીને નિયમિત હાજરી આપતા લોકોનું પ્રમાણ ઘણું ઓછું છે, તેના ઘણા કારણો જાણવા મળ્યા તે નીચે મુજબ છે.

(અ) કેટલીક જગ્યાએ લોકોને અગાઉથી સભા ભરાવાની છે તેની જાણ જ નથી કરવામાં આવતી. દા.ત. સાબરકાંઠાના પોશીના વિસ્તારમાં તેમજ વલસાડના કેટલાક ઊંડાણના ગામોમાં અમે ક્ષેત્રકાર્ય દરમ્યાન ગ્રામસભા જોવા ગયેલા પણ સભા ભરાય નથી. બે-ચાર આગેવાનો સિવાય કોઈ આવ્યું નહી.લોકોને પૂછતાં જાણવા મળ્યું કે તેમને કોઈએ જાણકારી નથી.

(બ) કેટલીક જગ્યાએ સરપંચ કે તલાટી પોતે રસ લેતા નથી તેથી ગ્રામસભા ભરાતી નથી. ક્યારેક તાલુકા સ્થળેથી અધિકારીઓ રસ લેતા નથી તેથી લોકોને ઘણી મુશ્કેલી પડે છે. તેમના પ્રશ્નો અંગે તેમની વાત સાંભળવાવાળું કોઈ નથી તેમ તેઓ જણાવે છે.

(ક) કેટલાક ગામોમાં લોકોને પૂછતા જાણવા મળ્યું કે અમને સરકારી યોજના અંગે પૂરી માહિતી મળતી નથી. તેથી અમને કંઈ મળતું નથી. ઘણા ધક્કા ખાવા છતાં અમારુ કામ થતું નથી તેથી અમે સભામાં જતા નથી. દા.ત. પોશીનાના એક ઊંડાણના ગામમાં હેન્ડપંપ તૂટી ગયો છે પણ હજુ કોઈ રીપેર કરવા આવતું નથી. લોકો પીવાના પાણીની મુશ્કેલી ભોગવી રહ્યા છે.

(૩) કેટલાક ગામોમાં માત્ર લોકોની સહી કરાવી લે છે અને ગ્રામસભા થઈ ગઈ તેમ કાગળ પર બતાવી દેવાય છે. હકીકતમાં ગ્રામસભા ભરાઈ હોતી નથી. જોકે ગ્રામસભા લોકો માટે નવી બાબત હોવાથી હજુ તેમને સમજતા વાર લાગશે. તેમની વાત સાંભળવામાં આવે અથવા તેમનું કામ કરી આપવામાં આવે તો તેમને વિશ્વાસ જાગશે તો તેઓ આવતા થશે.

(૪) લોકોમાં શિક્ષણ ઓછું છે પરીણામે તેમને નવા કાયદા વિષે કે યોજનાઓ વિષે પૂરતી જાણકારી ન હોવાથી તેઓનો ઉત્સાહ ઓછો જણાયો છે તેવું લાગે છે.

(૫) સામાન્ય રીતે ગ્રામસભા ભરાવાની જાણ સાત-આઠ દિવસ પહેલા પટાવાળા દ્વારા કરવામાં આવે છે છતાં લોકો મજૂરીએ ગયેલા હોવાથી તેમને ખબર હોતી નથી. વળી ક્યારેક તેઓ કામ પરથી થાકીને આવે એટલે કેટલાક લોકો સભામાં જવાનું ટાળતા હોય તેમ જણાય છે.

(૬) લોકોના અનુકૂળ સમયે બપોરે કે રાત્રે ગ્રામસભા ભરવામાં આવે છે ત્યાં લોકોની હાજરી સારી હોય છે. દા.ત. અમે ક્ષેત્રકાર્ય દરમ્યાન કચ્છ અને વડોદરા જિલ્લામાં ગ્રામસભામાં સારી સંખ્યામાં લોકો હાજર રહીને પોતાના પ્રશ્નો અંગે બરાબર ચર્ચા કરતા જોયેલા. સ્ત્રીઓ અને પછાત લોકો પણ સારી હિંમતથી ચર્ચા કરતા હતા. અહીં જો તાલુકા સ્થળના અધિકારીઓપણ જાતે હાજર રહે તોતેનું વજન સારૂં પડે છે અને લોકોનું કામ વધારે સારી રીતે આગળ ધપે તેવું લાગે છે.

(૭) ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી અંગે હજુ સ્ત્રીઓ સંકોચ અને શરમને કારણે જાહેરમાં ભાગ લેતી નથી. તેમજ ઓછું બોલે છે. તેથીતેમની હાજરી ઓછી જણાય છે. સ્ત્રીઓમાં શિક્ષણ પણ ઘણું ઓછું લે.તેમને હજુ વધુ તાલીમની જરૂર છે. સામાજિક રીતરિવાજને કારણે વડીલોની હાજરીમાં સ્ત્રીઓ બોલી શકતી નથી.

(૮) ગ્રામસભામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ, સામાન્ય વગેરે બધીજ જાતિના લોકો ઓછાવત્તા પ્રમાણમાં ભાગ લેતા જોવા મળ્યા છે. તેમાં કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી. ચર્ચામાં તેમનીવાત સાંભળવામાં આવે છે પણ કામ બહુ ઓછું થાય છે તેવી તેઓની ફરિયાદ જોવા મળી છે.

(૯) ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા લોકભાગીદારી વધારવી અને તે માટે લોકોને અગાઉથી સભા ભરાવાની જાણ બરાબર કરવી તેમજ તેમના અનુકૂળ સમયે ભરવી જેથી સૌ આવી શકે. ગ્રામસભાને લીધે ગામના લોકોને પહેલા કરતા ઘણો લાભ થયો છે. રસ્તા નવા બન્યા છે, હેન્ડપંપો નંખાતા જાય છે. શાળાના ઓરડા બન્યા છે તેમજ કેટલાક ગરીબ લોકોને આવાસ યોજનાનો લાભ મળ્યો છે. છતાં હજુ કેટલાક ગરીબ લોકો તેનાથી વંચિત રહી ગયા છે. તેમને પણ લાભ મળે તો સારું તેમ તેઓ જણાવે છે.

(૧૦) ગ્રામસભાને લીધે વ્યક્તિ અને કુટુંબ તેમજ ગામનો વિકાસ થયો છે તેમ ઉત્તરદાતાઓ જણાવે છે. જે વ્યક્તિ ગ્રામસભામાં ભાગ લે છે તેમને જુદી જુદી યોજનાઓ વિષે તેમજ નવા વિકાસના કાર્યો અંગે જાણવા મળે છે. જેમકે કચછના ગામોમાં તાલુકા સ્થળેથી અધિકારીઓ ગ્રામસભામાં જઈ લોકોને જાણકારી આપે છે. તેમજ ગામના વિકાસના કાર્યોમાં રસ લે છે તેથી લોકો પણ સભામાં આવી ચર્ચામાં ભાગ લે છે અને ગામોમાં પણ રસ્તા, શાળાના ઓરડા, હેન્ડપંપ વગેરેની સુવિધાઓ મળે છે.

(૧૧) કેટલાક ઊંડાણના ગામોમાં હજુ વાહનવ્યવહારની ખૂબજ અગવડ છે તેથી લોકોને ખૂબ તકલીફ પડે છે. ખાસ કરીને સ્ત્રીઓને નાના બાળકને તેડીને તેમજ સામાન ઊંચકીને ચાલતા આવવું પડે છે. બસની સુવિધા શરૂ કરવામાં આવે તો સારૂ તેમ તેઓએ જણાવ્યું છે.

(૧૨) મોટાભાગના લોકોની ફિરયાદ જાણવા મળી કે આરોગ્ય કેન્દ્ર નથી અથવા છે ત્યાં ડોકટર કે નર્સ નથી. ખાસ કરીને મહિલાઓની ફરિયાદ છે કે પ્રસુતિ વખતે ખૂબ મુશ્કેલી પડે છે. દરેક ગામમાં આરોગ્ય કેન્દ્ર તથા ડોકટર અને નર્સની વ્યવસ્થા થાય તો સારૂં એમ તેઓ જણાવે છે.

(૧૩) ગ્રામસભામાં કોઈ વિરોધ કે તોફાન થાય તો ગામના આગેવાનો ભેગા મળીને સમાધાન કરાવે છે.

(૧૪) ન્યાય સમિતિની વ્યવસ્થા હજુ બધા ગામમાં જોવા મળતી નથી. પરંતુ લોકોને પંચ તેમજ આગેવાનો મળી સંતોષકારક ન્યાય આપે છે.

(૧૫) ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની હાજરીની નોંધ રાખવામાં આવે છે. પરંતુ કેટલાક ગામોમાં એ કાર્ય વ્યવસ્થિત થતું નથી.

(૧૬) ગ્રામસભામાં જાગૃત અને શિક્ષિત લોકો રસ લે છે. બીજા લોકો ઓછો રસ લે છે. ક્યારેક આવે ક્યારેક ન આવે તેવું જોવા મળે છે.

(૧૭) ગ્રામસભાને સુદઢ અને અસરકારક બનાવવા ગ્રામસભા નિયમિત ભરવી. લોકોને અગાઉથી જાણકારી આપવી અને તેમના કાર્યો અને પ્રશ્નોને અગ્રીમતા આપવી તો તેઓ ઉત્સાહથી ભાગ લેતા થશે. તેવી જરીતે લોકોએ પણ પોતાના ગામના કામ માટે ગ્રામસભામાં હાજર રહીને પૂરો રસ લઈ બધુ જાણવું અને જાગૃત બની સહકાર આપવો જરૂરી છે.

(૧૮) કોરમના અભાવે ગ્રામસભા મુલત્વી રાખવામાં આવે છે. ક્યારેક ફરીથી ભરવાને બદલે માત્ર કેટલાક લોકોની સહી લઈ ગ્રામસભા થઈ ગઈ તેવું બતાવી દેવામાં આવે છે. જેથી લોકોનું કામ થતું નથી.

આમમ એકંદરે સમગ્ર અભ્યાસ પરથી જણાય છે કે ગ્રામસભા નિયમિત રીતે બહુ ઓછા ગામોમાં ભરાય છે, લોકોમાં શિક્ષણ તેમજ જાગૃતિ ઓછા હોવાને લીધે તેમજ સરપંચ તથા તલાટી તેમજ તાલુકા સ્થળના અધિકારીઓનો ઓછા ઉત્સાહને કારણે ગ્રામસભાનું

કાર્ય સમગ્ર ગુજરાતમાં વ્યવસ્થિત થતું નથી તેવું જણાવે છે. થોડી વધારે કાળજી અને ચીવટથી જો કાર્ય થાય તો વધારે સારી રીતે કામ થઈ શકે. અને લોકોનો તેમજ ગામડાઓનો વિકાસ થઈ શકે. ગ્રામસભાની કામગીરી અંગે કેલાક ગામોમાં નિરાશાજનક ચિત્ર જોવા મળે છે. કાયદાની જોગવાઈ મુજબ નિયમિત રીતે મળતી નથી. મિટિંગ થાય તો તેમાં પૂરતા સભ્યોની હાજરી હોતી નથી. જે હાજર રહે છે તેમાં દલીતો, મહિલાઓ અને અનુસૂચિત જાતિના જનજાતિનાં સભ્યોની હાજરી ઓછી રહે છે.

કેટલીક જગ્યાએ માત્ર પેપર પરજ ગ્રામસભા થાય છે. વ્યવહારમાં ગ્રામસભા બહુ ઓછી જગ્યાએ થાય છે. દરેક પંચાયતમાં તેમના કામમાં સહયોગ માટે સમિતિઓની રચના કરવામાં આવી છે. પરંતુ ભાગ્યે જ કોઈ જગ્યાએ સમિતિઓ અસરકારક રીતે કામગીરી ભજવે છે. જવાબદારીઓ સાથે સત્તા ના હોવાથી તથા સંકલનના અભાવને કારણે સમિતિઓ કાર્ય કરી શકતી નથી.

અભ્યાસ દરમયાન લોકો કાર્યકરો, પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ તેમજ અમારી મુલાકાત અને નિરીણક્ષના આધારે કેટલાક સૂચનો અહીં મૂક્યા છે.

**સૂચનો :**

(૧) ગ્રામસભા અંગે લોકોને વધારે જાણકારી મળે તેમજ જાગૃતિ આવે તે માટે શિબિરો, પ્રદર્શનો વગેરે યોજવા.

(૨) ગ્રામસભા બે વાર ને બદલે વધારે વાર અને જયાં બિલકુલ નથી મળતી ત્યાં મળતી થાય તે માટે લોકોને ગામના યુવાનો કે કાર્યકરો દ્વારા ફળિયે ફળિયે લોકોને મળીને તૈયાર કરવા.

(૩) જૂથ ગ્રામપંચાયતોની જે એક સાથે ગ્રામસભા ભરાય છે તેના બદલે એક એક ગામની જ ગામદીઠ ગ્રામસભા ભરવી કારણકે દરેક ગામના પ્રશ્નો અલગ હોય છે.

(૪) ગ્રામસભાને વધારે સત્તા આપવી. ગ્રામસભામાં હાજરી ન આપે તેવા મતદારોને વધુ સમજાવવા જરૂર પડયે કોઈ નિયમો લાદવા. જેથી બધા મતદારો ગ્રામસભામાં હાજરી આપતા થાય.

(૫) ગ્રામસભા ભરાવાની હોય તેના આઠ દિવસ પહેલા દરેકે દરેક ગ્રામજનને ખબર પહોંચાડવી તેમજ લોકોના (સ્ત્રી/પુરુષ) અનુકૂળ સમયે તેમજ સ્થળે ગ્રામસભા રાખવી.

(૬) સરપંચ બને ત્યાં સુધી પ્રાથમિક શિક્ષણ લીધેલો હોવો જોઈએ. જેથીતે પંચાયતના કાર્ય અંગે બધું જાણી શકે અને તેનો અમલ યોગ્ય રીતે કરી શકે.

(૭) મોટા ગામોમાં ફળિયાદીઠ ગ્રામસભા રાખવી. તાલુકા અને જિલ્લા પંચાયતના અધિકારીઓ તથા પદાધિકારીઓ પણ સત્તા છતાં ગ્રામસભા માટે ઉદાસીન જણાય છે તેને દૂર કરી ગ્રામવિકાસ અને નબળા વર્ગોની અનેકવિધ યોજના લોકો સુધી પહોચાડવા અને લોકવહીવટની સફળતા માટે ગ્રામસભાને સક્રિય કરવી જ જોઈએ.

(૮) ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં તો ગ્રામસભા પંચાયતના વહીવટની તપાસ કરવા "તકેદારી સમિતિ" રચી શકે છે તેવી જોગવાઈ છે તેવી રીતે પંચાયતનું બજેટ વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલની મંજૂરીની સત્તા ગ્રામસભાને આપવી જોઈએ.

(૯) ગ્રામસભામાં કોરમ ન થાય ત્યારે ગ્રામસભા મુલતવી રાખી અને નવા એજંડા બહાર પાડીને બીજી તારીખ નક્કી કરી લોકોને અનુકૂળ સમય અને સ્થળે ભરવી જોઈએ.

(૧૦) ગ્રામસભામાં તાલુકા સ્થળેથી અધિકારીઓની હાજરી ફરજિયાત હોવી જોઈએ જેથી તલાટી અને સરપંચ લોકો સાથે મનફાવે તેવું વર્તન કરી શકે નહિ. લોકોને સંતોષકારક જવાબ મળે.

(૧૧) ગ્રામસભાને વધારે કાર્યશીલ બનાવવા ગ્રામપંચાયતના સભ્યો તેમજ ગ્રામજનો સૌએ સહકાર અને સંપથી કાર્ય કરવું જોઈએ અને ગ્રામસભામાં બધાએ નિયમિત હાજરી આપવી જોઈએ. આ કાર્ય માત્ર સરકારનું નથી કે નથી લોકોનું સૌએ મળીને કાર્ય કરવાનું છે તોજ ગામનો વિકાસથઈ શકે.

(૧૨) અભ્યાસના આધારે જણાયું છે કે મહિલા સરપંચો અથવા ગ્રામપંચાયતના સભ્યોને હજું ઘણી તાલીમની જરૂર છે. તેઓ કુટુંબની જવાબદારીને કારણે ગાંધીનગર સુધી તાલીમમાં આવી શકતી નથી. તોતેમને માટે તેમના તાલુકા સ્થળે તાલીમની વ્યવસ્થા કરવી.

(૧૩) ગ્રામસભામાં મોટેભાગે શિક્ષિત લોકો તેમજ જાગૃત નાગરિકો ભાગ લે છે તો આવા શિક્ષિત લોકો દ્વારા તેમનો જ ગામના પછાત અને આ સભા અંગે અજાણ એવા લોકોને સમજાવીને ગ્રામસભામાં ભાગ લેતા કરે.

(૧૪) ગ્રામસભામાં એકંદરે ઉચ્ચ જ્ઞાતિના તેમજ આર્થિક રીતે સદ્ધર લોકો વધારે ભાગ લે છે પણ સાથે સાથે ગરીબ લોકો પછાત જાતિના લોકોપણ ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી. જેથી તેમના પ્રશ્નો જાણી તેમને વિકાસમાં આગળ લાવી શકાય.

(૧૫) તલાટીઓને એકથી બે ગામની જ જવાબદારી સોંપવી. અત્યારે ચાર-પાંચ ગામોની જવાબદારી હોવાથી બધે તેઓ કામને ન્યાય આપી શકતા નથી તેમ તેઓનું કહેવું છે.

આમ અભ્યાસના આધારે કેટલાક ઉપર મુજબના સૂચનો જાણવા મળ્યા છે. આમ તો પંચાયતો સરકારી યોજનાઓ જેવી કે ગોકુલગ્રામ યોજના, સરદાર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના, વિધવા સહાય યોજના, કુંવરબાઈનું મામેરૂં, સિલાઈ મશીન, હેન્ડપંપ, શાળના ઓરડા, તળાવોનું ખોદકામ વગેરેનાં કાર્યો કરે છે. આ કાર્યો માટે પંચાયતને લોકોનો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થાય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. એટલે કે લોકોનો સહકાર મળે તો ગામના વિકાસનો કાર્યો વધારે સારી રીતે થઈ શકે. જો ગામમાં પક્ષાપક્ષી હોય એટલે કે બધા વચ્ચે સંપ ન હોય તો ગામનો વિકાસ અટકે છે. તે એક ગામમા પ્રત્યક્ષ જોવા મળ્યું. બે ગામને જોડતો એક પુલ બનાવવાના પૈસા મંજૂર થયેલા હોવા છતાં ગામમાં બે પક્ષ પડી ગયા હોવાથી કામ થઈ શકતું નથી. પ્રજા સક્ષમ બની પોતાનો ફાળો આપે તો જરૂર સારો વિકાસ થઈ શકે અને સાચા અર્થમાં સત્તાનું વિકેન્દ્રીકરણ શક્ય બને. તમામ ગામડાઓમાં સ્થાનિક કક્ષાએ વિચાર કરી આયોજન કરવામાં આવે ગામ, તાલુકા અને જિલ્લાના પ્રશ્નોને સમજી બધાના સહકારથી કાર્ય થાય તો ઘણો વિકાસ થઈ શકે. આ પ્રશ્નોને સમજતી વખતે ગામના સામાજિક, આર્થિક તથા રાજકીય સ્તરને સમજી ગ્રામણી વિકાસની વ્યૂહરચના ઘડવાની, તમામ પ્રકારના શોષણ સામે જાગૃત કરી સંગઠિત કરવાની, પ્રજાના પ્રતિનિધિઓને કાર્યક્ષમ તથા અસરકારક બનાવવાની, પ્રજાતંત્રના તમામ માળખામાં પ્રમાણિકતા અને નિષ્ઠા દ્વારા પ્રાણ પૂરવાની, નવા કાયદાને સમજી પંચાયતને વધુ મજબુત બનાવી પ્રજાને વિકાસપંથે દોરી શકાય તેવી તાકાત ઊભી કરવી તો ગામ અને પ્રજા બંને સુખી થશે. આજે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ ગ્રામસભા માટે લોકજાગૃતિનું કામ સંભાળી લીધુ છે તેને કારણે ત્યાં ગ્રામસભા ભરાતી થઈ છે અને લોકો તેમાં જતા થયા છે. તેમજ તેમના ગામનો વિકાસ સારી રીતે થઈ શક્યો છે, પણ હજુ ઘણાં ઊંડાણના ગામોમાં આ કાર્ય કરવાનું બાકી છે.